દૈનિક મુંબઈ સમાચાર
મધ્ય ગુજરાત આવૃત્તિ
૨૦૫ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 216 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ વદ-૩૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 September 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ‘ભારતીયો અમેરિકા છોડો’

## યુએસ હૉમલૅન્ડ સિક્યોરિટીની ‘મિસ્ટર સિંહ અમેરિકામાંથી જાતે જ નીકળી જાઓ’ જાહેરખબરથી મોટો વિવાદ

નવી દિલ્હીઃ અમેરિકાના હૉમલૅન્ડ સિક્યોરિટી (ડીએચએસ)ની જાહેરખબરમાં બ્રાઉન દાઢીવાળા એક માણસને બતાવીને કહેવાયું હતું કે ‘મિસ્ટર સિંહ’ અમેરિકામાંથી જાતે જ નીકળી જાઓ.

અમેરિકામાંના શીખ લોકો સહિતના હિંદુઓ દ્વારા આ જાહેરખબરનો જોરદાર વિરોધ કરાઇ રહ્યો છે. અમેરિકાના હૉમલૅન્ડ સિક્યોરિટી દ્વારા સોશ્યલ મીડિયા ‘એક્સ’ પર મુકાયેલી આ જાહેરખબરમાં આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ) દ્વારા તૈયાર કરાયેલી તસવીર અને વીડિયો મુકાયા છે. અમેરિકામાં લાઇસન્સ વિના ટ્રક ચલાવતા વિદેશી ડ્રાઇવર્સ સામેની ઝુંબેશના ભાગરૂપે આ જાહેરખબર મુકાઇ હોવાનું કહેવાય છે.

જાહેરખબરમાં એઆઇ દ્વારા તૈયાર કરાયેલા બ્રાઉન દાઢીવાળા માણસની તસવીરની નીચે લખાયું છે કે મિસ્ટર સિંહ અમારા રસ્તા પરથી હટી જાઓ. તમને વાહન ચલાવતા નથી આવડતું.

અમેરિકાના હૉમલૅન્ડ સિક્યોરિટી દ્વારા જાહેરખબરમાં ટ્રાન્સફૉર્મર ફ્રેન્ચાઇઝમાં વિદેશી નાગરિકોને છોડાવવાનો પ્રયાસ કરતું પાત્ર ‘મેગાટ્રોન’ બતાવાયું છે. મેગાટ્રોન માર્ગ અકસ્માતો અને અન્ય ગુનામાં સંડાવોયાલા ટ્રક ડ્રાઇવર્સ - હરજિન્દર સિંહ, રાજિન્દર સિંહ, બેક્ઝહાન બેઇશેકીવ, અખરોર બોઝોરોવ અને જસવીર સિંહને છોડાવવાની કોશિશ કરે છે.

અમેરિકાના હૉમલૅન્ડ સિક્યોરિટીની ‘એક્સ’ પરની પૉસ્ટમાં લખાયું હતું કે જો તમે આ દેશમાં દુશ્મનાવટભર્યા અભિગમ સાથે આવશો, તો અમે અમારો બચાવ કરીશું. અમે અમેરિકનવાદનું રક્ષણ કરીશું. અમે આમારી માતૃભૂમિનું રક્ષણ કરીશું. ડીએચએસની અન્ય પૉસ્ટમાં ટ્રાન્સફૉર્મર ફ્રેન્ચાઇઝનું મુખ્ય પાત્ર ‘ઑપ્ટિમસ પ્રાઇમ’ ડીએચએસના ચિહ્ન સાથે દર્શાવાયું છે. તેને બ્રાઉન દાઢીવાળા માણસ સાથે ઝઘડતો દર્શાવાયો છે અને સંદેશો લખાયો છે કે જાતે જ અમેરિકા છોડી દો અથવા તમને શોધીને દેશનિકાલ કરીશું.

જાહેરખબરમાં ‘મિસ્ટર સિંહ’ના કરાયેલા ઉલ્લેખનો અમેરિકામાંના શીખ લોકો સહિતના હિંદુઓ જોરદાર વિરોધ કરી રહ્યા છે. હિંદુ અમેરિકન ફાઉન્ડેશને જણાવ્યું હતું કે શીખ લોકો હિંદુ જ છે. તેઓ અમેરિકાના નાગરિકો પણ છે. ડીએચએસની આ જાહેરખબર હિંદુઓ અને ખાસ કરીને ભારતીયો-વિરોધી છે. (એજન્સી)■




## ટ્રમ્પની ‘લાડકા અમેરિકન’ યોજના

▸ ચૂંટણી જીતશે તો બધા પુખ્ત અમેરિકનને ૫,૦૦૦ ડૉલર આપશે

ફીનિક્સ (અમેરિકા): અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે મતદારોને લલચાવવા જાહેરાત કરી હતી કે મધ્યસત્ર ચૂંટણીમાં જો રિપબ્લિકન્સ હાઉસ અને સેનેટનો અંકુશ જાળવવામાં સફળ થશે, તો અમેરિકાના પુખ્તવયના દરેક લોકોને ૫,૦૦૦ ડૉલર આપીશું.

અખાતના યુદ્ધ અને અમુક નીતિને કારણે અમેરિકામાં ટ્રમ્પની લોકપ્રિયતા ઘટી રહી છે, એવા સમયે ટ્રમ્પે ચૂંટણી જીતવા આ યુક્તિ અજમાવી છે.

ટ્રમ્પને આ વચન પૂરું કરવા માટે એક ટ્રિલ્યન ડૉલરથી વધુની રકમ જોઇશે અને તેના માટે કૉંગ્રેસની મંજૂરી પણ જરૂરી છે. આ ઉપરાંત, તેને લીધે અમેરિકાના વાર્ષિક બજેટમાંની અંદાજે ૧.૮ ટ્રિલ્યન ડૉલરની ખાધમાં ભારે વધારો થશે તેમ જ ફુગાવો પણ વધી શકે છે.

અમેરિકાના પ્રમુખે ડલાસ ખાતેના ગ્રાન્ડ ઑલ્ડ પાર્ટી (જીઓપી) એટલે કે રિપબ્લિકન પાર્ટીના સંમેલનમાં જાહેરાત કરી હતી કે જો રિપબ્લિકન્સ (ચૂંટણીમાં) જીતશે, તો તમે પણ તેની સાથે જીતશો અને તમને ૫,૦૦૦ ડૉલર મળશે.

ટ્રમ્પની આ જાહેરાતના થોડા કલાક પછી ઉપપ્રમુખ જે. ડી. વૅન્સે સ્પષ્ટતા કરી હતી કે શ્રીમંતોને ડિવિડન્ડ નહિ ચૂકવાય. આ ચુકવણી અમેરિકાને ટૅરિફમાંથી થતી આવકમાંથી કરાશે. અમેરિકાના પ્રમુખ અને ઉપપ્રમુખના આ નિવેદનોના સંબંધમાં વાઇટ હાઉસે કોઇ ખુલાસો નહોતો કર્યો.

રિપબ્લિકન પાર્ટીએ નાગરિકોને આવી રકમ ચૂકવવા માટે કૉંગ્રેસની સંમતિ લેવી જરૂરી છે. અમેરિકાની સર્વોચ્ચ અદાલતે ગયા વર્ષે ટ્રમ્પના ટૅરિફ પ્રૉગ્રામને રદબાતલ કરતો ચુકાદો આપ્યો હતો. અમેરિકાના પુખ્તવયના બધા લોકોને ૫,૦૦૦ ડૉલર આપવા માટેની કુલ રકમ અમેરિકાને ટૅરિફ દ્વારા થતી આવકથી ઘણી વધુ છે.

અમેરિકાનું રાષ્ટ્રીય કરજ ગયા મહિને વધીને ૪૦ ટ્રિલ્યન ડૉલર થઇ ગયું હતું. અમેરિકાનું આટલું બધું દેવું પ્રથમ વખત થયું હતું. (એજન્સી)■

## સાત વર્ષે ચીનના પ્રમુખ ભારત આવશે

▸ રવિવારથી શરૂ થતી બ્રિક્સની બેઠકમાં ભાગ લેવા શી જિનપિંગ નવી દિલ્હી આવશે ત્યારે મોદી સાથે દ્વિપક્ષી મંત્રણા પણ કરશેઃ ગલવાન સંઘર્ષ પછી પહેલી મુલાકાતઃ પુતિન અને ઇરાનના પ્રમુખ પણ બ્રિક્સ સમિટમાં હાજરી આપવાના છે

નવી દિલ્હીઃ ચીનના પ્રમુખ શી જિનપિંગ ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં યોજાનારી ૧૮મી ‘બ્રિક્સ’ સમિટમાં ભાગ લેવા ભારત આવશે. તેઓ અંદાજે સાત વર્ષ પછી પ્રથમ વખત ભારતની મુલાકાતે આવી રહ્યા છે. આટલું જ નહીં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન સહિત બ્રિક્સ દેશોના વડાઓ બેઠકમાં હાજરી આપવાના છે અને આ બેઠકને લીધે અમેરિકાના પેટમાં તેલ રેડાશે એ નક્કી.

ચીનના વિદેશ મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું કે શી જિનપિંગ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના

(જુઓ પાનું ૨) ▸▸




**આખરી સ્પર્શઃ** પંજાબના અમૃતસરમાં બ્રિક્સની ૧૮મી આવૃત્તિ પહેલાં આર્ટિસ્ટ સભ્ય દેશોના નેતાના પોર્ટ્રેટને આખરી સ્પર્શ દઈ રહ્યો હતો.

## ક્રૂડ ૧૦૫ ડૉલરની પાર

▸ ઑઈલના ભાવ નવેમ્બર પહેલાં નહીં ઘટે એવું ટ્રમ્પ કહે છે

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સાફ શબ્દોમાં કહ્યું છે કે ઇરાન સાથેના યુદ્ધને લીધે વધેલા તેલના ભાવ નવેમ્બરની વચગાળાની ચૂંટણી પહેલાં નહીં ઘટે.

અમેરિકામાં ખનીજ તેલનો ભાવ ગુરુવારે મે પછી પહેલી વાર ૧૦૦ ડૉલરના આંકડાને વટાવી ગયો હતો. અમેરિકા અને ઇરાન વચ્ચેની લડાઈનો અંત આવવાના કોઈ એંધાણ ન હોવાથી આ ભાવ વધ્યો છે. આંતરરાષ્ટ્રીય ધોરણના બ્રેન્ટ ક્રૂડના ભાવ એક બેરલદીઠ ૧૦૫ ડૉલર થઈ ગયો છે. બુધવારે તેલના ભાવમાં ત્રણ ટકા ઉછાળો આવ્યો હતો અને જુલાઈ પછી પહેલી વાર બ્રેન્ટ ક્રૂડના આંતરરાષ્ટ્રીય ભાવ ૧૦૦ના આંકડાને વટાવી ગયા હતા. અમેરિકા અને ઇરાન વચ્ચેનું યુદ્ધ ભીષણ બનતા આમ થયું છે.

રિપબ્લિકન પાર્ટીના ચૂંટણી સંમેલન માટે ડલાસ જતા ટ્રમ્પે પત્રકારોની વાતચીતમાં કહ્યું હતું કે હું માનું છું કે ઇરાન અમેરિકાની વચગાળાની ચૂંટણી પછી ફૂણું પડશે.

ટ્રમ્પે વધુમાં કહ્યું હતું કે ઇરાનીઓ ચૂંટણીને પ્રભાવિત કરવા મરણિયા છે જેથી અમેરિકામાં નબળા લોકો સત્તા પર આવે અને તેમને અણુ હથિયારો બનાવવાની છૂટ આપે. હું માનું છું કે ઇરાન ટકી શકે એમ ન હોવાથી વચગાળાની ચૂંટણી પછી યુદ્ધ ખતમ થઈ જશે. પ્રમુખે યુદ્ધ શરૂ થયું ત્યારે કહ્યું હતું કે આ ફક્ત અઠવાડિયાઓ ચાલશે. જો કે, હવે આ યુદ્ધ સાતમા મહિનામાં પ્રવેશ્યું છે. અમેરિકા અને ઈઝરાયલે ઇરાન સામે છેડેલા યુદ્ધને પગલે હોર્મુઝ સમુદ્રધુની બંધ થઈ ગઈ છે અને ગલ્ફમાંથી તેલની નિકાસ બંધ થઈ ગઈ છે. આ જળમાર્ગ પર કબજો જમાવવા જોરદાર યુદ્ધ ચાલુ છે. (એજન્સી)■

## જંક ફૂડ આરોગ્ય માટે જોખમીઃ સુપ્રીમ કોર્ટ

▸ ટૂંક સમયમાં માર્ગદર્શિકા જાહેર કરાશે

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે બહુ નમક, ખાંડ અને ફૅટ (ચરબી) ધરાવતા જંક ફૂડ (અલ્ટ્રા પ્રૉસેસ્ડ ફૂડ પ્રૉડક્ટ્સ) લોકોના, ખાસ કરીને વિકસી રહેલા બાળકોના આરોગ્ય માટે બહુ જ જોખમી હોવાનું કહીને આ મુદ્દાને ‘રાષ્ટ્રીય હિત’નો ગણીને પગલાં લેવાની ભલામણ કરી હતી તેમ જ જણાવ્યું હતું કે અમે થોડા દિવસમાં સંબંધિત ચુકાદો અદાલતની વૅબસાઇટ પર અપલૉડ કરીશું.

ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને ન્યાયાધીશ કે. વિનોદચંદ્રનની બૅન્ચે જણાવ્યું હતું કે અમે રાષ્ટ્રીય હિતની આ ‘ગંભીર બાબત’માં વિગતવાર ચુકાદો આપીશું.

‘થ્રીએસ ઍન્ડ અવર હૅલ્થ સોસાયટી’ નામના પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરાયેલી અરજીના સંબંધમાં સર્વોચ્ચ અદાલતે ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયાને પૂછ્યું હતું કે ફૂડ પૅકેટની પાછળ જ તેમાંના કન્ટેન્ટ્સ (સામગ્રી)ની વિગત

(જુઓ પાનું ૨) ▸▸

## સોશ્યલ મીડિયા જોતા સગીરોની સુરક્ષા માગતી અરજી પર કેન્દ્રને નોટિસ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ગુરવારે સોશ્યલ મીડિયા જોતા સગીરોની સુરક્ષાની દાદ ચાહતી અરજી હાથ ધરતા કેન્દ્રના ઈલેકટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી તથા કાયદો અને ન્યાય ખાતાને નોટિસ આપી હતી. દેશના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા અને જસ્ટિસ વી. મોહનાની બનેલી બેન્ચે બિનસરકારી સંસ્થા ‘જસ્ટ રાઈટ્સ ફોર ચીલ્ડ્રન’ની અરજી પર કેન્દ્રના બે ખાતાને નોટિસ મોકલાવી હતી.

એનજીઓ વતી રજૂઆત કરતા સિનિયર ઍડવોકેટ એચ. એસ. ફૂલકાની દલીલોની નોંધ લઈને સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે ભારતમાં આ અંગે કોઈ સુરક્ષા હોવી ઘટે. અરજીમાં કેન્દ્ર સરકારને સોશ્યલ મીડિયા ઈન્ટીમેડિયરી સહિતના ઓનલાઈન પ્લેટફોર્મને એ જણાવવા યોગ્ય પગલાં લેવાની વિનંતી કરવામાં આવી છે કે ૧૮ વર્ષથી નાની ઉમરના સગીરો સાથે કરાયેલો કોઈ કરાર તેના સર્જનના સમયથી જ

(જુઓ પાનું ૨) ▸▸

## જેલમાંથી મુક્ત કરવાની ગૅંગસ્ટર અબુ સાલેમની અરજી સુપ્રીમે ફગાવી

નવી દિલ્હીઃ ભારતમાં પચીસ વર્ષ જેલમાં વીતાવ્યા હોવાની ભૂમિકાને આધારે જેલમાંથી મુક્ત કરવાની માગણી કરતી ગેંગસ્ટર અબુ સાલેમની અરજી સુપ્રીમ કોર્ટે ગુરુવારે નકારી કાઢી હતી.

પોર્ટુગલથી તેની સોંપણી ભારતને કરવામાં આવી હોવાની શરતો અનુસાર ભારતમાં તેણે પચીસ વર્ષનો કારાવાસ પૂરો કર્યો હોવાનું જણાવી અબુ સાલેમે જેલમાંથી તેને મુક્ત કરવાની માગણી કરી હતી.

સાલેમની તાત્કાલિક મુક્તિની માગને સમય પહેલાંની અને ખોટી રીતે વિચારેલી લેખાવી તેની અરજી નકારી કાઢતા બૉમ્બે હાઈ કોર્ટના આદેશને ન્યાયાધીશ વિક્રમનાથ અને સંદીપ મહેતાની બનેલી ખંડપીઠે માન્ય રાખ્યો હતો. હાઈ કોર્ટના એપ્રિલના આદેશને પડકારતી સાલેમની અરજીને મામલે સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત

(જુઓ પાનું ૨) ▸▸

## કિશોર વયની વ્યક્તિ વિરુદ્ધની હિંસા સામે કોઈને રક્ષણ આપી શકાય નહીંઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી) દ્વારા જુલાઈમાં યોજવામાં આવેલા વિરોધપ્રદર્શનમાં ભાગ લેનારી કિશોરીની હેરાનગતિ કરવામાં આવી રહી હોવાનાં આરોપોની ગંભીર નોંધ લેતાં સુપ્રીમ કોર્ટે ગુરુવારે કહ્યું હતું કે ફોજદારી કાર્યવાહી આગળ ન વધારવા પીડિતા અને તેનાં પરિવારને ધમકાવવા કે દબાણમાં આણવાની કોઈને પરવાનગી આપી શકાય નહીં.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બગચી અને વી. મોહાનાની બનેલી ખંડપીઠે કિશોરીની એફઆઈઆર અંગે કાર્યવાહી કરવાની ખાતરી આપવા સોલિલિટર જનરલ તુષાર મહેતાને જણાવ્યું હતું. આ મુદ્દે દિલ્હી અને ઉત્તર પ્રદેશ સરકારને પણ અહેવાલ સુપરત કરવા ખંડપીઠે જણાવ્યું હતું.

આ પ્રકારની બાબતને હળવાશથી લઈ શકાય નહીં. કિશોર વયની વ્યક્તિ વિરુદ્ધની હિંસા સામે કોઈને રક્ષણ આપી શકાય નહીં એમ જણાવતાં ખંડપીઠે કહ્યું હતું કે જો પ્રકારનું કૃત્ય કરનાર વ્યક્તિ ખુલ્લેઆમ ફરતી હોય અને ફોજદારી કાર્યવાહી આગળ ન વધારવા પીડિતા અને તેનાં પરિવારને ડરાવી-ધમકાવી તેમનાં પર દબાણ આણતી હોય તો આ ગંભીર બાબત છે.

આ મુદ્દે અન્ય કોઈ મત ન હોઈ શકે. આ પ્રકારની

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાં છેલ્લાં બે વર્ષમાં કુલ ૭૫ જેટલા ખોટા આદિજાતિ પ્રમાણપત્રો રદ કરવામાં આવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભા ગૃહમાં આદિજાતિના ખોટા પ્રમાણપત્રો કરવામાં આવ્યાં તે અંગે આદિજાતિ વિકાસ પ્રધાન નરેશ પટેલ દ્વારા વિગતો આપવામાં આવી હતી. સાચા આદિવાસીઓનો હક કોઈ છીનવી ન લે તે માટે રાજ્ય સરકારે ખોટા આદિજાતિના પ્રમાણપત્રો રદ કરી દેવામાં આવ્યાં છે. નરેશ પટેલના જણાવ્યાં પ્રમાણે રાજ્યમાં જસ્ટિસ કારીયા કમિટી કરવામાં આવેલી તપાસ પ્રમાણે તારીખ ૧ ઓગસ્ટ ૨૦૨૪થી ૩૧ જુલાઈ ૨૦૨૬ સુધી કુલ ૭૫ જેટલા ખોટા આદિજાતિ પ્રમાણપત્રો રદ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગાંધીનગર-૨ વિશ્લેષણ સમિતિ સમક્ષ આવેલી કુલ ૧૭૭૬ અરજીઓમાંથી ૬૧૯ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.

વધુમાં પ્રધાન નરેશ પટેલે જણાવ્યું હતું કે, યુવાનોની વર્ષોની મહેનત અને તેમની કારકિર્દી સાથે પ્રમાણપત્રો સંકળાયેલા હોવાથી તેની ખરાઈની પ્રક્રિયા અત્યંત ગંભીરતા, પારદર્શિતા અને ઊંડાણપૂર્વક હાથ ધરવામાં આવી છે. જો ખરાઈ દરમિયાન કોઈ પ્રમાણપત્ર ખોટા હોવાનું સાબિત થાય, તો આદિજાતિ વિભાગ દ્વારા તાત્કાલિક સંબંધિત વિભાગને જાણ કરવામાં આવે છે. ત્યારબાદ નિયમો મુજબ નોકરી અથવા અન્ય મળેલા લાભો પરત ખેંચવા સહિતની જરૂરી દંડાત્મક કાર્યવાહી સંબંધિત વિભાગ દ્વારા કરવામાં આવે છે. ■

## સુરત જિલ્લાની વિવિધ આરોગ્ય સંસ્થાઓને છેલ્લાં બે વર્ષમાં કુલ ૨,૬૪૫ ચક્ષુદાન પ્રાપ્ત થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઓર્ગન ડોનેશનમાં ગુજરાત દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે ત્યારે તેની સાથે સાથે સુરત જિલ્લો ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવે છે, કારણ કે કુલ જે ચક્ષુદાન મળ્યા છે, તેમાં આશરે ૨૩ ટકા જેટલા એકલા સુરત જિલ્લામાંથી મળ્યા છે, તેવી માહિતી આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ ગૃહમાં આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે સુરત જિલ્લાની અંદર વર્ષોથી આઈ ડોનેશન (ચક્ષુદાન) અંગે ખૂબ જાગૃતિ આવી છે અને એમાં ખૂબ સારી કામગીરી થઈ રહી છે. તેમાં સરકારી મેડિકલ કૉલેજ, સિવિલ હૉસ્પિટલમાં વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૫૨ અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૧૮ ચક્ષુદાન પ્રાપ્ત થયા છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન-સ્મિમેર હૉસ્પિટલમાં વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૭ અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૩૨ ચક્ષુદાન પ્રાપ્ત થયા છે.

જ્યારે દિવ્ય ચક્ષુ આઈ બૅન્ક (દિવ્ય જ્યોત ટ્રસ્ટ) વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૯૩ અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૪૯૮ ચક્ષુદાન પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત, લોકદ્રષ્ટિ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં ૭૭૬ અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૫૨૯ ચક્ષુદાન પ્રાપ્ત થયા છે. આમ, ગુજરાતમાં ૨૦૨૪-૨૫માં કુલ ૧૪૬૮ અને ૨૦૨૫-૨૬માં કુલ ૧૧૭૭ ચક્ષુદાન આ સંસ્થાઓને પ્રાપ્ત થયા છે.

તેમણે કહ્યું કે, કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટ છ સરકારી હૉસ્પિટલમાં કરવામાં આવે છે. ચક્ષુદાનમાં પ્રાપ્ત થતા ૧૦૦માંથી ૨૦ થી ૩૦ કોર્નિયા જ ટ્રાન્સપ્લાન્ટ માટે ઉપયોગી થઈ શકે છે. આ ટ્રાન્સપ્લાન્ટ કરવાથી શોર્ટ ટર્મમાં (૧ થી ૨ વર્ષના ટૂંકા ગાળામાં) ૧૦૦ ટકા સફળતા મળે છે, મિડ ટર્મમાં ૮૦ ટકા અને લાંબા ગાળે ૬૦ થી ૭૦ ટકા સફળતા પ્રાપ્ત થાય છે.

અગાઉ એવું હતું કે એક કીકી માત્ર એક જ દર્દીને ટ્રાન્સપ્લાન્ટ કરી શકાતી હતી. એક કીકીના ૩ થી ૪ લેયર (સ્તર) હોય છે. આધુનિક ટૅકનોલૉજી અને નવા સંશોધનોના આધારે, દર્દીને જે લેયરની જરૂરિયાત હોય તે મુજબ કોર્નિયામાંથી તે સ્તર અલગ કરીને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે. આમ, હવે એક કીકીના દાન દ્વારા ૩ થી ૪ વ્યક્તિઓની દ્રષ્ટિહીનતા દૂર કરી શકાય છે, જેનાથી એક થી વધુ દર્દીઓને આનો લાભ મળી રહ્યો છે.

આ સાથે તેમણે ઉમેર્યું હતું કે ભારતની અંદર ૧ થી ૧.૫ લાખ જેટલા દર્દીઓને કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટની જરૂરિયાત છે, એમને જો કોર્નિયા મળે તો ચોક્કસ એ સારા થઈ જાય, પરંતુ દર વર્ષે આપણને ૫૫ થી ૬૦ હજાર કોર્નિયા મળે છે, એમાં દર વર્ષે ૨૦ થી ૨૫ હજાર દર્દીનો ઉમેરો થતો જાય છે. ચક્ષુદાન જાગૃતિ એ બહુ જરૂરી છે. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકામાં ગેરકાયદે રહેનારા બધા ભારતીયો નથી

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને માય ડીયર ફ્રેન્ડ ગણાવે તેમાં તો મોદી સમર્થકો ઓળઘોળ થઈ જાય છે ને ટ્રમ્પનાં ઓવારણાં લેવા માંડે છે. મોદીને મિત્ર ગણાવીને માખણ લગાવતા ટ્રમ્પ ભારતીયો માટેની નફરતને પણ છૂપાવતા નથી ને છાસવારે આ નફરતનું પ્રદર્શન કર્યા કરે છે પણ આ પ્રદર્શન થાય ત્યારે નથી મોદી કંઈ બોલતા, નથી મોદી સાહેબની સરકાર બોલતી કે નથી તેમના સમર્થકો કશું બોલતા. બધાની બોલતી બંધ થઈ જાય છે ને તાજું ઉદાહરણ ટ્રમ્પ સરકારના ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટની જાહેરખબર સામેની ચુપકીદી છે.

ટ્રમ્પે અમેરિકામાં બહારથી આવેલાં લોકોને તગેડી મૂકીને અમેરિકાને અમેરિકનોના જોરે ફરી દુનિયાનો દાદો બનાવવાનું ગાજર લટકાવીને બીજી વાર સત્તા હાંસલ કરી છે તેથી છાસવારે વિદેશીઓને ડિપોર્ટ કરવાનાં નાટકો થયા છે, તેમને લાત મારીને કાઢી મૂકવાની ફિશિયારીઓ મરાય છે. તેના ભાગરૂપે યુએસ સરકારના ગૃહ મંત્રાલય એટલે કે ડીપોર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સીક્યોરિટી દ્વારા એક પોસ્ટર અને વીડિયો મૂકાયાં છે. હોલિવૂડની બ્લોકબસ્ટર મૂવી ટ્રાન્સફોર્મર્સના પોસ્ટરની પેરોડી જેવા પોસ્ટરમાં એક રોબો અને માથે પટકો બાંધેલો 'મિસ્ટર સિંહ' બતાવાયો છે. પોસ્ટરમાં લખાણ છે કે, જાતે રવાના થઈ જાઓ, નહિંતર શોધી કાઢીશું. અમારા રસ્તા પરથી હટી જાઓ, મિસ્ટર સિંહ, તમને ડ્રાઈવ કરતાં નથી આવડતું. અમેરિકા ફોર અમેરિકન્સ સ્લોગન પણ પોસ્ટરમાં છે.

ટ્રમ્પ સરકારે ટ્રાન્સફોર્મર્સ મૂવીની નકલ કરીને એઆઈથી બનાવેલા વીડિયો પણ મૂક્યો છે. આ વીડિયોમાં ટ્રાન્સફોર્મર્સ મૂવીના વિલન 'મેગાટ્રોન'ને ''એલિયન્સ''ની મુક્તિ માટે વાટાઘાટો કરતા દર્શાવવામાં આવ્યો છે. ટ્રમ્પની સરકાર અમેરિકામાં ગેરકાયદે રીતે રહેતા વિદેશીઓ માટે એલિયન્સ શબ્દ વાપરે છે. વીડિયોમાં મેગાટ્રોન જેમને છોડાવવા માટે વાટાઘાટો કરે છે એ પાંચ ડ્રાઈવરોનાં નામ હરજિરત સિંહ, રાજેન્દ્ર કુમાર, બેકઝાન બેઇશેકીવ, અખરોર બોઝોરોવ અને જસવીર સિંહ, છે. આ નામોની પસંદગી બહુ રસપ્રદ છે કેમ કે ત્રણ નામ ભારતીય છે ને બે રશિયન છે. આ પાંચેય ડ્રાઈવર અમેરિકામાં રોડ એક્સિડન્ટ્સ અને બીજા ગંભીર અપરાધોમાં સામેલ હોવાનો વીડિયોમાં ઉલ્લેખ છે. વીડિયો સાથે લખાણ પણ છે કે, અમારા દેશમાં આક્રમક ઈરાદા સાથે આવ્યા તો છોડીશું નહીં. અમેરિકાનિઝમનો અમે બચાવ કરીશું, અમારી માતૃભૂમિનું અમે રક્ષણ કરીશું.

અમેરિકાની સરકારે ગેરકાયદે રીતે અમેરિકામાં રહેનારાં લોકોને તગેડી મૂકવા માટે અભિયાન છેડ્યું છે. દરેક દેશને પોતાના નાગરિકો સિવાયનાં લોકોને કાઢી મૂકવાનો અધિકાર છે જ તેથી એ અભિયાનમાં કશું ખોટું નથી પણ આ પ્રકારની જાહેરખબરો દ્વારા ટ્રમ્પની સરકાર એવું ચિત્ર ઉભું કરી રહી છે કે, અમેરિકામાં ગેરકાયદે રીતે રહેનારા બધા ભારતીયો જ છે.

ટ્રમ્પ સરકાર ગેરકાયદે રહેનારાંને દર્શાવવા માટે કોઈ ને પણ બતાવી શકી હોત. ટ્રાન્સફોર્મર્સ મૂવીના કેરેક્ટરને અમેરિકન હોમલેન્ડ સીક્યોરિટી ડિપાર્ટમેન્ટ તરીકે દર્શાવાયું એ રીતે સામે પણ ટ્રાન્સફોર્મર્સ મૂવીના એલિયન કેરેક્ટરને મૂકી દેવાયું હોત તો કોઈ સમસ્યા જ નહોતી પણ તેના બદલે ભારતીય લાગે એવા યુવાનને મુકાયો છે ને તેનુ નામ પણ મિસ્ટર સિંઘ રખાયું છે. ભારતમાં શીખો અને હિંદુઓમાં મિસ્ટર સિંહ અટક બહુ સામાન્ય છે એ જોતાં આ જાહેરખબરો ભારતીયોને ટાર્ગેટ કરીને બનાવાઈ છે એ સ્પષ્ટ છે.

થોડી ઘણી શંકા રહી ગઈ હોય તો એ એઆઈ જનરેટેડ વીડિયોથી ખતમ થઈ જાય છે કેમ કે વીડિયોમાં અમેરિકામાં અપરાધ કરતા પાંચ ડ્રાઈવરોમાંથી ત્રણ તો ભારતીય જ બતાવાયા છે. બાકીના બે રશિયન છે તેથી ભારત અને રશિયા મળીને અમેરિકાના કલ્ચરને ખતમ કરી રહ્યાં છે ને અમેરિકા સામે ખતરો ઊભો કરી રહ્યાં છે એવું સ્થાપિત કરવાનો પ્રયત્ન કરાયો છે. આ વાત વધારે ખટકે છે કેમ કે અમેરિકાને સમૃદ્ધ બનાવવામાં ભારતીયોનું યોગદાન બહુ છે જ્યારે અહીં તો નગુણા ટ્રમ્પ ભારતીયોને અપરાધી સાબિત કરવા મથી રા છે, ભારતીયો અમેરિકામાં આક્રમક બદઈરાદા સાથે ઘૂસી રહ્યા હોવાનું સ્થાપવા મથી રહ્યા છે. ટ્રમ્પ અમેરિકનોના માનસમાં ભારતીયો માટે નફરત પેદા કરવા મથી રહ્યા હોવાનું પણ સ્પષ્ટ છે.

ટ્રમ્પના ઈશારે ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી (ડીએચએસ) દ્વારા ગેરકાયદે રીતે રહેનારાં સ્વૈચ્છિક રીતે અમેરિકા છોડી જાય એ માટે સીબીપી પ્રોગ્રામ શરૂ કરાયો છે. આ પ્રોગ્રામ હેઠળ કાયદેસર રહેવા માટે યોગ્ય ના હોય એવા બિન-નાગરિકો એપ પર પોતાની માહિતી આપીને સ્વૈચ્છિક રીતે પોતે અમેરિકા છોડી જવા માગતા હોવાની હોમલેન્ડ ડીપોર્ટમેન્ટને જાણ કરે છે. તેમને અમેરિકા છોડવાની મંજૂરી મળે પછી સરકારના માણસો કોલ કે ઈમેલ દ્વારા તેમને ડિપોર્ટ કરવાની વ્યવસ્થા કરે છે. સામાન્ય રીતે મંજૂરી મળ્યાના ૨૧ દિવસમાં આ વ્યવસ્થા થઈ જાય છે ને અમેરિકા છોડનારને તેના દેશ સુધી જવાની ટિકિટ પણ સરકાર આપે છે. લટકામાં ૩૦૦૦ અમેરિકન ડૉલર પણ અપાય છે. અમેરિકામાં જામી જવા બદલ કરાયેલો દંડ કે સજા પણ માફ કરી દેવાય છે ને કોઈ કાનૂની કાર્યવાહી કરાતી નથી.

આ યોજના સારી છે પણ તેના કારણે ગેરકાયદે રીતે રહેનારા વિદેશીઓ અમેરિકા છોડીને જતા નથી કેમ કે અમેરિકા છોડી દીધા પછી પોતાના દેશમાં જઈને શું કરવું એ સવાલ મોટો છે. પોતાના દેશમાં કશું કરી શકે તેમ ના હોય એટલે તો અમેરિકામાં આવ્યા હોય. અમેરિકામાં ગેરકાયદે રીતે રહેનારા મોટા ભાગના ભારતીયો તો લાખા રૂપિયા ખર્ચીને ને જાત જાતનાં તિકડમ કરીને અમેરિકા પહોંચ્યા હોય છે. ડૉલર મજબૂત છે ને રૂપિયામાં ફેરવો એટલે તો અધધધ નાણું થઈ જાય. અમેરિકાના લાખ ડૉલર અહીં કરોડ રૂપિયા થઈ જાય તેથી અમેરિકામાં મજૂરી કરીને ડૉલર કમાઈને અહીં દેવું ભરવાની ગોઠવણ કરીને લોકો અમેરિકા જાય છે તેથી શરૂઆતનાં ઘણાં વરસો તો દેવું ભરવામાં જ જાય છે. હવે માંડ માંડ સેટલ થયા હોય ત્યાં પાછા ભારત જવાનું થાય તો કોઈ તૈયાર ના થાય તેથી ભારતીયો તો પાછા આવતા જ નથી. ભારતમાં આર્થિક વિકાસ દર ૭.૮ ટકા થાય કે ૮ ટકા થાય, વાસ્તવિકતા તેમને ખબર જ છે એટલે પણ અહીં પાછા આવતા નથી.

અમેરિકામાં ગેરકાયદે રીતે રહેનારા ભારતીયોનો બચાવ થઈ શકે તેમ નથી કેમ કે એ બધા અપરાધી જ કહેવાય. આપણે બાંગ્લાદેશી ઘૂસણખોરોને ભારતના દુશ્મન ગણતા હોઈએ તો અમેરિકામાં ગેરકાયદે રીતે જામી ગયેલા ભારતીયો અમેરિકનોના દુશ્મન જ કહેવાય તેથી ટ્રમ્પ તેમને ટાર્ગેટ કરે એ યોગ્ય છે પણ બધા ગેરકાયદે રહેનારા ભારતીયો છે ને અપરાધી છે એવું ચિત્ર ઊભું કરવા મથે એ ખોટું છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર શરદઋતુ,
શુક્રવાર, તા. ૧૧-૯-૨૦૨૬

- ભારતીય દિનાંક ૨૦, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ વદ-૩૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ વદ-૩૦
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧લો માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની બપોરે ક. ૧૩-૧૫ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૧૯-૦૭ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૬, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ •
- ભરતી : બપોરે ક. ૧૨-૦૩, મધ્ય રાત્રે ક. ૦૦-૨૩
- ઓટઃ સાંજે ક. ૧૮-૧૮, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૨૬ (તા. ૧૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ - અમાવસ્યા. માતૃકા દ્દિન, દર્ભારોહણ, જીવંતિકા પૂજન, શિવપૂજન સમાપ્ત, રુદ્ર વ્રત, ઈષ્ટિ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ વિશેષરૂપે શુક્ર ગ્રહદેવતાનું પૂજન, લક્ષ્મી પૂજન, શ્રી સુક્ત, પુરુસુક્ત, અભિષેક શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, નિત્ય થતાં ખેતીવાડી, વેપારના કામકાજ.
- શ્રાવણ મહિમાઃ આજ રોજ તીર્થમાં પિતૃશ્રાદ્ધ, તર્પણનો મહિમા છે. ત્ર્યંબકેશ્વર, કુશાવર્ત કુંડમાં પ્રાયશ્ચિત્ત સ્નાન, ગંગા, નર્મદા, કાવેરી, સરયૂ આદિ સંગમ તીર્થમાં સ્નાન, જપ, દાન, બ્રાહ્મણ ભોજન, ગૌપૂજન, સંતો, મહાત્માઓ, ગુરુજનોનો સત્કાર કરવો. યોગ્ય દક્ષિણા આપવી. શ્રાવણના શિવપૂજાના નિયમ પાલન, ઉપવાસ આદિ માટેનો આજનો છેલ્લો દિવસ છે. સમગ્ર માસમાં શિવપૂજા થઈ શકી ન હોય તેમણે આજ રોજ શિવઅભિષેક, ૐ નમઃ શિવાયના મંત્રજાપ અવશ્ય કરવા.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય યુતિ સામાન્ય વ્યવહારોમાં તકલીફ પડે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય યુતિ. શ્રાવણ અમાસ યોગ. શુક્ર સ્વાતિ પ્રવેશ. ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કન્યા માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# ઑનલાઇન શૉપિંગમાં નકલી ને કપટી ડિસ્કાઉન્ટનો ખેલ ખતમ

## ઇ-કૉમર્સ પ્લૅટફૉર્મ પરના શૉપિંગને પારદર્શક બનાવવા નવા નિયમોની જાહેરાત, ૨૦૨૭થી અમલ

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે ઑનલાઇન શૉપિંગને પારદર્શક અને ન્યાયી બનાવવા માટે નવા ઇ-કોમર્સ નિયમો જાહેર કર્યા છે, જે પહેલી જાન્યુઆરી, ૨૦૨૭થી દેશભરમાં અમલમાં આવશે. ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા તૈયાર કરાયેલા આ નિયમો લાખો ઑનલાઇન ખરીદદારો અને ડિજિટલ પ્લૅટફૉર્મ પર સીધી અસર કરશે, જેનાથી કપટપૂર્ણ ડિસ્કાઉન્ટ અને છૂપાયેલા ચાર્જ સંપૂર્ણપણે બંધ થશે.

આ નિર્ણય એટલા માટે જરૂરી હતો કારણ કે ૨૦૨૫માં નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન પર મળેલી ૧૭.૭૧ લાખ ફરિયાદોમાંથી લગભગ ૨૯ ટકા ફરિયાદો ફક્ત ઇ-કોમર્સ ક્ષેત્ર સાથે સંબંધિત હતી. નવા નિયમો ગ્રાહકોને ગેરમાર્ગે દોરનારી ઓફર અને સર્ચ હેરફેરથી સુરક્ષા આપશે. બધી ઇ-કોમર્સ કંપનીઓને તેમના સોફ્ટવૅર, અલ્ગોરિધમ્સ અને સેલર નીતિઓમાં જરૂરી ટેકનિકલ સુધારા કરવા માટે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીનો સમય આપવામાં આવ્યો છે.

એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ગ્રાહક સુરક્ષા (ઇ-કૉમર્સ) (સંશોધન) નિયમો, ૨૦૨૬, ૧ જાન્યુઆરી, ૨૦૨૭થી અમલમાં આવશે. સુધારેલા નિયમો હેઠળ ઇ-કૉમર્સ એન્ટિટીઓએ જ્યારે પણ કિંમત ઘટાડાની જાહેરાત કરવામાં આવે ત્યારે ઘટાડેલી કિંમત અને 'પહેલાની કિંમત' જાહેર કરવી પડશે. જૂની કિંમતનો અર્થ એ સૌથી ઓછી કિંમતથી છે જેના પર ડિસ્કાઉન્ટની જાહેરાત થયાના ૩૦ દિવસમાં પ્રોડક્ટ વેચવામાં આવી હતી.

આ નિયમ ઇ-કોમર્સ કંપનીઓને એવા સર્ચ રિઝલ્ટમાં હેરફેર કરવાથી રોકશે જે યુઝર્સને ગેરમાર્ગે દોરે છે અથવા સર્ચ ક્વૅરી માટે રિઝલ્ટની સુસંગતતાને અસર કરે છે. સ્પોન્સર્ડ લિસ્ટિંગની ઓળખ સ્પષ્ટ અને મહત્વની જાણકારી મારફતે આપવી જોઈએ. વિભાગે કહ્યું કે ઇ-કોમર્સ કંપનીઓને ડાર્ક પેટર્ન્સના નિવારણ અને નિયમન માટેની માર્ગદર્શિકા, ૨૦૨૩નું પાલન કરવું, વાર્ષિક સેલ્ફ ઓડિટ કરવું પડશે અને નિયમોના પાલનનું સર્ટિફિકેટ રજૂ કરવું પડશે.

નિયમોમાં જણાવાયું છે કે દરેક ઇ-કોમર્સ કંપનીને ફરિયાદીને તેના ફરિયાદ અધિકારી દ્વારા નોંધાયેલી ફરિયાદની નકલ પૂરી પાડવાની રહેશે. માર્કેટપ્લેસ ઇ-કોમર્સ કંપનીઓને નિયમો અનુસાર ગ્રાહકોને જાણકાર નિર્ણયો લેવામાં મદદ કરવા માટે બેસ્ટ બિફોર અથવા યુઝ બિફોર તારીખો જેવી જરૂરી જાણકારી અને રિટર્ન, રિફન્ડ, વૉરંટી, ડિલિવરી અને ચુકવણી જેવી મુખ્ય માહિતી જાહેર કરવી પડશે. ■



**વિહંગાવલોકનઃ** ગંગા નદીના પૂર આવતા પટણાના દિદારગંજ એરિયાનું વિહંગાવલોકન. (પીટીઆઈ)




**દુર્ઘટનાઃ** ગુજરાતના ગાંધીનગરમાં ગુરુવારે કુદાસન વિસ્તારમાં બાંધકામ ચાલુ હતું એ સાઈટમાં ધાતુનો સ્લેબ તૂટી પડ્યો હતો. આમાં બચાવ કામગીરી કરીને ૧૫ શ્રમિકને બચાવી લેવાયા હતા. (પીટીઆઈ)

# ભારત પાસે ૧૯૦ અણુશસ્ત્રો

## ઉત્પાદન હેઠળ નવી મિસાઈલો માટે ૩૦ વધારાના વોરહેડ્સ

વોશિંગ્ટનઃ અમેરિકાની થિંક ટૅન્ક અનુસાર, ભારતનાં પરમાણુ શસ્ત્રાગારમાં ૧૯૦ વોરહેડ્સ હોવાનો અંદાજ છે, જેમાં ઉત્પાદન હેઠળ નવી મિસાઇલો માટે ૩૦ વધારાના વોરહેડ્સનો સમાવેશ થાય છે.

ફેડરેશન ઓફ અમેરિકન સાયન્ટિસ્ટ્સ (એફએએસ)એ ખુલ્લા સ્રોતો, રાજ્ય-ઉત્પત્તિ ડેટા અને કમર્શિયલ ઉપગ્રહ છબીઓના વિશ્લેષણમાંથી આ અંદાજ કાઢ્યા છે.

એફએએસના ન્યુક્લિયર ઇન્ફર્મેશન પ્રોજેક્ટ ડિરેક્ટર હાન્સ ક્રિસ્ટેનસેન દ્વારા લખાયેલા 'ઇન્ડિયાઝ ન્યુક્લિયર વેપન્સ - ૨૦૨૬' શીર્ષકવાળા લેખ અનુસાર તેના પરમાણુ-સક્ષમ ડિલિવરી ફોર્સ સ્ટ્રક્ચર અને વ્યૂહરચના વિશે ઉપલબ્ધ જાહેર માહિતીના આધારે, અમે અનુમાન લગાવીએ છીએ કે ભારતે લગભગ ૧૯૦ પરમાણુ હથિયારોનું ઉત્પાદન કર્યું હશે.

ભારતનાં પરમાણુ શસ્ત્રાગારમાં ઓપરેશનલ લોન્ચર્સ માટે ૧૬૦થી વધુ વોરહેડ્સ તેમજ ઉત્પાદનમાં નવી મિસાઇલો માટે વધારાના વોરહેડ્સનો સમાવેશ થાય છે, એમ તેમાં જણાવાયું છે.

બુધવારે પ્રકાશિત થયેલા લેખમાં નોંધવામાં આવ્યું છે કે ભારતે તેના પરમાણુ શસ્ત્રાગારને આધુનિક બનાવવાનું ચાલુ રાખ્યું છે, તાજેતરના વર્ષોમાં ઘણી નવી હથિયાર પ્રણાલીઓ મૂકવામાં આવી છે અને હાલના પરમાણુ-સક્ષમ વિમાન, જમીન-આધારિત ડિલિવરી સિસ્ટમ્સ અને સમુદ્ર-આધારિત સિસ્ટમોને પૂરક બનાવવા અથવા બદલવા માટે ઘણી વધુ વિકાસ હેઠળ છે.

અમારો અંદાજ છે કે ભારતે ૧૪૦થી ૨૨૫ પરમાણુ હથિયાર માટે પૂરતું લશ્કરી પ્લુટોનિયમ ઉત્પન્ન કર્યું હશે અને તે ૧૯૦ સુધી ભેગા થઈ શકે છે. વિકાસમાં વધુ શસ્ત્ર પ્રણાલીઓ સાથે, દેશનો વોરહેડ સ્ટોકપાઇલ વધુ વધશે તેવી શક્યતા છે, એવું તેમાં કહેવામાં આવ્યું છે.

ભારતે નો-ફર્સ્ટ-યુઝ સિદ્ધાંત અપનાવ્યો પછી ૧૯૯૮માં પોખરણ-૨ પરમાણુ પરીક્ષણો થયા હતા અને તે નીતિનું પાલન કરવાનું ચાલુ રાખે છે.

ભારત વિશ્વસનીય લઘુત્તમ નિવારણ અને પરમાણુ શસ્ત્રોનો 'પહેલાં ઉપયોગ નહીં'ની નીતિ જાળવવા માટે પ્રતિબદ્ધ છે, તેવું સરકારે તાજેતરમાં સંસદમાં જણાવ્યું હતું.

પ્રતિ વોરહેડ ચાર કિલોગ્રામ પ્લુટોનિયમ ધારીએ તો, આ સૈદ્ધાંત અનુસાર તે ૧૪૦ થી ૨૨૫ પરમાણુ વોરહેડ ઉત્પન્ન કરવા માટે પૂરતું હશે, એવું તેમાં જણાવાયું છે.

જોકે, તેણે કહ્યું કે ગણતરીમાં કેટલીક અનિશ્ચિતતાઓ છે, જેમ કે ભારતે બનાવેલા વોરહેડની ડિઝાઇન.

ભારતના ૧૯૯૮ના પરમાણુ પરીક્ષણોએ ફિશન ડિઝાઇનને વિશ્વસનીય રીતે માન્ય કરી હતી, પરંતુ બુસ્ટેડ ફિશન અને થર્મોન્યુક્લિયર હથિયાર ડિઝાઇન પર દેશની પ્રગતિ અત્યંત અનિશ્ચિત રહે છે, તેવું લેખમાં જણાવાયું છે. (એજન્સી)■

## પહેલા પાનાનું ચાલુ

### સાત વર્ષે ચીનના

આમંત્રણને માન આપીને ભારત જવાના છે. તેઓ મોદી સાથે દ્વિપક્ષી મંત્રણા પણ કરશે. બન્ને નેતા ભારત - ચીનના દ્વિપક્ષી સંબંધમાં થઇ રહેલા કહેવાતા સુધારા અને વણઉકેલ્યા સીમાવિવાદને ઉકેલવાના પ્રયાસની સમીક્ષા પણ કરશે.શી જિનપિંગે અગાઉ ૨૦૧૯ના ઑક્ટોબરમાં ભારતની મુલાકાત લીધી હતી. તેઓ મોદીને મામલ્લાપુરમમાં મળ્યા હતા. પૂર્વ લદાખમાંની લાઇન ઑફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ (એલએસી) ખાતે ૨૦૨૦માં બન્ને દેશના સૈનિકોની વચ્ચે મડાગાંઠ ઊભી થઇ તે પછી દ્વિપક્ષી સંબંધ બગડ્યા હતા. તે વર્ષે જૂનમાં ગલવાન ખીણવિસ્તારમાં બન્ને દેશના સૈનિકો વચ્ચે થયેલી અથડામણમાં જાનહાનિ થઇ હતી અને તેને લીધે દ્વિપક્ષી સંબંધ બહુ જ વણસી ગયા હતા. ભારત અને ચીન ડેપ્સાંગ અને ડેમચોક પોઇન્ટ્સ ખાતેથી સૈનિકો પાછા ખેંચવા ૨૦૨૪ના ઑક્ટોબરમાં સહમત થતાં દ્વિપક્ષી સંબંધ ફરી સુધરવા લાગ્યા હતા. તેના થોડા દિવસ પછી કઝાનમાં યોજાયેલી 'બ્રિક્સ' સમિટમાં મોદી અને શી મળ્યા હતા અને સીમાવિવાદ ઉકેલવા અને દ્વિપક્ષી સંબંધ ફરી સામાન્ય બનાવવા સંમતિ સધાઇ હતી.

ભારત અને ચીને પૂર્વ અરુણાચલ પ્રદેશમાં છઠ્ઠી સપ્ટેમ્બરે કૉર્પ્સ કમાંડર સ્તરની પ્રથમ બેઠક યોજી હતી. (એજન્સી)■

### જંક ફૂડ

લખાય છે, પણ શું જો પડીકામાંની ફૂડ પ્રૉડક્ટ્સમાં ખાંડ, નમક કે ચરબીનું વધુ પ્રમાણ હોય, તો તેનો ખાસ ઉલ્લેખ પડીકા પર કરવા કોઇ માર્ગદર્શિકા છે?

વકીલ દેવદત્તા કામતે જણાવ્યું હતું કે સરકાર 'કુરકુરે'ના નાસ્તાને ઈંડાં અને નમકવાળા કાજુ જેવા પૌષ્ટિક ફૂડની સાથે સરખાવે છે.

માંસાહારી માટે લાલ અને શાકાહારી માટે લીલી નિશાની કરાય છે, તેથી વધુ ખાંડ, નમક અને ચરબી ધરાવતી ફૂડ પ્રૉડક્ટ્સના પેકેટ પર જોખમની ચેતવણી આપતો અલગ રંગ રાખવો જોઇએ.

વકીલ રાજીવ શંકર દ્વિવેદીએ પેક કરાયેલા ફૂડના પેકેટ પર ફ્રંટ-ઑફ-પૅકેજ વૉર્નિંગ લૅબલ્સ ફરજિયાત બનાવવા કેન્દ્રને આદેશ આપવાની દાદ ચાહી હતી.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે અમે બધા પક્ષકારોની સમીક્ષા અને સૂચન માટે ચુકાદો વૅબસાઇટ પર અપલૉડ કરીશું. આ બાબતમાં વધુ સુનાવણી ૨૮ સપ્ટેમ્બરે કરાશે. (એજન્સી)■

### સોશ્યલ મીડિયા

ગેરકાયદે છે. આ કરાર હેઠળ લેવામાં આવેલા બીજા પગલાં પણ તત્કાળ સ્થગિત થવા જોઈએ.

૧૮ વર્ષથી નાની વયના સગીરો ભારતના કરાર ધારાની ૧૧મી કલમ હેઠળ કરાર કરી શકતા ન હોવાથી તેમના મૂળભૂત અધિકારની જાળવણી અને રક્ષણ થવું જ જોઈએ. આમ છતાં તેમને સોશ્યલ મીડિયા અને બીજા ડિજિટલ પ્લેટફોર્મમાં અકાઉન્ટ સ્વતંત્ર રીતે સર્જવા અને જાળવવાની છૂટ અપાઈ છે. ડિજિટલ યુગમાં આ બાળકોની કાનૂની અક્ષમતા અને બંધારણીય અધિકારની રક્ષણ કરતી કોઈ અસરકારક, એકસરખી અને અમલમાં મૂકાય એવી કોઈ યંત્રણા નથી. .

જાહેર હિત અરજીમાં કહેવામાં આવ્યું હતું કે એ સ્વીકાર્ય સિદ્ધાંત છે કે સગીરો કરાર કરી શકતા નથી અને સગીરોએ કરેલો કરાર ગેરકાયદે છે.

બાળકોને કરારથી ચાલતી ડેટાવાળી ડિજિટલ ઈકોસિસ્ટમમાં પ્રવેશવા દેવાથી નિમાયક ખામી સર્જાય છે. બાળકોની વય જોયા વિના અને માતાપિતાની સુરક્ષા વિના આ કરાર થાય છે. આનાથી ગંભીર બંધારણીય ચિંતાઓ ઊભી થાય છે.

અરજીમાં વધુમાં કહેવામાં આવ્યું હતું કે આનાથી આ નબળા વર્ગનું ઓનલાઈન ગ્રુમિંગ. જાતીય શોષણ, વર્તનમાં ઘાલમેલ અને તેમના વ્યક્તિગત ડેટાનો દુરુપયોગ થઈ શકે. (એજન્સી)■

### જેલમાંથી મુક્ત

ચુકાદો આપ્યો હતો.

વર્ષ ૧૯૯૩માં મુંબઈમાં કરવામાં આવેલા શ્રેણીબદ્ધ બૉમ્બ બ્લાસ્ટ સંબંધિત કેસને મામલે સાલેમને દોષી જાહેર કરવામાં આવ્યો હતો.

લાંબી કાયદાકીય લડત બાદ વર્ષ ૨૦૦૫ની ૧૧મી નવેમ્બરે પોર્ટુગલે સાલેમની ભારતને સોંપણી કરી હતી.

સાલેમને મૃત્યુદંડની સજા આપી ન શકાય અને તેનો કારાવાસ પચીસ વર્ષ કરતાં વધુ લંબાવી ન શકાય એ શરતે ભારતને તેની સોંપણી કરવામાં આવી હતી. (એજન્સી)■

### કિશોર વયની વ્યક્તિ

બાબતને હળવાશથી લઈ શકાય નહીં.

૧૪ વર્ષની કિશોરી વતી ઉપસ્થિત રહેલા વકીલે કોર્ટને જણાવ્યું હતું કે કિશોરીએ એફઆઈઆર દાખલ કર્યા બાદ ફોજદારી કાર્યવાહી આગળ ન વધારવા પીડિતા અને તેનાં પરિવારને આરોપી દ્વારા ડરાવવા-ધમકાવવામાં આવી રહ્યાં હોવા ઉપરાંત તેમનાં ઘરની તોડફોડ પણ કરવામાં આવી છે. (એજન્સી)■

# જમીનના કેન્સર સામે માલધારીઓની લડાઈ, સ્થાનિકોની સૂઝબૂઝથી કચ્છનું એક આખું ગામ બન્યું બાવળમુક્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રણ, દરિયો અને ખડકોનો ત્રિવેણી સંગમ ધરાવતા ભાતીગળ પ્રદેશ કચ્છ જિલ્લામાં વિદેશી અને આક્રમક ગણાતા ગાંડા બાવળનું સામ્રાજ્ય દિવસે ને દિવસે વિસ્તરી રહ્યું છે. એક તરફ જ્યાં જિલ્લાનાં હજારો એકર ગૌચર અને બન્નીનાં ઘાસિયાં મેદાનો આ પરદેશી વનસ્પતિના વિષચક્રમાં હોમાઈ ચૂક્યાં છે, ત્યાં બીજી તરફ લખપત તાલુકાનું ગુગરિયાણા ગામ આ સમસ્યા સામે એક મજબૂત અપવાદ બનીને ઊભરી આવ્યું છે. સ્થાનિક માલધારીઓની અવિરત મહેનત અને સૂઝબૂઝના કારણે આ ગામ અને તેની આસપાસની સીમમાંથી ગાંડા બાવળનું નામોનિશાન મટી ગયું છે.

અરબ સાગરના કાંઠે અને કોટેશ્વર નજીક આવેલું ગુગરિયાણા ગામ મુખ્યત્વે પશુપાલન પર નિર્ભર છે. ૪૦ જેટલા પરિવારો અને અંદાજે ૨૫૦ની વસ્તી ધરાવતા આ ગામમાં ૪૫૦ ભેંસો તથા ૪૦૦ જેટલાં ઘેટાં-બકરાં છે. ખારા ભૂગર્ભજળ અને મર્યાદિત ખેતીના કારણે માલધારીઓ માટે પશુપાલન જ જીવાદોરી સમાન છે. ૧૯૮૦ના દાયકાની શરૂઆતમાં વનવિભાગ દ્વારા નજીકના હનુમાન ખુદી રાખાલ વિસ્તારમાં રણને આગળ વધતું અટકાવવા માટે ગાંડા બાવળ વાવવામાં આવ્યા હતા, જે થોડા જ સમયમાં આસપાસના વિસ્તારોમાં ઝડપથી ફેલાઈ ગયા હતા.

ગાંડા બાવળના આક્રમણને કારણે ગૌચરમાંથી દેશી ઘાસ અદ્રશ્ય થવા લાગ્યું હતું અને તેના ઝેરી કાંટા વાગવાથી ભેંસો અને બકરીઓના આંચળ બંધ થઈ જતાં દૂધના ઉત્પાદનને મોટો ફટકો પડતો હતો. વધુમાં, તેની શીંગો ખાવાથી પશુઓનાં જડબાં જડાઈ જવાના કારણે તેમનાં મોત થવાના કિસ્સા પણ સામે આવ્યા હતા.




આ પરિસ્થિતિને ગંભીરતાથી લઈને ૧૯૯૦ના દાયકાના પ્રારંભમાં ગામના તત્કાલીન આગેવાન હાજી મામદ ભાગિયા જતની પ્રેરણાથી ગામલોકોએ એકજૂથ થઈને જમીન માટે કેન્સર સમાન બાવળ નાબૂદીનું અભિયાન શરૂ કર્યું હતું. લેયાર સિધિક જત અને ઈસાક જાનુ જત જેવા માલધારીઓ આજે પણ કુહાડી અને કોદાળી સાથે સીમમાં ખૂંદીને જ્યાં પણ નાનો-મોટો ગાંડો બાવળ દેખાય તેને મૂળસોતો ઉખાડી ફેંકે છે. માલધારીઓ આ વનસ્પતિને જમીનનું કેન્સર ગણાવે છે અને તેનો એક પણ છોડ ગામની સીમમાં ઊગવા દેતા નથી.

ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડેઝર્ટ ઇકૉલૉજીના ડાયરેક્ટર વિજયકુમારના જણાવ્યા અનુસાર, ગાંડો બાવળ અત્યંત પ્રતિકૂળ અને ખારી જમીનમાં પણ ઝડપથી ઊગી નીકળે છે. તેની શીંગો પશુઓ ખાય ત્યારે તેમના છાણ સાથે નીકળતા બીજમાંથી તે તીવ્ર ઝડપે ફેલાય છે.

આ વૃક્ષ અન્ય સ્થાનિક પ્રજાતિઓને પંગુ બનાવી દે છે અને ભૂગર્ભજળના સ્તર પર પણ પ્રતિકૂળ અસર કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, ઇન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર દ્વારા ગાંડા બાવળને આક્રમક વિદેશી પ્રજાતિ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો છે અને હવે તેને બન્નીના મેદાનોમાંથી હટાવવાની કામગીરી ચાલુ છે.

તત્કાલીન શાસકો દ્વારા ૧૮૮૫-૮૬માં અને બાદમાં વનવિભાગ દ્વારા પર્યાવરણીય કવચ ઊભું કરવાના હેતુથી લવાયેલો આ બાવળ આજે સમગ્ર કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત માટે શિરદર્દ બની ગયો છે. પાડોશી પીપર જૂથ ગ્રામપંચાયત અને રોડાસર જેવાં ગામો આજે બાવળની કાંટમાં ગરકાવ થઈ ગયાં છે.

જ્યાં આજુબાજુના માર્ગો અને ગૌચરો ગાંડા બાવળથી ઢંકાયેલા છે, ત્યાં ગુગરિયાણાનો બે કિલોમીટર લાંબો પહોંચ-માર્ગ અને આખુંય ગૌચર એકદમ સ્વચ્છ છે. અહીં ધામણ અને ગંઢીર જેવા પોષક ઘાસ તથા દેશી બાવળ અને બોરડી જેવાં વૃક્ષો સચવાયેલાં છે. સજાગતા અને સામુહિક પ્રયાસો દ્વારા સ્થાનિક લોકો જો ધારે તો આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાજનક બનેલી પર્યાવરણીય સમસ્યાઓનો ઉકેલ સ્થાનિક ધોરણે લાવી શકે છે, તેનું ગુગરિયાણા ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. ■



**લીંબુ વધુ ખાટ્ટા થયા:** એક વસ્તુનો ભાવ વધે અને બજેટમાં મધ્યમવર્ગીય માણસ થોડું એડજસ્ટ કરે ત્યાં તો બીજુંકંઈક મોંઘુદ્ઠ થઈ જાય છે. ખાંડ મોંઘી જ છે. ભાવમાં સામાન્ય એવો ઘટાડો થયો છે ત્યાં રસોઈમાં જરૂરી એવા લીંબુ મોંઘા થઈ ગયા છે. સારી ક્વોલિટીના લીંબુનો ભાવ કિલોએ રૂ. ૧૭૦થી ૧૯૦ બોલાઈ રહ્યો છે. વેપારીઓના જણાવ્યા મુજબ બજારમાં માંગમાં વધારો અને સારી ગુણવત્તાના માલની આવક ઓછી હોવાથી સારા લીંબુના ભાવમાં તેજી જોવા મળી રહી છે. જોકે આ બધાં કારણો મધ્યમ અને ગરીબ વર્ગીય પરિવારોને ગળે ઉતરતા નથી, તેમને તો માત્ર બે ટંકનું ખાવાનું કેમ પૂરું કરવું તેની જ ચિંતા હોય છે. (તસવીર હર્ષદીપ ચરાડીયા)

# રાજકોટમાં ઘરે આવેલી બહેનપણી કબાટમાંથી રૂપિયા ૬.૫૦ લાખના દાગીના ચોરી ગઈ

## વિશ્વાસઘાત કરી મિત્રોના ઘરમાં જ સફાઈ કરતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: આજી ડેમ ચોકડી નજીક પીઠડ આઈ સોસાયટીમાં રહેતા ભાવનાબેન ચૌહાણના ઘરે તેમની નાનપણની બહેનપણી કાજલ વાઘેલા તારીખ ૧૭ ઓગસ્ટે ચા પીવાના બહાને આવી હતી. ભાવનાબેન ચા બનાવવા માટે દૂધ લેવા બહાર ગયા તે જ સમયે કાજલે રૂમ અંદરથી બંધ કરી કપડાં બદલવાનું બહાનું બતાવી કબાટમાંથી રૂપિયા ૬.૫૦ લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી લીધી હતી. તારીખ ૩૦ ઓગસ્ટે પ્રસંગમાં પહેરવા માટે સોનાનો હાર લેવા કબાટ ખોલતાં ચોરી થઈ હોવાની જાણ થઈ હતી.

જેથી ભાવનાબેને આજી ડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી મહિલાની ધરપકડ કરી લીધી હતી.

પોલીસની પ્રાથમિક તપાસ પ્રમાણે, આરોપી કાજલ વાઘેલા બહેનપણીઓના ઘરને જ નિશાન બનાવવાની ટેવ ધરાવે છે. આ પૂર્વે પણ તેણે કાથરોટા ગામે રહેતી અન્ય એક સહેલી વૈશાલી મકવાણા તથા મનીષા સારદીયાના ફઈના ઘરમાંથી પણ સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી હોવાનું સામે આવ્યું હતું. વિશ્વાસઘાત કરી મિત્રોના ઘરમાં જ સફાઈ કરતી આ મહિલા પાસેથી ચોરેલો મુદ્દામાલ કબજે કરવા પોલીસે કાયદેસરની પૂછપરછ હાથ ધરી હતી. ■

# ઉના એસટી ડેપોમાં ડ્રાઈવરે જાહેરમાં દારૂ ખરીધો! આલ્કોહોલ ટેસ્ટ પોઝિટિવ આવતા ફરિયાદ નોંધાઇ

## ડ્રાઇવરનો આલ્કોહોલ ટેસ્ટ કરવામાં આવ્યો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર સોમનાથ: ગીર સોમનાથ જિલ્લાના ઉના એસટી ડેપોમાં એસટી બસના ડ્રાઈવર દારૂ ખરીદતા હોવાનો એક વીડિયો વાયરલ થયો હતો. જાહેરમાં દારૂની ડિલિવરી આપવાનો વાયરલ થતા વિવાદ શરૂ થયો હતો. વાયરલ વીડિયોમાં એક એક્ટિવા ચાલક એસટી બસના ડ્રાઇવરને દારૂ આપતો હોવાનો વીડિયો વાયરલ થતાં એસટી વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી હતી. એસટી વિભાગ દ્વારા કરવામાં આવેલી તપાસમાં એસટી બસનો ડ્રાઈવ આલ્કોહોલ ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. આ સમગ્રમ મામલે એસટી ડ્રાઈવર સામે ફરિયાદ નોંધવામાં આવી હતી.

આ કેસમાં ઉના એસટી ડેપો મેનેજરે બનાવની ગંભીરતા જોઈ રાજુલા ડેપો મેનેજરને જાણ કરી હતી. બસ રાજુલા પહોંચતા જ પંચોની હાજરીમાં એસટી બસના ડ્રાઇવરનો આલ્કોહોલ ટેસ્ટ કરવામાં આવ્યો હતો.

જેમાં ટેસ્ટ રીડિંગ ૦.૩૫ એમજી/૧૦૦એમએલ આવતા ડ્રાઇવરે નશો કર્યો હોવાનું સાબિત થયું હતું. જેથી પોલીસે ડ્રાઇવર ભૂપત ડાભી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. એસટી વિભાગ દ્વારા પણ પોતાના કર્મચારી સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવ્યાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# શિક્ષણ સુધારા બિલથી નારાજગી, સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ પ્રતિકાત્મક વિરોધ અને આંદોલનની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ગુજરાતની સ્વનિર્ભર ખાનગી શાળાઓએ પોતાના સ્વભંડોળ, સ્વબળ અને વર્ષોની મહેનતથી ઊભું કરેલું શિક્ષણતંત્ર હવે સરકારી બાબુશાહી અને વધતી અધિકારીકીય દખલગીરી સામે વિરોધના વંટોળમાં સપડાયું છે તેવા આક્ષેપ સાથે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક-૨૦૨૬માં રજિસ્ટર્ડ ખાનગી શાળાઓને અસર કરતી અત્યંત કડક અને અંકુશકારી જોગવાઈઓ સામે સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ દ્વારા રાજ્ય સરકાર સામે ભારે રોષ અને ગંભીર નારાજગી વ્યક્ત કરવામાં આવી છે.

નવા વિધેયકમાં શિક્ષણ બોર્ડને રજિસ્ટર્ડ ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કાર્યો તેમજ આચાર્ય અને શિક્ષકોની કામગીરી અંગે સીધું અસરકારક નિયંત્રણ રાખવાની અને મેનેજમેન્ટને દિશાનિર્દેશ આપવાની વ્યાપક સત્તાઓ સોંપવામાં આવી છે. મહામંડળના મતે, કોઈપણ સરકારી ગ્રાન્ટ કે આર્થિક સહાય લીધા વિના ચાલતી સ્વનિર્ભર શાળાઓની આંતરિક વ્યવસ્થામાં આ પ્રકારનો હસ્તક્ષેપ શાળાઓની સંચાલકીય સ્વાયત્તતા પર સીધી તરાપ સમાન છે.

સ્થાનિક સ્તરે જિલ્લા શિક્ષણ અધિકારી () સહિતના વહીવટી અધિકારીઓ દ્વારા અવારનવાર વિવિધ પ્રકારના ડેટા, અહેવાલો અને આંકડાકીય માહિતીની માગણી કરવામાં આવતી હોવા અંગે પણ સંચાલકોમાં તીવ્ર અસંતોષ છે. મહામંડળે સવાલ ઉઠાવ્યો છે કે શાળાનું મુખ્ય કામ વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ આપવાનું છે કે રોજિંદા શૈક્ષણિક કાર્ય છોડીને માત્ર અધિકારીઓની માહિતી એકત્ર કરી મોકલવાનુ છે.

વિધેયકમાં રજિસ્ટર્ડ ખાનગી શાળાઓના પ્રિન્સિપાલ, શિક્ષકો, સ્પેશિયલ એજ્યુકેટર અને નોન-ટીચિંગ સ્ટાફની લાયકાત સરકારના નિયમો મુજબ નક્કી કરવાની જોગવાઈ કરાઈ છે. . મહામંડળે સ્પષ્ટ કર્યું છે કે શિક્ષણની ગુણવત્તા માટેના ધોરણો આવકાર્ય છે, પરંતુ જે શાળાઓ કર્મચારીઓના પગાર કે અન્ય ખર્ચ માટે સરકાર પાસેથી ૧ રૂપિયો પણ ગ્રાન્ટ કે સહાય મેળવતી નથી, તેના આંતરિક વહીવટમાં નિયંત્રણ યોગ્ય નથી.

પ્રિન્સિપાલ કે સ્ટાફની નિમણૂકમાં નિયમોનું પાલન ન થાય તો સેક્શન ૪૧ હેઠળ દંડની રકમ ૧,૦૦૦થી સીધી વધારીને ૧૦ લાખ કરવામાં આવી છે, જે સંચાલકો માટે ગંભીર આર્થિક જોખમ સમાન છે. રજિસ્ટર્ડ ખાનગી શાળા બંધ કરવાની હોય તો બોર્ડને ઓછામાં ઓછા ૬ મહિના અગાઉ લેખિત નોટિસ આપવી ફરજિયાત છે. આ નિયમનો ભંગ કરનાર સામે ૨૦ લાખ સુધીનો ભારે દંડ ફટકારવાની જોગવાઈ વિધેયકમાં રાખવામાં આવી છે.

મહામંડળે આક્ષેપ કર્યો છે કે આટલું મહત્વનું વિધેયક તૈયાર કરતી વખતે શિક્ષણ ક્ષેત્રના મુખ્ય ભાગીદાર એવા ખાનગી શાળા સંચાલકોના પ્રતિનિધિ સંગઠનો સાથે કોઈ ચર્ચા-વિચારણા કરવામાં આવી નથી કે તેમને વિશ્વાસમાં લેવાયા નથી.

સ્વનિર્ભર શાળાઓ સ્વતંત્ર રીતે ઉત્કૃષ્ટ શિક્ષણ આપી રહી છે ત્યારે બિનજરૂરી નિયંત્રણો સ્વીકાર્ય નથી. ટૂંક સમયમાં જ ખાનગી શાળાના સંચાલકો અને કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી સકારાત્મક વિરોધ નોંધાવશે. જો સરકાર દ્વારા વહેલી તકે હકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો સંચાલકો આંદોલનાત્મક પગલાં ભરવા કટિબદ્ધ છે, તેમ પ્રમુખ જતીનભાઈ ભરાડ અને મહામંત્રી મનહરભાઈ રાઠોડે જણાવ્યું હતું. ■

# ગીર સોમનાથમાં જિલ્લામાં પોલીસની ખાસ ડ્રાઈવ, નંબર પ્લેટ વગરનાં વાહનો સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર સોમનાથ: ગીર સોમનાથમાં પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ શરૂ કરવામાં આવી હતી. જેમાં પોલીસે નંબર પ્લેટ વગરના વાહનો, ખોટી અને બોગસ નંબર પ્લેટ વાળા વાહનચાલકો સામે કાર્યવાહી કરી હતી.

સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે ૧લી સપ્ટેમ્બરથી ૧૫ ઓક્ટોબર સુધી આ ડ્રાઈવ ચાલુ રાખવા માટે ઉપરથી આદેશ કરવામાં આવ્યો છે, જેને લઈને ગીર સોમનાથ જિલ્લામાં પણ પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવીને સઘન ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે.

આ ડ્રાઈવ દરમિયાન ખોટી કે બનાવટી નંબર પ્લેટ વાળા અને નંબર પ્લેટ વગરના વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે જિલ્લા પોલીસે મોટર વ્હીકલ એક્ટની કલમ ૨૦૭ હેઠળ કુલ ૩૦ વાહનો જપ્ત કર્યા હતા. આ કામથી નાગરીકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ સાથે નિયમ ભંગના અન્ય કેસમાં ૧૪૦ એનસી કેસ કરવામાં આવ્યાં હતાં. આ સાથે પોલીસ ડ્રાઈવ દરમિયાન કુલ ૫૨૦૦૦ રૂપિયાનો દંડ પણ વસૂલ્યો હતો.

પોલીસ દ્વારા દરેક વાહનચાલકોને કાયદામાં રહેવા માટે અને વાહન પર નિયમસરની નંબર પ્લેટ લગાવવા તથાં ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અપીલ કરી હતી. ■

# જૂનાગઢ-અમરેલી જિલ્લામાં સીસીટીવી કેમેરા નેટવર્કનો વ્યાપ વધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં સીસીટીવી કેમેરાના વ્યાપ અને સુરક્ષા વ્યવસ્થા અંગે માહિતી વિધાનસભામાં રજૂ કરવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ કરવા કેમેરા નેટવર્ક વધારવાનું વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે તેમ, વિધાનસભા ગૃહમાં ઉત્તર આપતાં કાયદા રાજ્ય પ્રધાન કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું. તેમના જણાવ્યા અનુસાર આ પ્રોજેક્ટ હેઠળ આજની સ્થિતિએ ફેઝ-૨ અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં કુલ ૪૫૨ સીસીટીવી કેમેરા અને અમરેલી જિલ્લામાં કુલ ૩૧૬ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. આ આધુનિક સરવેલન્સ નેટવર્ક અંતર્ગત મુખ્ય માર્ગો, સંવેદનશીલ વિસ્તારો અને જાહેર સ્થળોને આવરી લેવાયા છે. તમામ કેમેરાનું લાઈવ સિંક્રોનાઈઝેશન જિલ્લા કક્ષાના 'નેત્રમ' સાથે જોડાયેલું હોવાથી ટ્રાફિક નિયંત્રણ, વાહનોનું ટ્રેકિંગ અને ગુના નિવારણમાં અને જાહેર સુરક્ષા વધુ સુનિશ્ચિત બની છે તેમ તેમણે ઉમેર્યું હતું. ■

# બે એન્જિનિયર્સના સસ્પેન્શન બાદ રાજકોટ મનપામાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: રાજકોટ મહાનગરપાલિકામાં બે એન્જિનિયરના સસ્પેન્શન બાદ વિવિધ વિભાગોમાં રોષ જોવા મળ્યો હતો અને વિવિધ વિભાગોના એન્જિનિયરો કામથી અળગા રહ્યા હતા. કમિશનર કચેરીએ પહોંચીને સસ્પેન્શનની કાર્યવાહી અંગે કરી રજૂઆત કરી હતી. બુધવારે મનપા કમિશનર તુષાર સુમેરા દ્વારા નવા રિંગરોડ પર નિર્માણાધીન બ્રિજની કામગીરીમાં બેદરકારી અને ક્ષતિઓના મામલે બે એન્જિનિયરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહીના વિરોધમાં ગુરુવારે રાજકોટ મનપાના એન્જિનિયરિંગ, ટાઉન પ્લાનિંગ, બાંધકામ, વોટર વર્ક્સ, ડ્રેનેજ સહિતના વિવિધ વિભાગોના એન્જિનિયરો કામથી અળગા રહ્યા હતા. તમામ એન્જિનિયરો એકત્ર થઈને મનપા કમિશનરની કચેરી ખાતે પહોંચ્યા હતા અને બે એન્જિનિયરો સામે કરવામાં આવેલી સસ્પેન્શનની કાર્યવાહી અંગે કમિશનર તુષાર સુમેરા સમક્ષ રજૂઆત કરી હતી. એક તરફ બ્રિજની કામગીરીમાં બેદરકારી સામે કમિશનર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે, તો બીજી તરફ સસ્પેન્શન બાદ મનપાના એન્જિનિયરો એકસાથે રજૂઆત કરવા પહોંચતા હવે અધિકારીઓ અને એન્જિનિયરો વચ્ચેનો મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. હવે એન્જિનિયરોની રજૂઆત બાદ કમિશનર તુષાર સુમેરા શું નિર્ણય લે છે અને સસ્પેન્શનની કાર્યવાહી યથાવત્? રહે છે કે નહીં તેના પર સૌની નજર છે. ■

# કચ્છના રણ ઉત્સવમાં ૧૦,૪૧,૬૯૪ પ્રવાસી આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કચ્છનો રણ ઉત્સવ માત્ર ગુજરાત, ભારત જ નહીં સમગ્ર વિશ્વમાં વિખ્યાત છે. ૧૫મી વિધાનસભાના નવમા સત્રના બીજા દિવસે ભુજના ધારાસભ્ય કેશુભાઈ શીવદાસ પટેલે રણ ઉત્સવમાં ભાગ લેવા આવેલા પ્રવાસીઓ અંગેનો સવાલ પૂછ્યો હતો.

ધારાસભ્યએ પૂછ્યું કે, તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રણ ઉત્સવ દરમ્યાન કેટલા લોકોએ મુલાકાત લીધી હતી, વર્ષ ૨૦૨૫-૨૬ના રણ ઉત્સવમાં અને વર્ષ ૨૦૨૪-૨૫ની સરખામણીએ અંદાજે કેટલા ટકા પ્રવાસીઓનો વધારો થયો. તેમજ રણ ઉત્સવ ૨૦૨૫-૨૬ દરમિયાન ફૂડ સ્ટોલ અને ક્રાફ્ટ સ્ટોલ થકી સ્ટોલધારકોને કેટલી આવક થઈ?

જેનો જવાબ આપતાં સરકારે જણાવ્યું કે, છેલ્લા એક વર્ષમાં ૧૦,૪૧,૬૯૪ પ્રવાસીએ રણ ઉત્સવની મુલાકાત લીધી હતી. ગત વર્ષની સરખામણીએ આશરે ૩.૯૭ ટકા પ્રવાસીઓનો વધારો થયો હતો. રણ ઉત્સવ ૨૦૨૫ દરમિયાન ફૂડ સ્ટોલધારકોને ૨.૧૩ કરોડ અને ક્રાફ્ટ સ્ટોલધારકોને ૧૨.૧૧ કરોડ આવક થઈ હતી.

ઉલ્લેખનીય છે કે, કચ્છ રણોત્સવ એ ગુજરાતના કચ્છ જિલ્લાના ધોરડો ગામે યોજાતો વિશ્વપ્રસિદ્ધ સાંસ્કૃતિક મહોત્સવ છે. આ ઉત્સવ દર વર્ષે શિયાળામાં યોજાય છે, જે વૈશ્વિક પ્રવાસીઓને કચ્છની ભાતીગળ સંસ્કૃતિ, લોકકલા, અને અદભુત સફેદ રણની મુલાકાત લેવાની ઉત્તમ તક પૂરી પાડે છે. કચ્છ રણોત્સવ ૨૦૨૬-૨૭ ૧૨૭ દિવસ યોજાશે. ૧ નવેમ્બર ૨૦૨૬ થી ૭ માર્ચ ૨૦૨૭ સુધી રણોત્સવ યોજાશે.

રણોત્સવ દરમિયાન પૂનમની રાત્રે ચંદ્રના પ્રકાશમાં ચમકતા સફેદ રણનો નજારો અવિસ્મરણીય અનુભવ આપે છે. સફેદ રણની વચ્ચે પ્રવાસીઓ માટે ખાસ તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ ભવ્ય ટેન્ટ સિટી અને પરંપરાગત કચ્છી ભૂંગા બનાવવામાં આવે છે. રાત્રિ દરમિયાન સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કલાકારો દ્વારા લોકસંગીત, રાસ-ગરબા અને કચ્છી લોકનૃત્યોની પ્રસ્તુતિ થાય છે. આ ઉપરાંત રણમાં ઊંટ સવારી, પેરામોટરિંગ, એટીવી રાઇડ્સ અને લાઇટ એન્ડ સાઉન્ડ શો યોજાય છે. ■



**પીપળાની પૂજા:** હિન્દુ ધર્મમાં પ્રકૃતિની પૂજાનો પણ અનેરો મહિમા છે. શ્રાવણ મહિનાની ચૌદસના દિવસે પીપળે પાણી રેડવામાં આવે છે અને આજે અમાસના દિવસે પિતૃ તપર્ણ થાય છે ત્યારે જૂનાગઢના દામોદર કુંડ ખાતે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટે છે. આ વાતને ધ્યાનમાં લઈ તંત્ર દ્વારા ગુરુવારે રાતથી જ દામોદર કુંડ તરફના રસ્તા ઉપર બંદોબસ્ત તથા વાહનો માટે નિયંત્રણ મુકાઈ ગયા હતા. (હરેશ સોની)

# જખૌ નજીક મિત્રએ જ મિત્રની હત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકામાં સામાન્ય બોલાચાલીમાં મિત્રએ જ પોતાના મિત્રની પથ્થરના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી હોવાનો ખુલાસો થયો છે. જખૌ-નલિયા માર્ગ પર બાવળોની ઝાડીમાંથી મળી આવેલા અજાણ્યા પુરુષના મૃતદેહના પ્રકરણમાં પશ્ચિમ કચ્છ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે ઊંડાણપૂર્વક તપાસ કરી આરોપી મિત્રને ઝડપી પાડી હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે.

ડીવાયએસપી મનીષા દેસાઈએ આપેલી માહિતી મુજબ, થોડા દિવસ અગાઉ જખૌ-નલિયા રોડ પરથી માથાના ભાગે ગંભીર ઈજાઓ સાથે મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો નોંધી જુદી જુદી ત્રણ ટીમો બનાવી તપાસ આરંભી હતી. તપાસ દરમિયાન મૃતકની ઓળખ દ્વારકાના માછીમાર ઓસમાન ઉમર કેર તરીકે થઈ હતી.

ત્યારબાદ ટેકનિકલ સોર્સિસ અને પૂર્વ બાતમીના આધારે પોલીસે આરોપી હાજી જુમા સિદ્દી (રહે. ગાંધીનગરી, ઓખા, દ્વારકા) ની અટકાયત કરી હતી. ■

# ગીર સોમનાથમાં દુષ્કાળ જાહેર કરવા ખેડૂતોએ આપ્યું આવેદનપત્ર

અમદાવાદ: ગુજરાતના દરેક જિલ્લામાં વરસાદની અછત સર્જાઈ છે. ચોમાસું ખેંચાતાના કારણે ખેડૂતો પાકને લઈને ચિંતિત છે. આ સિઝનમાં ગીર સોમનાથ જિલ્લામાં કુલ ૧,૪૭,૩૨૩ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર કરવામાં આવ્યું છે. પરંતુ વરસાદ ઓછો થયો તેના કારણે જિલ્લામાં મગફળી, સોયાબીન અને કપાસ જેવા પાકને મોટા પ્રમાણમાં નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. વાવણીની વાત કરવામાં આવે તો, ૯૧,૪૭૯ હેક્ટરમાં મગફળીનું વાવેતર, ૨૬,૭૮૭ હેક્ટરમાં સોયાબીનનું વાવેતર અને ૧૨,૪૯૧ હેક્ટરમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે. જો આગામી દિવસોમાં વરસાદ નહીં થાય તો મોટા પ્રમાણમાં નુકસાન આવશે તેવું ખેડૂતોએ જણાવ્યું હતું. સિઝનમાં ઓછો વરસાદ થતા ભારતીય કિસાન સંઘ દ્વારા જિલ્લા કલેક્ટર મારફતે રાજ્ય સરકારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ આવેદન પત્રમાં ભારતીય કિસાન સંઘે અનેક માંગણીઓ કરી હતી. વિગતે વાત કરવામાં આવે તો, પાક બચાવવા માટે ડેમો અને તળાવોમાંથી જરૂરિયાત મુજબ પાણી છોડવા, વીજ બિલમાં રાહત, સરકારી યોજનાઓનો લાભ આપવા, પાક નિષ્ફળ જાય તો પાક ધિરાણ માફ કરવા અને જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું હતું. ■

# મરાઠા અનામતના આંદોલનકર્તા મુંબઈ આવવા મક્કમ

જાલના: મુંબઈનો પ્રસ્તાવિત મોરચો નિશ્ચિત છે અને ૧૨ સપ્ટેમ્બરે તેમના વર્તમાન વિરોધ સ્થળ પર સમર્થકો એકઠા થયા પછી એકત્રીકરણની તારીખ જાહેર કરવામાં આવશે એમ મરાઠા અનામતના આંદોલનકર્તા મનોજ જરાંગેએ કહ્યું છે. મરાઠા અનામત અંગે ભૂખ હડતાળ ગુરુવારે ૧૩મા દિવસમાં પ્રવેશી ત્યારે તેમણે કહ્યું કે તેઓ રાજ્ય સરકારનું પ્રતિનિધિમંડળ આવે એની રાહ નથી જોવાના. જરાંગેએ મહારાષ્ટ્રના જાલના જિલ્લાના અંતરવાલી સરાટીમાં સંવાદદાતાઓને જણાવ્યું કે 'હું મુંબઈ જવાનો જ છું.

# જમીન વિવાદમાં પ્રધાનના ભાઈ અને ભત્રીજા પર જીવલેણ હુમલો

સંભાજીનગર: જમીન કે ખેતરની સીમના વિવાદો અવારનવાર ગંભીર સ્વરૂપ ધારણ કરતા હોય છે, પરંતુ આ વખતે રાજ્યના પ્રધાન અતુલ સાવેના પરિવારજનો આવી હિંસાનો ભોગ બન્યા છે. સામાન્ય રીતે ભાઈ-ભાઈ, સગાં-સંબંધીઓ કે ખેતરના પડોશીઓ વચ્ચે જમીન બાબતે ઝઘડા થતા હોય છે, પરંતુ છત્રપતિ સંભાજીનગરમાં બનેલી આ ઘટનામાં પ્રધાન અતુલ સાવેના મોટા ભાઈ અજિત મોરેશ્વર સાવે (૭૦) અને ભત્રીજા અમેય અજિત સાવે (૩૫) પર જમીનના વિવાદને કારણે હુમલો થયો હોવાનું સામે આવ્યું છે.

પિઠણ તાલુકાના બિડકીન પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના નાયગાંવ ખંડેવાડી ખાતે ખેતર અને રસ્તાના વિવાદમાં એક જૂથ દ્વારા અતુલ સાવેના ભાઈ પર હુમલો કરવામાં આવ્યો હતો. બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે ગ્રામીણ હોસ્પિટલ બિડકીન ખાતે દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના બાદ સ્થાનિક પોલીસે ઈજાગ્રસ્તોની પૂછપરછ હાથ ધરી છે અને તેમનું નિવેદન નોંધવામાં આવી રહ્યું હોવાની પ્રાથમિક માહિતી મળી છે. ઉલ્લેખનીય છે કે, અતુલ સાવે રાજ્યના કેબિનેટ પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા છે, તેથી તેમના ભાઈ પર થયેલા આ હુમલાને રાજકીય દ્રષ્ટિકોણથી પણ જોવામાં આવી રહ્યો હોવાની ચર્ચા છે.

# નાશિક કુંભમેળા માટે ૧,૮૦૦ કરોડ મંજૂર ખર્ચ માટે સરકારે કડક નિયમો નક્કી કર્યા

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે આગામી નાશિક સિંહસ્થ કુંભ મેળાને લગતાં કાર્યો માટે રૂ. ૧,૮૦૦ કરોડ મંજૂર કરી યોગ્ય મંજૂરી મળ્યા પછી જ ભંડોળનો ઉપયોગ કાર્યક્રમના મંજૂર ઉદ્દેશ્યો માટે ચોકસાઈથી કરવાનો નિર્દેશ આપ્યો હોવાનું અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું. ગયા મહિને, પોલીસે કુંભ મેળા માટે બનાવટી વર્ક ઓર્ડર સંબંધિત ૩૦૫ કરોડ રૂપિયાના કથિત કૌભાંડનો પર્દાફાશ કરી અનેક લોકોની ધરપકડ કરી હતી. ગુરુવારે શહેરી વિકાસ વિભાગ દ્વારા જારી કરાયેલા સરકારી ઠરાવ (જીઆર) અનુસાર વિધાનસભાના ચોમાસા સત્ર દરમિયાન મંજૂર કરાયેલ કુલ ૩,૦૦૦ કરોડ રૂપિયાની પૂરક માગમાંથી ૧,૮૦૦ કરોડ રૂપિયા બાકી નીકળતી રકમ છે. સરકારી ઠરાવ પ્રમાણે કુંભ મેળા સંબંધિત કાર્યો માટે અગાઉ વિવિધ તબક્કામાં રૂ. ૨૮૩ કરોડ, રૂ. ૭૧૭ કરોડ, રૂ. ૫૦૧.૪૦ કરોડ, રૂ. ૩૯૬.૬૦ કરોડ અને રૂ. ૧,૨૦૦ કરોડ જાહેર કરવામાં આવ્યા હતા. જોકે, મંજૂર ભંડોળના ઉપયોગ માટેની શરતો મૂકવામાં આવી છે, જેમાં જણાવાયું છે કે આ રકમ ફક્ત નાશિક-ત્ર્યંબકેશ્વર કુંભ મેળાના મંજૂર ઉદ્દેશ્યો દ્વારા આવરી લેવામાં આવતાં કાર્યો પર જ ખર્ચ કરવી જોઈએ. ભંડોળનો ઉપયોગ નાણાં વિભાગ દ્વારા સમયાંતરે જારી કરાયેલા માર્ગદર્શિકા અને ધોરણો, નાણાકીય સત્તાઓની સોંપણી અને અન્ય સૂચનાઓ અને શરતો અનુસાર થવો જોઈએ. (પીટીઆઈ)

## પાણીના સ્રોત સેટેલાઈટ મારફત શોધવામાં આવશે

# તહેવારોમાં પણ મુંબઈમાં પાણીકાપ યથાવત્ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈને પાણી પૂરું પાડનારાં સાતેય જળાશયોમાં ૯૬.૪૪ ટકા જેટલો પાણીનો જથ્થો હોવા છતાં મુંબઈ મહાનગરપાલિકા પાણીકાપને પાછો ખેંચવા તૈયાર નથી. આવતા અઠવાડિયાથી ગણેશોત્સવ શરૂ થઈ રહ્યો હોવાથી તહેવારોના સમયમાં પાણીકાપ પાછો ખેંચવાની નગરસેવકોની માગણીને ફગાવી દેવામાં આવી છે. સપ્ટેમ્બરમાં વરસાદ પડવાની શક્યતા નહીંવત હોવાથી પાણીકાપ પાછો ખેંચવાનું જોખમ લેવાને બદલે પ્રશાસને પાણીનું ગળતર રોકવા, ગેરકાયદે જોડાણને ખંડિત કરવાની સાથે જ મુંબઈમાં પાણીના નવા સ્રોત સેટેલાઈટ મારફત શોધવાનો પ્રયાસ હાથ ધરવાની છે. નગરસેવકો દ્વારા પાલિકા પ્રશાસનને ચાર મહિનાથી મુંબઈમાં લાદવામાં આવેલા ૧૦ ટકા પાણી કાપને પાછો ખેંચવાની માગણી બુધવારે સ્થાયી સમિતિમાં કરવામાં આવી હતી. જોકે પ્રશાસને ચોખ્ખા શબ્દોમાં પાણીકાપ પાછો ખેંચવાનો ઈનકાર કર્યો હતો અને ચેતવણી આપી હતી કે ૯૬ ટકા પાણીનો સ્ટોક હોવા છતાં સપ્ટેમ્બરમાં વરસાદ પડવાની શકયતા ઓછી હોવાથી મહિનો સૂકો રહેવાનો છે અને તેવા સંજોગોમાં પાણીનો જથ્થો ઓછો થઈ શકે છે. ઑક્ટોબર મહિનામાં ચાર-પાંચ દિવસ વરસાદથી પાણીનો જથ્થો ફરી ભરાઈ જવાની શકયતા હોવાથી પાણીકાપ પાછો ખેંચવા સંદર્ભમાં બાદમાં નિર્ણય લેવામાં આવશે.

મુંબઈના અનેક વિસ્તારમાં છેલ્લા અનેક મહિનાઓથી ઓછું પાણી મળી રહ્યું છે. વોર્ડમાં પાણીનો અભાવ, ગળતર, જૂની પાઇપલાઇનો અને ઓછા દબાણવાળા પુરવઠાને લઈને નગરસેવકોએ પ્રશાસનને આડે હાથ લીધી હતી. પાણી કાપ પાછો ખેંચવાની માગણી સાથે મુંબઈમાં અનેક ઠેકાણે પાઈપલાઈનમાં મોટા પાયા પર થતા ગળતર, પાણીની ચોરી અને ટેન્કર લોબી બાબતે નગરસેવકોએ પ્રશાસન પાસેથી જવાબ પણ માગ્યા હતા.

નગરસેવકોએ શહેરની જૂની બ્રિટિશ યુગની પાઇપલાઇનો અને ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં નબળા પુરવઠા તરફ પ્રશાસનનું ધ્યાન દોર્યું હતું. આ દરમ્યાન નગરસેવકો દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે દરરોજ લગભગ ૫૦૦ મિલ્યન લિટર પાણી ગળતરને કારણે વેડફાય છે. પૂર્વ ઉપનગરના અનેક વિસ્તારોમાં ડુંગરાળ વિસ્તાર પર મોટા પાયા પર વસતી છે, જેમાં ખાસ કરીને ચેમ્બુર-ગોવંડીના પહાડી વિસ્તારોમાં અપૂરતા પાણી પુરવઠા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. મુલુંડમાં ૨૪ કલાક પાણી પુરવઠાની ખાતરી છતાં, ભાંડુપ સહિત ઘણા વિસ્તારો હજુ પણ અછત અને પુરવઠા સંબંધિત સમસ્યાઓનો સામનો કરી રહ્યા હોવાની નારાજગી મુલુંડ, ભાંડુપના નગરસેવકોએ વ્યક્ત કરી હતી.

આ દરમ્યાન કૉંગ્રેસના નગરસેવકે મુંબઈના કૂવાઓમાંથી કાંપ કાઢીને તેને સાફ કરીને તેમાં રહેલા પાણીનો ઉપયોગ બિન-પીવાલાયક હેતુઓ માટે કરવાનું સૂચન કર્યું હતું, જેનાથી શહેરના પીવાનાં પાણીનાં નેટવર્ક પર દબાણ ઓછું થઈ શકે છે. જોકે પાલિકાના એડિશનલ કમિશનર વિપિન શર્માએ જણાવ્યું હતું કે, મુંબઈનાં તળાવો હાલમાં ૯૬ ટકા ભરાઈ ગયાં છે, પરંતુ વરસાદ અપેક્ષા કરતાં ઓછો રહ્યો છે અને સપ્ટેમ્બરમાં નબળો રહેવાની શકયતા હોવાથી પાણીના સ્ટોક પર દબાણ આવી શકે છે. ઉપલબ્ધ રહેલા પાણીના જથ્થાને સાચવવાની અને તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની જરૂર છે. તેથી હાલ પૂરતો પાણીકાપ પાછો ખેંચવા બાબતે વિચાર કરી શકાય નહીં.

### પાઈપલાઈનનું જીઆઈએસ મેપિંગ

પાલિકાના એડિશનલ કમિશનર વિપીન શર્માએ જણાવ્યું હતું કે પાલિકા ૬,૫૦૦ કિ.મી.ના નેટવર્કમાં ૫,૫૦૦ કિમી લાંબી પાણીની પાઇપલાઇનનું જીઆઈએસ મેપિંગ કરી રહી છે જેથી જ્યાં પાઈપલાઈન જૂની અને જર્જરિત થઈ ગઈ હોય અથવા કોઈ સ્થળે પાણીનું ગળતર થઈ રહ્યું હોય અને રિપ્લેસમેન્ટની જરૂર હોય તેવા ભાગોને ઓળખી શકાય, અને એ બાદ પાઈપલાઈનનું કામ જ્યાં આવશ્યક હશે ત્યાં હાથ ધરવામાં આવશે. એ સિવાય પ્રશાસન કૂવાઓ, ઝરણાં અને અન્ય કુદરતી પાણીના સ્રોતને ટેપ કરવાની રીતોનો પણ અભ્યાસ કરી રહી છે.

# મહારાષ્ટ્ર સરકારે સ્ટેનોગ્રાફર કેડરની 'ડેડ' જગ્યાઓ ભરવા માટે એક વર્ષનો સમય આપ્યો

મુંબઈ : મહારાષ્ટ્ર સરકારે સ્ટેનોગ્રાફર કેડર નાબૂદ કરવાના પોતાના નિર્ણયમાં અપવાદ રાખ્યો છે. આ નિર્ણય હેઠળ, આ શ્રેણીને 'ડેડ' (ભવિષ્યમાં ભરતી ન થનાર) જાહેર કરવામાં આવી તે પહેલાં અમલમાં રહેલા સેવા નિયમો મુજબ, આગામી એક વર્ષ દરમિયાન હાલની ખાલી જગ્યાઓ ભરવાની મંજૂરી આપવામાં આવી છે. ભરતી અને વહીવટી કામગીરીના આધુનિકીકરણ તથા સુધારાના ભાગરૂપે રાજ્ય સરકારે સ્ટેનોગ્રાફર કેડરને 'ડેડ કેડર' (ભવિષ્યમાં નવી ભરતી ન થનાર કેડર) જાહેર કર્યાના લગભગ ચાર મહિના બાદ, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ અંગેનો આદેશ બહાર પાડવામાં આવ્યો હતો.

સરકારના તાજેતરના ઠરાવમાં, પાંચ મે, ૨૦૨૬ના ઠરાવના પરિશિષ્ટ-૨૬માં સૂચિબદ્ધ 'ડેડ' સ્ટેનોગ્રાફર કેડરને લગતી જોગવાઈઓમાં વિશેષ અને એકવારના પગલાં તરીકે એક વર્ષની છૂટ આપવામાં આવી છે. આ ઠરાવ હેઠળ, પાંચ મે પહેલાં અમલમાં રહેલા સેવા-પ્રવેશના નિયમોને આધારે આ જગ્યાઓ પર એક વર્ષના સમયગાળા દરમિયાન ભરતી કરવાની મંજૂરી આપવામાં આવી છે. સરકારે જણાવ્યું હતું કે જનપ્રતિનિધિઓ અને વિદ્યાર્થી સંગઠનો તરફથી આ નિર્ણય પર પુનર્વિચારણા કરવાની માગ કરતી રજૂઆતો મળી છે; જેમાં એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે કે વિદ્યાર્થીઓ સ્ટેનોગ્રાફરની જગ્યાઓ પર નિમણૂક મેળવવા માટે વર્ષોથી સખત મહેનત કરી રહ્યા છે અને ખાલી જગ્યાઓ પર નિયમિત ભરતીની માગ કરી રહ્યા છે. જોકે, આ છૂટ માત્ર આ ભરતી પ્રક્રિયા પૂરતી જ સીમિત છે.

સરકારી ઠરાવ મુજબ આ છૂટ તેના બહાર પાડવાની તારીખથી માત્ર એક વર્ષ સુધી જ અમલમાં રહેશે, ત્યારબાદ પરિશિષ્ટ ૨૬માં ઉલ્લેખિત સ્ટેનોગ્રાફર કેડર "ડેડ કેડર" તરીકે જ ચાલુ રહેશે. મંત્રાલયના તમામ વહીવટી વિભાગોને સૂચના આપવામાં આવી છે કે તેઓ સ્ટેનોગ્રાફરની જરૂરી જગ્યાઓ માટેના પ્રસ્તાવો, વિભાગવાર, નિર્ધારિત સમયગાળામાં અને નિર્ધારિત ફોર્મેટમાં મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશનને મોકલે. (પીટીઆઈ)

# આ સિસ્ટમ દ્વારા કરવામાં આવેલી હત્યા છે: દીપકે

ધારાશિવ: 'કોકરોચ જનતા પાર્ટી' (સીજેપી) ના સ્થાપક અભિજિત દીપકેએ એમપીએસસીના ઉમેદવાર પ્રથમેશ દેશમુખની આત્મહત્યાને તંત્ર દ્વારા કરવામાં આવેલી હત્યા ગણાવી હતી અને કહ્યું હતું કે સરકારે આવી ઘટનાઓ ફરી ન બને એ સુનિશ્ચિત કરવું જોઈએ.

મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી)ની પરીક્ષાઓની તૈયારી કરી રહેલા દેશમુખ (૨૮)નું પુણેમાં કથિત રીતે આત્મહત્યા કરવાથી મૃત્યુ થયું હતું. તેણે પાછળ એક ચિઠ્ઠી છોડી હતી જેમાં તેના પર લગભગ ૨.૫ લાખ રૂપિયાનું દેવું હોવાનો ઉલ્લેખ હતો. તે ધારાશિવના પરંડાનો વતની હતો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી દરમિયાન પુણેમાં નવી પેઠ વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતો હતો. દીપકેએ ગુરુવારે ધારાશિવના ખાસાપુરી ગામની મુલાકાત લીધી અને દેશમુખના પરિવારજનોને મળ્યા હતા. બાદમાં પત્રકારો સાથે વાત કરતા દીપકેએ કહ્યું કે દેશમુખ નોકરી મેળવવા અને પોતાના પરિવારને ગરીબીમાંથી બહાર લાવવાના સપના સાથે પુણે આવ્યો હતો. ગ્રામીણ વિસ્તારોમાં પ્રવર્તતી વ્યવસ્થા, બેરોજગારી અને યુવાનોની આર્થિક સ્થિતિથી કંટાળીને દેશમુખે આત્યંતિક પગલું ભર્યું હતું. તેમણે ઉમેર્યું કે ગ્રામીણ વિસ્તારોમાંથી આવતા એમપીએસસીના ઉમેદવારોને પુણે જેવા શહેરમાં પોતાનો ખર્ચ પૂરો કરવા પડકારનો સામનો કરવો પડે છે. તેમણે ઉમેર્યું કે લોકો અનામતની માગ કરી રહ્યા છે કારણ કે સરકાર યુવાનોને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને રોજગાર પૂરા પાડવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. દીપકેએ એમ પણ કહ્યું કે સીજેપી અગાઉ માત્ર એમપીએસસીના ઉમેદવારોના આંદોલનને સમર્થન આપતું હતું, પરંતુ હવે તે પોતે પણ આ આંદોલનમાં જોડાશે. પીટીઆઈ

# નેશનલ અવૉર્ડ દિલ્હીની બહાર ખસેડાતા વિપક્ષનો કેન્દ્ર પર પ્રહાર, ગુજરાત પ્રત્યે વિશેષ ઝુકાવનો આરોપ

મુંબઈ : મહારાષ્ટ્રમાં વિરોધ પક્ષોએ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ દિલ્હીથી ગુજરાત ખસેડવા બદલ કેન્દ્ર સરકારની ટીકા કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે રાષ્ટ્રીય રાજધાની તથા મુંબઈના મહત્ત્વને ઘટાડવા માટે આવું કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ ગુજરાતના કેવડિયા ખાતે ૨૨ સપ્ટેમ્બરે યોજાશે, જેમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ પુરસ્કારો અર્પણ કરશે. કેવડિયાનું નામ બદલીને હવે 'એકતા નગર' કરવામાં આવ્યું છે, જ્યાં સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા આવેલી છે. 'સ્ટેચ્યુ ઓફ યૂનિટી' તરીકે ઓળખાતી આ પ્રતિમાનું ઉદ્‌ઘાટન ૨૦૧૮માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.

એનસીપી (એસપી) ના નેતા સુપ્રિયા સુળેએ કહ્યું કે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ નવી દિલ્હીમાં જ યોજાવો જોઈએ, કારણ કે તે દેશની રાજધાની છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે દિલ્હી અને મુંબઈનું મહત્ત્વ ઘટાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે, કારણ કે ક્રિકેટ વર્લ્ડ કપની મેચો અને વિદેશી રાષ્ટ્રાધ્યક્ષોની મુલાકાતો સહિતના વિવિધ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમો હવે વધુને વધુ ગુજરાતમાં યોજાઈ રહ્યા છે.

શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ પણ કહ્યું કે ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર બધું જ ગુજરાત લઈ જવા માગે છે, પછી ભલે તે ઓલિમ્પિક ગેમ્સ હોય કે ક્રિકેટ મેચો. તેમણે સવાલ કર્યો કે શું આ કેન્દ્ર સરકાર માત્ર ગુજરાત માટે છે કે સમગ્ર દેશ માટે? મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરેએ કહ્યું કે ભારતમાં આ પહેલાં ઘણા વડા પ્રધાનો થઈ ગયા છે, પરંતુ તેમાંથી કોઈએ પણ પોતાના ગૃહ રાજ્ય અથવા કાર્યક્ષેત્રના રાજ્યને વાસ્તવિકતા કરતાં વધુ મહાન તરીકે રજૂ કરવાનો બળજબરીપૂર્વકનો પ્રયાસ કર્યો નથી. "ઓસ્કાર સમારોહ લોસ એન્જલસમાં યોજાય છે. ટ્રમ્પ, બુશ કે ઓબામા જેવા (અમેરિકી) પ્રમુખોએ ક્યારેય આ સમારોહને પોતપોતાના ગૃહ રાજ્યોમાં ખસેડવાનો પ્રયાસ કર્યો નથી.અને જો મહારાષ્ટ્ર તથા દક્ષિણનાં રાજ્યો મક્કમ વલણ નહીં અપનાવે, તો આ જ લોકો આખરે સમગ્ર દખ્ખણ પ્રદેશની ઓળખ અને ગૌરવને કચડી નાખશે અને ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હશે," એમ ઠાકરેએ ઉમેર્યું.

# ગણેશમૂર્તિના આગમન-વિસર્જન રૂટ પર ઝાડની ડાળખીઓ ૬૦ ફૂટ સુધી ટ્રિમિંગ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગણપતિબાપ્પાના આગમને ગણતરીના દિવસ બાકી રહ્યા છે અને મોટાભાગના સાર્વજનિક ગણેશોત્સવ મંડળની ગણેશમૂર્તિનું આગમન પણ મંડપમાં થઈ ચૂક્યું છે ત્યારે ફરી એક વખત પાલિકા પ્રશાસન દ્વારા ગણેશના આગમન અને વિસર્જન રૂટ પર ઝાડોની ડાળખીઓની ૫૦ ફૂટ ઊંચાઈ સુધી છટણી કરવાનું કામ હાથમાં લેવામાં આવવાનું છે. ભાજપના નગરસેવક અને સ્થાયી સમિતિના સભ્ય તેજિંદર સિંહ તિવાનાએ ગણેશમૂર્તિના આગમન અને વિસર્જન રૂટ પર બંને તરફ ઝાડની ડાળખી ઓછામાં ઓછી ૫૦ ફૂટ ઊંચાઈ સુધી છટણી કરવાની માગણી કરી હતી. તેમણે સ્થાયી સમિતિમાં એવો દાવો કર્યો હતો કે હાલ પરેલ સહિત મુંબઈના જુદા જુદા વર્કશોપમાંથી સાર્વજનિક ગણેશોત્સવ મંડળો પોતાની ઊંચી મૂર્તિને મંડપમાં લઈ જઈ રહ્યા છે પણ તેમના માર્ગમાં આવતા મોટા ઝાડ અને તેની ડાળખીઓ તેમ જ તેના પર લટકતા કેબલો અવરોધરૂપ બની રહ્યા છે. તેથી જે ટ્રોલી પરથી ગણપતિની મૂર્તિ લઈ જવામાં આવતી હોય છે એ ટ્રોલી પર ખાસ માણસો મોટી લાકડીઓ સાથે ઊભા રહીને ખાસ ધ્યાન રાખતા હોય છે કે કોઈ ડાળખી મૂર્તિની સામે અવરોધ નિર્માણ ના કરે.

નગરસેવકના દાવા મુજબ આ વર્ષે ઝાડની ડાળખીઓનું યોગ્ય રીતે છટણીનું કામ કરવામાં આવ્યું નથી. તેથી મંડળોના સ્વયંસેવકોને પોતાના જીવ મુઠ્ઠીમાં લઈને ઝાડની ડાળખીઓ હટાવવાનું કામ કરવું પડતું હોય છે. આ દરમ્યાન પાલિકાના ઉદ્યાન વિભાગના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ચોમાસાના આગમન પહેલા જ મુંબઈના મોટામોટા ઝાડનું ટ્રિમીંગ કરવામાં આવ્યું હતું. આ બાદ ગણેશોત્સવની તૈયારીના ભાગ રૂપે ફરી એક વખત ગણેશમૂર્તિના આગમન અને વિસર્જન રૂટ પરના ઝાડોની ડાળખીઓના છટણીનું કામ અમે થોડા દિવસ પહેલા જ પૂરું કર્યું હતું. છતાં કોઈ વિસ્તારમાંથી તેને લગતી ફરિયાદ આવી તો અમે સંબંધિત વિસ્તારમાં ફરી ઝાડનું ટ્રિમીંગ કરી દઈશું.

# આઈઆઈએમ નાગપુરે ટ્રાફિક વ્યવસ્થાપન અંગે ગોવા સરકાર સાથે કરાર કર્યા

મુંબઈ : ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઇઆઇએમ) નાગપુરે જણાવ્યું હતું કે તેણે પણજી, માર્ગાઓ અને સાન્ક્વેલિમ માટે ટ્રાફિક-વ્યવસ્થાપન અને રાહદારી-અવરજવર માટે (પેડેસ્ટ્રિયન-ઈવેક્યુએશન) મોડલ્સ વિકસાવવા માટે ગોવા સરકાર સાથે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આઇઆઇએમ નાગપુરના 'સેન્ટર ફોર લોજિસ્ટિક્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ પ્રોજેક્ટ મેનેજમેન્ટ' (સીએલઆઇપી) એ બુધવારે ગોવાના 'પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ' (પીડબ્લ્યુડી) સાથે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. સંસ્થાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ કરારનો ઉદ્દેશ્ય રાજ્યના મુખ્ય માર્ગો માટે ટ્રાફિક-વ્યવસ્થાપન અને રાહદારીઓની સુરક્ષિત અવરજવર (પેડેસ્ટ્રિયન-ઇવેક્યુએશન) માટેના મોડલ્સ વિકસાવવાનો છે.

૧૨ મહિનાના આ પ્રોજેક્ટ અંતર્ગત,આઇઆઇએમ નાગપુર પણજીમાં કેટીસી સર્કલ, દિવજા સર્કલ અને મર્સેસ સર્કલ તેમજ મડગાંવ અને સાન્ક્વેલિમના રોડ નેટવર્ક માટે મોડલ તૈયાર કરશે.આઇઆઇએમ નાગપુરના 'સેન્ટર ફોર લોજિસ્ટિક્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ પ્રોજેક્ટ મેનેજમેન્ટ' સાથે સહયોગ કરનારું ગોવા ત્રીજું રાજ્ય બન્યું છે. સીએલઆઇપી એ અગાઉ ૨૦૨૭માં નાસિક અને ત્ર્યંબકેશ્વર ખાતે યોજાનારા કુંભ મેળા માટે ભીડ-વ્યવસ્થાપન માટે મહારાષ્ટ્ર સરકાર સાથે અને ૨૦૨૮માં ઉજ્જૈન ખાતેના કુંભ મેળા માટે મધ્યપ્રદેશ સરકાર સાથે સમજૂતી કરારો કર્યા છે.

"વ્યવસ્થાપન સંસ્થાઓએ વર્ગખંડોની સીમાઓથી આગળ વધીને નાગરિકોને સીધી અસર કરતા પડકારોના ઉકેલ લાવવામાં યોગદાન આપવું જોઈએ. ગોવા સાથેની આ ભાગીદારી આઇઆઇએમ નાગપુર માટે એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે," તેમ આઇઆઇએમ નાગપુરના ડાયરેક્ટર ડૉ. ભીમરાયા મેટ્રીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

## હિન્દુ મરણ

**લુહાર સુતાર જ્ઞાતિ**

અ. સૌ. જયાબેન બાલુભાઇ પરમાર (ગામ ચિત્તળ હાલ મુંબઇ) તા. ૮-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે વિનોદ, દિલીપ, નિતીન, ભાવેશના માતુશ્રી. નટુભાઇ, રસિકભાઇ, નંદુબેન, લાભુબેનના ભાભી. કુંદન, નયના, હેતલ, રાજશ્રીના સાસુ. અભિ, પાર્થ, જનક, શિખા, જશ, દેવર્ષિ, ભાગ્યરાજના દાદી. રાજ, ભાવિકા, યેશા, વૈદેહિના દાદીસાસુ. યર્શાના પરદાદી. પ્રાર્થનાસભા તા. ૧૧-૯-૨૬ના સાંજે ૫થી ૭, શુક્રવારના સન્યાસ આશ્રમ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ).

**કપોળ**

પાલિતાણાવાળા હાલ કાંદિવલી સ્વ. વિદ્યાબેન હિંમતલાલ દુલેરાય પારેખના પુત્રવધૂ. તે સ્વ. હરેશભાઇના ધર્મપત્ની. ગં. સ્વ. રશ્મિબેન (ઉં. વ. ૭૫) તા. ૮-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ભાવના હિમાંશુ દેસાઇ, પારુલ ભાવીન મહેતાના માતુશ્રી. યેશા-ફેનીલ, સ્વ. ખુશી-ક્રિશના નાનીમા. તે ભિવંડીવાળા, સ્વ. પુષ્પાવતી વૃજલાલ મહેતાના દીકરી. સ્વ. યોગેશ, કૌશીક, શૈલેશના મોટાબેન. પ્રાર્થનાસભા તા. ૧૨-૯-૨૬ શનિવારના કેવલબાગ, કીલાચંદ રોડ, ફલાયઓવરની નીચે, શંકરગલી સામે, કાંદિવલી (વેસ્ટ), સાંજે ૫થી ૭. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

મુંબઇ નિવાસી સ્વ. કિશોરભાઇ ચુનિલાલ મોટલાના ધર્મપત્ની શશીકલા કિશોર મોટલા (ઉં. વ. ૮૬) તા. ૯-૯-૨૬ના અવસાન પામેલ છે. તે સોનલ અને સુકેતુના માતુશ્રી. પૂજાબેનના દાદી તથા મુકેશભાઇ વશી અને સોનાલિબેનના સાસુમા. પ્રાણવલભદાસભાઇ, ઉમેશચંદ્રભાઇ, કાન્તિભાઇ, હિંમતભાઇ, સુર્વિરભાઇ અને લક્ષ્મીબેન. પિયરપક્ષ-મદલાની પરિવાર. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી મચ્છુ કઠિયા સઇ સુતાર જ્ઞાતિ મુંબઇ**

ગામ છસરા હાલ ઘાટકોપર રૂકમણીબેન રામજીભાઇ પરમાર (ઉં.વ. ૭૨) તા. ૮-૯-૨૬ના રામશરણ પામેલ છે. સ્વ. રામજી લખમશી પરમારના ધર્મપત્ની. દીનેશ, મંજુલા, પ્રતિમા, ઇલા, ભારતી, હીનાના માતુશ્રી. રેખાના સાસુજી. સચિન અને ભૂમિકના દાદીજી. બ્રિન્દાલીના દાદી-સાસુજી. પ્રાર્થનાસભા તા. ૧૧-૯-૨૬ શુક્રવારના સાંજે ૪થી ૫. ઠે. બાલાજી મંદિર હોલ, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**પરજીયા સોની**

બાબરાવાળા હાલ બોરીવલી, સ્વ.બાબુભાઈ હરિદાસભાઈ જગડાના પુત્રવધૂ તથા સ્વ. અશોકભાઈ જગડાના ધર્મપત્ની ગં.સ્વ. જયશ્રીબેન અશોકભાઈ જગડા (ઉં.વ.૬૮) તા. ૯/૯/૨૬, બુધવારના પ્રભુચરણ પામેલ છે. તે ધર્મેશભાઈ અને દુષ્યંતભાઈના માતુશ્રી. રાધિકાબેન તથા નમ્રતાબેનના સાસુ. ચારણીયાવાળા સ્વ. ત્રિભુવનભાઈ મેરામભાઈ ધકાણના દીકરી. પ્રાર્થનાસભા તા. ૧૧/૦૯/૨૬, શુક્રવારના સાંજે ૫:૦૦ થી ૬:૦૦. સોનીવાડી, બોરીવલી વેસ્ટ.

**કપોળ**

મહુવાવાળા હાલ ઘાટકોપર, સ્વ. રંજનબેન રમણલાલ પારેખના પુત્ર બીપીનભાઈ (ઉં.વ.૬૯) તા. ૮.૦૯.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે જાગૃતિબેનના પતિ. નિશિત-ભક્તિના પિતા. કિશોરભાઈ, સ્વ. જયપ્રકાશભાઈ, અ.સૌ. ભારતીબેન અજીતભાઈ વોરા, અ.સૌ. વીણાબેન હર્ષદભાઈ મહેતાના ભાઈ, જામનગરવાળા સ્વ. ભાઈલાલભાઈ પ્રાગજીભાઈ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૧.૦૯.૨૬ શુક્રવારના સાંજે ૫ થી ૭. સ્થળ: લવંડર બાગ, ૯૦ ફિટ રોડ, ઘાટકોપર ઇસ્ટ.

**મેઘવાળ**

ગામ ખાખરીયા હાલ બોરીવલી, જીતેન્દ્રભાઈ જેસીંગભાઇ રાઠોડ (ઉં.વ.૫૫) ૮/૯/૨૬ના દેવલોક પામેલ છે. તે જેસીંગભાઇ વાલજીભાઇ રાઠોડના પુત્ર. પુજાબેનના પતિ. હર્ષીવના પિતા. મનોજભાઈના ભાઈ. સ્વ. માવજી લાલ ચૌહાણના જમાઈ. પ્રાર્થનાસભા ૧૨/૯/૨૬ના ૪ થી ૬. ઠે. શ્રી હનુમાન સેવા સમિતિ, જૂની એમ એચ બી કેલોની ગોરાઈ રોડ બોરીવલી વેસ્ટ.

**પરજીયા સોની**

ગં. સ્વ. સરોજબેન વ્રજલાલ સોની (ઉં.વ.૮૬) કાશીરામ ભાઈ હંસરાજ ચોક્સીના દીકરી. તે મુકેશ, સ્વ. વિજય તથા અમીના માતુશ્રી. તા. ૯/૯/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**મેઘવાળ**

સ્વ. દેવજીભાઈ વાઘેલા (ઉં. વ. ૭૦) ગામ રાંદલના દડવા, હાલ ચારકોપ, કાંદિવલી, મંગળવાર, તા. ૮/૯/૨૬ના સ્વર્ગસ્થ પામ્યા છે, તે ગં.સ્વ. લક્ષ્મીબેન અને સ્વ. કરસનભાઈ આણંદભાઈ વાઘેલાના પુત્ર. દિવાળીબેનના પતિ. પુષ્પાબેન, શૈલેષભાઈ, નંદાબેન અને સોનીબેનના પિતાશ્રી. રીતુ, જીતુભાઈ, દીપકભાઈ, રાજેશભાઈ અને મીનાબેનના સસરા. મંજુબેન, ઉષાબેન, સ્વ. ગોવિંદભાઈ અને સ્વ. કિશોરભાઈના ભાઈ. મકવાણા પરિવારના જમાઈ. તેમના બારમાની વિધિ શનિવાર, તા. ૧૨/૦૯/૨૬ના સાંજે ૫.૦૦ કલાકે, સોનીવાડી, સિમ્પોલી લેન, એસ. વી. રોડ. એચડીએફસી બેંકની પાછળ બોરીવલી વેસ્ટ.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સમઢીયાળાવાળા (મુલાણી) નિવાસી હાલ મુલુંડ સ્વ. ભોગીલાલ જગજીવનદાસ ગાંધીના સુપુત્ર ભરતભાઇ ગાંધીના ધર્મપત્ની રેખાબેન (ઉં. વ. ૬૮) તા. ૯-૯-૨૬ બુધવારના અવસાન પામેલ છે. તે ધૃતી અને કિંજલના માતુશ્રી. હેમંત કુમાર અને સાગર કુમારના સાસુ. નીલાબેન સુરેશકુમાર શેઠના ભાભી. પિયરપક્ષે સ્વ. નિર્મલાબેન કાંતિલાલ પ્રાણજીવનલાલ દોશી (સાવરકુંડલાવાળા)ના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝા. દ. દિગંબર જૈન**

બરવાળા ઘેલાશા નિવાસી હાલ મુલુંડ સ્વ. નયનાબેન જયંતિલાલ દોશીના સુપુત્ર નિલેશભાઇ જયંતીલાલ દોશી (ઉં. વ. ૫૮) તેમનું તા. ૯-૯-૨૬ના દેહપરિવર્તન થયેલ છે. તે દિપ્તીબેનના પતિ. તે થાનગઢ નિવાસી સ્વ. ચંદ્રકાંતભાઇ શાહના જમાઇ. દિશાંક તથા વીતરાગના પિતાશ્રી. ખુશાલી તથા નિશિતાના સસરા. સતીષભાઇ, સ્વ. લલિતભાઇ તથા કમલેશભાઇના ભત્રીજા. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બોટાદ નિવાસી હાલ વડાલા હસમુખભાઈ (ઉં. વ. ૯૦) તે ચંપાબેન ઠાકરશી જશરાજ વોરાના પુત્ર. મીરાંબેનનાં પતિ. રાજેશ-મનિષા, સેજલ-નિલેશના પિતાશ્રી. બોટાદ નિવાસી જેઠાલાલ પ્રીતમલાલ દોશીના જમાઈ. ક્રિશ, ગૌરવ અને ઋષભનાં દાદા. તા. ૦૯-૯-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ જૈન**

કસુંબિયાં વાડો, સ્વ. ગુણવંતીબેન પૂનમચંદ શાહના પુત્રી અને સ્વ. મહેન્દ્રભાઈ ચંપકલાલ શાહના પત્ની અરુણાબેન (ઉં. વ. ૮૩), તે દેવાંશ અને નિપૂણના માતુશ્રી. વિભા અને શેફાલીના સાસુ. પૂરવ અને ખુશના દાદી. સ્વ. રસીલાબેન, સ્વ. દિનેશભાઈ, સ્વ. જયોત્સનાબેન, સુભાષભાઈ, ભૂપેન્દ્રભાઈ, યોગેશભાઈ, ઉષાબેનના ભાભી તા. ૧૦-૦૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લાયજાના અરવિંદ ગણશી હંસરાજ સાવલા (ઉં. વ. ૬૯) તા. ૮-૯-૨૬ના અવસાન પામેલ છે. કેસરબેન ગણશીના પુત્ર. હર્ષદાના પતિ. મયંકના પિતા. જેઠાલાલ, છગનલાલ, રતિલાલ, લક્ષ્મીચંદ, દિપકના ભાઈ. રાયણ ભાનુમતી (જયા) ધનજી રવજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે. નિ. અરવિંદ સાવલા, સી-૨, ટી-૧૧૪, મહાવીર જૈન કો.હા.સો., શંકર ગલ્લી, કાંદિવલી (વે).

દેઢીઆના ભાણબાઈ પાસુભાઈ પાસડ (ઉં. વ. ૯૦) તા. ૯-૯-૨૬ ના અવસાન પામેલ છે. રતનબેન મોતી હિરજીના પુત્રવધૂ. પાસુભાઈના પત્ની. ખુશાલ, જયંતી, વિજયના માતુશ્રી. શેરડીના દેવાબાઈ વેલજીના પુત્રી. પ્રેમજીભાઈના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિજય પાસડ, અ-૨૦૧, શિતલ દર્શન, પાંડુરંગ વાડી, મોડલ સ્કુલ, ડોંબિવલી (ઈ).

સામખીયારીના ડો. હેમરાજ વીરમ હરગણ શાહ (છેડા) (ઉં. વ. ૮૬) ૮-૯-૨૬ના અવસાન પામ્યા છે. સ્વ. ધનીબેન વીરમ હરગણના સુપુત્ર. સ્વ. કેશરબેનના પતિ. ઉદય, સ્વ. રેખા, અરવિંદના પિતાશ્રી. મણશી, સ્વ. વેલજી, સ્વ. લક્ષ્મીબેન, સ્વ. લીલાબેન, સ્વ. આસઈબેનના ભાઈ. લાકડીયાના સ્વ. નાનુબેન આસુભાઈ મેપશી ગાલાના જમાઈ. પ્રાર્થના : શુક્રવાર, તા. ૧૧-૯-૨૬, બપોરે ૧.૩૦ થી ૪.૧૫. પ્રાર્થના સ્થળ : યોગી સભાગૃહ, દાદર (ઈસ્ટ). નિવાસ : ઉદય શાહ, ૧૪૧-બી, લોઈડ્સ ગાર્ડન, આપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ-૨૫.

# કલ્યાણ વિભાગમાં એક મહિનામાં વીજ ચોરીના ૧,૧૦૦થી વધુ કેસ

ઠાણે: મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડે આગસ્ટ મહિના દરમિયાન હાથ ધરવામાં આવેલા દરોડામાં કલ્યાણ સર્કલમાં કુલ ૨.૧૩ કરોડ રૂપિયાની વીજ ચોરીના ૧,૧૮૯ કિસ્સા પકડી પાડ્યા છે. મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડે એક નિવેદનમાં જણાવ્યું હતું કે નિયમોનું ઉલ્લંઘન કરનારા તમામ ગ્રાહકોને કાયદાકીય નોટિસ મોકલવામાં આવી છે. તેમાં જણાવાયું છે કે ઉલ્હાસનગર વિસ્તારમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. નિવેદન અનુસાર, દરોડા બાદ ૧૬૭ ગ્રાહકોએ કુલ રૂ. ૫.૭૭ લાખની રકમ જમા કરાવીને તેમના દંડની પતાવટ કરી છે. (પીટીઆઈ)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

મધ્ય ગુજરાત આવૃત્તિ
■ શુક્રવાર ■ તા. ૧૧-૯-૨૦૨૬
મુંબઈ સમાચાર
મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી


# થિયેટર મંદિરમાં ફેરવાઈ જાય ત્યારે...

## એક જ વ્યક્તિની બે બાયોપિકમાંથી એકને પીઠ દેખાડાય છે, બીજીને ગળે વળગાડાય છે ને દર્શકો ભક્તગણ બની જાય છે

પ્રેક્ષક માઈબાપ ક્યારે કઈ ફિલ્મનાઢ ઓવારણાં લે, એને માથે મૂકીને નાચે અને ક્યારે કોની ઘોર અવગણના કરી પીઠ દેખાડી દે એના કોઈ ગણિત કે તર્ક નથી હોતા.

હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીના સંદર્ભે આ વાત વધુ એક વાર સોળ આના સાચી સાબિત થઈ છે.

એક જ સંત (હનુમાન ભક્ત નીમ કરોલી બાબા - મૂળ નામ લક્ષ્મણ નારાયણ શર્મા)ના જીવન પરથી સવા બે મહિનાના અંતરાલમાં બે ફિલ્મ રિલીઝ થઈ. ૨૯મેના દિવસે રિલીઝ થયેલી ફિલ્મનું નામ છે 'શ્રી બાબા નીબ કરોરી મહારાજ' અને સાતમી ઑગસ્ટે રિલીઝ થયેલી ફિલ્મનું ટાઇટલ છે 'હનુમાન અંશ'. પહેલી ફિલ્મમાં લક્ષ્મણ નારાયણ શર્માના એક ધનવાન જમીનદાર પરિવારના પ્રારંભિક જીવનથી શરૂ કરીને, તેમના આધ્યાત્મિક જાગરણ, ચમત્કારો અને અંતે ઉત્તરાખંડમાં પ્રખ્યાત કૈંચી ધામ આશ્રમની સ્થાપના સુધીની સફરને દર્શાવવામાં આવી છે.





'હનુમાન અંશ'માં શોભિનવ સત્યા


સંજય મિશ્રા 'તેરા સાંઈ'માં

બીજી તરફ 'હનુમાન અંશ'માં માતાના અવસાન બાદ ૧૩ વર્ષની ઉંમરેથી શરૂ થતી લક્ષ્મણ નારાયણની આધ્યાત્મિક યાત્રા, ભગવાન હનુમાન અને શ્રી રામ પ્રત્યેની તેમની ભક્તિ અને ઉત્તર ભારતમાં ભ્રમણથી સિદ્ધ સંત સુધીનો પ્રવાસ દર્શાવે છે. ફિલ્મમાં રામભક્ત હનુમાનજીની કથા નથી, બલકે ભક્તો જેમને હનુમાનજીનો અવતાર માને છે એ ૨૦મી સદીના આધ્યાત્મિક સંત અને ગુરુ નીમ કરોલી બાબાની જીવન કથની પર આધારિત છે.

ફરક સ્પષ્ટ છે. પહેલી ફિલ્મમાં માનવીય તત્ત્વો વધુ હોવાનો ખ્યાલ આવે છે જ્યારે બીજીમાં દૈવી તત્ત્વ ભારોભાર હોવાનું જણાય છે.' શ્રી બાબા નીબ કરોરી મહારાજ' ફિલ્મને જાકારો આપી દર્શકોએ પીઠ દેખાડી દીધી છે. ફિલ્મ ફ્લૉપ થઈ છે. બીજી તરફ 'હનુમાન અંશ'ને લોકોએ વધાવી લીધી છે. માત્ર બે કરોડના બજેટમાં તૈયાર થયેલી 'હનુમાન અંશ' આ સોમવાર (૭ સપ્ટે.) સુધીમાં ૧૫૬ કરોડનો વકરો કરવામાં સફળ રહી હોવાના અહેવાલ છે. ગુજરાતી વેપારીની ભાષામાં વળતર કેટલું એનો હિસાબ માંડીએ તો ફિલ્મને અધધ કહી શકાય એવું ૭૭૦૦ ટકાનું રિટર્ન્સ મેળવવામાં સફળતા મળી છે. સ્વદેશમાં મળેલી સફળતાથી પોરસાઈને 'હનુમાન અંશ' પરદેશમાં પણ રિલીઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એના વિતરણ હકો ખરીદી આજે (૧૧ સપ્ટેમ્બરે) વિદેશમાં રિલીઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારતમાં ફિલ્મને દર્શકોનો જે પ્રતિસાદ સાંપડ્યો છે એની સામે વિદેશમાં કેવો આવકાર મળે છે એના પર મેકરો મીટ માંડીને બેઠા છે.

'Divine Detour: That Changed My Life' પુસ્તક પર આધારિત આ ફિલ્મ કુલ ત્રણ ભાગમાં તૈયાર કરવાનું આયોજન છે. ઍક્ટર વરુણ ધવન અને દિગ્દર્શક આદિત્ય ધરે સોશ્યલ મીડિયા પર 'હનુમાન અંશ'ની પ્રશંસા કરી છે. જોકે, આ સંદર્ભે ફિલ્મના દિગ્દર્શક વિશાલ ચતુર્વેદીની પ્રતિક્રિયા ઘણી બોલકી છે. એક પૉકાસ્ટમાં ડિરેક્ટરે જણાવ્યું હતું કે 'ફલ્મને સફળતા મળવાનું શરૂ થતાં હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીના કેટલાક લોકોએ ફોન કરી મને અભિનંદન આપ્યાં. મારે એમનાં નામ જાહેર નથી કરવાં. અભિનંદન આપનારી વ્યક્તિમાં એક નામ જાણીતા ફિલ્મમેકર મધુર ભંડારકરનું પણ હતું, જેમની પાસે મેં કોઈ પણ પ્રકારની મદદ નહોતી માગી. અન્ય લોકોનાં નામ હું એટલા માટે નથી લેતો કે મેં તેમની મદદ માગી હતી, પણ તેમણે મદદ નહોતી કરી. હવે સૌ સારા વાનાં થયાં એટલે બધા અભિનંદન આપી રહ્યા છે.'

બોલપટ શરૂ થયા એ પહેલાં મૂકપટ - મૂગી ફિલ્મો બનાવવાનું ચલણ હતું. હાલ એકવીસમી સદીનો ત્રીજો દાયકો ચાલી રહ્યો છે. ૧૦૦ વર્ષ પહેલાં વીસમી સદીના ત્રીજા દાયકામાં પૌરાણિક ચિત્રો, ધાર્મિક ચિત્રો અને ભક્તિ ચિત્રો વધુ બનતાં. ૧૯૨૦ -૧૯૨૪ દરમિયાન જે મૂગી ફિલ્મો બની એમાં ૭૦ ટકા ફિલ્મો પૌરાણિક શૈલીની હતી. એકવીસમી સદીના પ્રારંભમાં શહેરી રોમેન્સ, ક્રાઇમ થ્રિલર્સ તેમ જ એનઆરઆઇ ડ્રામા કેન્દ્રમાં હતા, પણ પછી ઇન્ડસ્ટ્રી 'ધર્મમ શરણં ગચ્છામિ' થઈ એવું ચિત્ર ઊપસ્યું હતું. આ વર્ષની સુપરહિટ ભક્તિપ્રધાન ફિલ્મ 'હનુમાન અંશ' એનું તાજું ઉદાહરણ છે. ૧૯૨૦ના દાયકામાં થિયેટરો મંદિર જેવાં લાગતાં હતાં એ જ રીતે 'હનુમાન અંશ'ના શો દરમિયાન કેટલાક સિનેમા હૉલ ભક્તિમય સ્થળોમાં ફેરવાઈ ગયા છે. થિયેટરોમાં લોકો સામાન્ય હૉલની જેમ નહીં, પણ મંદિરની પવિત્રતા જાળવતા હોય એમ બુટ-ચંપલ બહાર ઉતારીને ફિલ્મ જોવા ગયા હતા. કેટલેક ઠેકાણે ફિલ્મની શરૂઆતમાં અને ક્લાઇમેક્સનાં દૃશ્યો દરમિયાન આખો હૉલ એકસૂરે 'જય શ્રી હનુમાન' અને 'જય શ્રી રામ'ના નારાઓથી ગૂંજી ઉઠ્યો હોય એવા અહેવાલ પણ સોશ્યલ મીડિયામાં ફર્યા છે. અમુક થિયેટરોમાં બહાર નીકળતા દર્શકોને બુંદીના લાડુ, પાણી અને સુંદરકાંડની ચોપડીઓ પ્રસાદ સ્વરૂપે મફત આપવામાં આવી હોય એવા વીડિયો પણ જોવા મળ્યા છે. કોઈ પણ પ્રમોશન વિના માઉથ પબ્લિસિટીથી આ ફિલ્મ હિટ થઈ છે. ગયા વર્ષે રિલીઝ થયેલી ગુજરાતી ફિલ્મ 'લાલો-કૃષ્ણ સદા સહાયતે'ના સ્ક્રીનિંગ વખતે પણ ભાવુક થયેલા દર્શકો થિયેટરમાં કૃષ્ણભક્તિના નારા લગાવતા અને ગરબા રમવા લાગ્યા હોવાના અહેવાલ આવ્યા હતા.

'હનુમાન અંશ'ની સફળતાથી હિન્દી ફિલ્મોમાં વિવિધ છટાના રોલથી પ્રભાવ પાડનાર ઍક્ટર સંજય મિશ્રા ખુશ થયો છે. વાત એમ છે કે સાંઈબાબાના જીવન અને કવન પર આધારિત ફિલ્મ 'તેરા સાંઈ'માં સંજય સાંઈબાબાની ભૂમિકામાં છે. આવતા વર્ષે ફેબ્રુઆરીમાં હિન્દી ઉપરાંત મરાઠી, તમિળ અને તેલુગુમાં રિલીઝ કરવામાં આવશે એવી ઘોષણા કરવામાં આવી છે. પલાશ મુચ્છલ દિગ્દર્શિત આ ફિલ્મમાં સયાજી શિંદે, અવિકા ગોર અને મનોજ જોશી પણ છે. ■

---

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

# ફારુખ બલસારાથી ફ્રેડી મર્ક્યુરીઃ આપરો પારસી રૉક સ્ટાર

*હું રૉક સ્ટાર નહીં બનું, હું એક દંતકથા બનીશ*

..............................

*હું તો હંમેશાં જાણતો હતો કે હું 'સ્ટાર' છું, પણ હવે આખી દુનિયા એ વાત માનવા લાગી છે*

..............................

*મારે સ્વર્ગમાં નહીં નર્કમાં જવું છે. ત્યાં કેટકેટલાં ઇન્ટરેસ્ટિંગ માણસોને મળવાનો મોકો મળશે, વિચાર કરો!*

..............................

સ્વિટ્ઝર્લેન્ડના લેક જીનિવા કિનારે મોન્ટ્રો શહેરમાં ૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ એક અજબ બર્થ-ડે પાર્ટી ઊજવાઇ. જેનો જન્મદિવસ હતો એને મૃત્યુ પામ્યાને૩૫ વર્ષ થઈ ગયાં હતાં!

આમ છતાં દુનિયાભરમાંથી હજારો ચાહકો 'ફ્રેડી મર્ક્યુરી'ના પૂતળા પાસે ઊમટી પડ્યા. કોઈ ફ્રેડીનું ફેમસ પીળું જૅકેટ પહેરીને આવેલું તો કોઈએ એની પ્રખ્યાત મૂછો બનાવી હતી. ફ્રેડીની બહેન કશ્મીરા બલસારાએ 'ફ્રેડી, ધ રૉક સ્ટાર'ના ૮૦મા જન્મદિવસની કેક કાપી.


ફ્રેડીનું અસલ નામ- ફારુખ બલસારા. જન્મ ૫ સપ્ટેમ્બર, ૧૯૪૬ના રોજ આફ્રિકાના ઝાંઝીબારમાં પારસી માતા-પિતા બોમી ને જેર બલસારાને ત્યાં. 'બલસારા' અટકનાં મૂળિયાં ગુજરાતના વલસાડ સાથે છે. દુનિયા જેને બ્રિટિશ રોક સંગીતના મહાનાયક તરીકે ઓળખે છે, એ ફ્રેડીના ઘડતરમાં ઝાંઝીબાર ઉપરાંત ગુજરાત, ભારત ને પારસી સંસ્કૃતિની અસર હતી.

નાનો ફારુખ આઠેક વર્ષનો હતો ત્યારે ભારતમાં ભણવા માટે મોકલવામાં આવ્યો. પંચગનીની સેન્ટ પીટર્સ બૉયઝ સ્કૂલમાં આઠ વર્ષ રહ્યો. ત્યાં મિત્રો 'ફ્રેડી' કહેવા લાગ્યા ને એ નામ કાયમનું થઈ ગયું. બાળપણથી પિયાનો શીખેલા ફ્રેડીમાં સાંભળેલી ધૂન તરત પકડી લેવાની આવડત હતી. ૧૨ વરસે જ મિત્રો સાથે 'ધ હેક્ટિક્સ' નામનું પહેલું મ્યુઝિકલ ગ્રુપ બનાવ્યું.

ભારત સાથે ફ્રેડીનો સંબંધ માત્ર ભણવા પૂરતો નહોતો. જે ઉંમરે પર્સનાલિટી ઘડાય એ ટીનએજનાં વર્ષો ફ્રેડીએ ભારતમાં વિતાવ્યાં. પારસી ઘરનો વારસો, પંચગનીની સ્કૂલ, પિયાનો, ફિલ્મો ને પશ્ચિમી સંગીત... આ બધું ફ્રેડીના અજ્ઞાત મનમાં ભળતું ગયું. જોકે પાછળથી બ્રિટનમાં ભારતીય મૂળ વિશે ખાસ કહેતો નહીં. ફ્રેડીને એના દેખાવ અને આગળ નીકળેલા દાંત માટે સંકોચ હતો. જોકે પછી એ જ ફ્રેડીની આગવી ઓળખ બની ગઈ.

૧૯૬૪ની ઝાંઝીબારમાં અંદરોઅંદર બળવો થયો પછી બલસારા ફૅમિલી ઇંગ્લેન્ડમાં આવ્યા.

ફ્રેડીએ ચિત્રકલાનો અભ્યાસ કર્યો, ગુજરાન ચલાવવા રોડ પર જૂનાં કપડાં વેચ્યાં ને નાના-મોટા મ્યુઝિક શોમાં ગાતો રહ્યો. ૧૯૭૦માં બ્રાયન મે અને રોજર ટેલર સાથે જોડાયો. પછી જોન



ડીકન આવ્યા અને 'ક્વીન' નામની યાદગાર ટીમ બની. 'ક્વીન' નામનો આગ્રહ પણ ફ્રેડીનો હતો, કારણ કે એમાં એક જાતનો રાજાપાઠ હતો!

૧૯૭૩માં પહેલું આલબમ આવ્યું, પણ ફ્લૉપ. ૧૯૭૪માં 'કિલર ક્વીન' સફળ થયું ને ૧૯૭૫માં 'બોહેમિયન રેપ્સોડી'એ રોકમ્યુઝિકમાં ઇતિહાસ રચ્યો. ૬ મિનિટના આ ગીતમાં ધીમું ગાયન, ઑપેરા ને ધમાકેદાર રોક બધું જ એકસાથે હતું. રેકોર્ડ કંપનીને લાગ્યું કે આટલું લાંબું ગીત રેડિયો પર નહીં ચાલે. તેને ટૂંકું કરવાની સલાહ અપાઈ, પણ ફ્રેડી માન્યો નહીં. અને એ ગીત બ્રિટનમાં સતત ૯ અઠવાડિયાં નં.૧ પોઝિશન પર ટૉપ પર રહ્યું. એ લાંબું ગીત જ આગળ જતાં 'ક્વીન'ની સૌથી મોટી ઓળખ બન્યું.

ફ્રેડી પોતાની ખામીઓને જ ખૂબી બનાવી શકતો. એક લાઇવ શોમાં માઇકનું સ્ટૅન્ડ તૂટી ગયું તો અડધા સ્ટેન્ડ સાથે જ ગાવાનું ચાલુ રાખ્યું. પછી એ જ અડધું સ્ટૅન્ડ તેની ઓળખ બની ગયું!

પોશાક, મૂછો, ચાલ અને નાટકીય અદાઓ-ફ્રેડી ગાવા ઊભો થાય એટલે આખા સ્ટેજમાં જાન ફૂંકાઈ જતી. ફ્રેડીની કેરિયરની ઐતિહાસિક તારીખ ૧૩ જુલાઈ, ૧૯૮૫. લંડનના વેમ્બલી સ્ટેડિયમમાં એક કૉન્સર્ટ માટે 'ક્વીન' ગ્રુપને માત્ર ૨૧ મિનિટ મળી ને સામે લગભગ ૭૨,૦૦૦ લોકો. ફ્રેડી માત્ર 'એ-ઓ!' ગાય ને આખું સ્ટેડિયમ એની સાથે 'એઓ' ગાય! એ ૨૧ મિનિટ આજે પણ રોક મ્યુઝિકના ઇતિહાસની સૌથી યાદગાર રજૂઆતોમાં ગણાય છે. ૯ ઑગસ્ટ, ૧૯૮૬ના નેબવર્થ પાર્કના કાર્યક્રમમાં ૧ લાખથી વધુ લોકો ઊમટ્યા. 'ક્વીન' સાથે એ ફ્રેડીનો છેલ્લો કાર્યક્રમ બન્યો.

સ્ટેજ પર બિન્દાસ ખુશખુશાલ દેખાતા ફ્રેડીનું અંગત જીવન ખૂબ ગૂંચવાયેલું હતું. જુવાનીમાં મેરી ઑસ્ટિન સાથે પ્રેમ થયો. બંને સાથે રહ્યાં ને લગ્ન સુધી વાત પહોંચી. પછી ફ્રેડીએ પોતાની સેક્સ લાઇફ વિશે મેરીને પ્રમાણિકતાથી કબૂલ્યું. ફ્રેડી 'ગે' હતો ને પુરુષો સાથે તેના સંબંધો રહ્યા. મેરી સાથેનો પ્રેમસંબંધ પૂરો થયો, પણ બંને વચ્ચેની લાગણી જીવનભર રહી. મૃત્યુ પછી પોતાના લંડનનું ઘર અને મિલકતનો મોટો હિસ્સો પણ તે મેરીને આપી ગયેલો.

જીવનનાં છેલ્લાં વર્ષોમાં તેનો પ્રેમી ને સાથી જિમ હટન હતો. વ્યવસાયે હેરડ્રેસર જિમ, ફ્રેડીની તબિયત લથડતી ગઈ ત્યારે પણ તેની સાથે રહ્યો. ફ્રેડીની ભવ્ય પાર્ટીઓ અને બેફામ જીવન બ્રિટિશ અખબારોમાં ચર્ચાતાં રહેતાં. ફ્રેડીને બિલાડીઓ માટે બાળક જેવો પ્રેમ હતો. પ્રવાસમાંથી ઘરે ફોન કરીને બિલાડીઓની ખબર પૂછતો ને ક્યારેક ફોન બિલાડીના કાન પાસે મૂકવાનું પણ કહેતો!

ફ્રેડીની સફળતા માત્ર એના અનોખા અવાજમાં નહોતી. રોકની ધમાલ, ઑપેરાની ભવ્યતા, વિચિત્ર પોશાક, શરીરની મ્યુઝિકલ મૂવમેન્ટ અને પ્રેક્ષકો સાથેનો જીવંત સંપર્કમાં હતી. ફ્રેડીની સૌથી મોટી કળા એ હતી કે એ હજારોની ભીડને એકસાથે ગવડાવી શકતો. ફ્રેડી, સ્ટેજ પર હોય ત્યારે પ્રેક્ષકો માત્ર સાંભળતા નહોતા, લોકો પણ સંગીતનો હિસ્સો બની જતા.

૧૯૮૭માં વિખ્યાત સ્પેનિશ ઑપેરા ગાયિકા 'મોન્ટસેરાત કાબાલ્યે' સાથે તેણે 'બાર્સેલોના' ગાયું. પણ ત્યાં સુધીમાં તો ફ્રેડીને એઇડ્સ થઈ ચૂક્યો હતો. શરીર નબળું પડતું ગયું, છતાં ગાવાનું છોડ્યું નહીં. જીવનનાં છેલ્લા વર્ષોમાં મોન્ટ્રો તેનું પ્રિય શહેર બન્યું. ત્યાંના સરોવર ને પહાડોથી પ્રેરાઈને બનાવેલું 'અ વિન્ટર્સ ટેલ' ફ્રેડીનુ છેલ્લું ગીત ગણાય છે.

૨૩ નવેમ્બર, ૧૯૯૧ના રોજ ફ્રેડીએ એ જમાનામાં બિન્દાસ્ત જાહેર કર્યું કે એને એઇડ્સ છે. બીજા જ દિવસે, ૨૪ નવેમ્બરે, એઇડ્સને કારણે થયેલા ન્યુમોનિયાથી માત્ર ૪૫ વર્ષની ઉંમરે મૃત્યુ!

૧૯૯૬માં મોન્ટ્રોના સરોવર કિનારે ફ્રેડીનું પૂતળું મૂકાયુંઃ ફ્રેડીના એક હાથમાં માઇકનું સ્ટૅન્ડ ને બીજો હાથ આકાશ તરફ.

અને હમણાં ૫ સપ્ટેમ્બર, ૨૦૨૬. એ જ પૂતળા સામે ફરી હજારો લોકોએ ફ્રેડીનો ૮૦મો જન્મદિવસ ઊજવ્યો, ત્યારે એ ભીડમાં ૧૩ વર્ષની એક છોકરી ફ્રેડીનું ફેમસ પીળું જેકેટ પહેરીને ફ્રેડીના પૂતળા પાસે બેઠી તેનું ચિત્ર દોરી રહી હતી. એ છોકરી કે જેનો જન્મ ફ્રેડીના ગયા પછી છેક ૨૨ વરસે થયેલો!

ફારુખ બલસારા માત્ર ૪૫ વર્ષ જીવ્યો પણ રોક સ્ટાર 'ફ્રેડી મર્ક્યુરી' જાણે હજીયે સ્ટેજ પરથી ઊતર્યો જ નથી.! ■

---

નમ્ર-વાણી
વ્યાખ્યાન માળા
રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ



# મારો એકરાર... પરિગ્રહને બનાવીશ પુણ્ય પરિગ્રહ!

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એ હૃદય પરિવર્તનનો અમૂલ્ય અવસર છે. પર્યુષણ એ ગુરુના સાંનિધ્યમાં સત્યની સમજ પ્રાપ્ત કરી, ભૂલોનો એકરાર કરી, હૃદયને સ્નાન કરાવવાનો શુભ અવસર છે.

પર્યુષણના ચતુર્થ દિવસે 'પરિગ્રહ'ની અનુપ્રેક્ષા કરી, introspection કરી, પરિગ્રહના આગ્રહનો પ્રભુ સમક્ષ એકરાર કરી, પરિગ્રહને પુણ્ય પરિગ્રહ બનાવવાનો કરાર કરવાનો છે.

પરિગ્રહ એક એવો ગ્રહ છે જે 'રાહુ' જેવો ગ્રહ બની નડી પણ શકે છે અને 'ગુરુ' જેવો ગ્રહ બની ઉન્નત પણ બનાવી શકે છે.

પરિગ્રહનો સમ્યક ઉપયોગ એટલે પરમાર્થની શુભ ભાવના અને અર્પણતાનું શ્રેષ્ઠ કર્તવ્ય નિભાવવાની પુણ્યશાળી તક! પરિગ્રહનો અસમ્યક ઉપયોગ એટલે સ્વાર્થની ભાવના અને સ્વયંના સુખ માટે સંપત્તિનો ઉપયોગ કરવો!

સંપત્તિનો ઉપયોગ જ્યારે માત્ર ને માત્ર સ્વયંના સુખ માટે જ વપરાય છે ત્યારે તે સંપત્તિ અસૂરી કહેવાય છે અને પાપનો બંધ કરાવે છે.

સંપત્તિનો ઉપયોગ જ્યારે અન્યને સુખી કરવા માટે, અન્યનાં દુઃખ દૂર કરવા માટે, ધર્મ માટે, અર્પણ થાય ત્યારે તે પુણ્યનો બંધ કરાવે છે.

પરિગ્રહનો નિયમ હોય છે, જો એ સૂરી હોય તો તમને સુખી કરે અને અસૂરી હોય તો તમને દુઃખી કરે.

સંપત્તિ જો ભાગ્યની હોય તો સૌભાગ્ય વધારે અને ભાગ્યની ન હોય તો છીનવાઈ જાય.

પરિગ્રહ હંમેશાં નખ જેવો હોય છે.

નખ જ્યારે વધી જાય, ત્યારે તેને cut ન કરીએ તો સ્વયંને જ વાગે, એમ સંપત્તિ જ્યારે સ્વયંની જરૂરિયાતથી વધારે હોય અને તેનો ઉપયોગ અન્યને સુખી કરવા માટે ન વપરાય તો તે સંપત્તિ ક્યારેક સ્વયંની પીડાનું કારણ બની જાય, એ સંપત્તિ hospitalમાં કે સંતાનો દ્વારા અયોગ્ય માર્ગે પણ વપરાઈ શકે છે.

કેટલાક પરિગ્રહ આપણી પીડાને વધારે અને કેટલાક પરિગ્રહ પરમાર્થ કરાવી, પુણ્યને વધારે!

આજ સુધી શું કર્યું છે? સંપત્તિનો પરિગ્રહ કર્યો છે કે એ સંપત્તિમાંથી પુણ્ય ઉપાર્જન કર્યું છે?

પરિગ્રહ જેને ડંખે, એ જ પરિગ્રહને પુણ્ય પરિગ્રહ બનાવી શકે.

પરિગ્રહ માત્ર સંપત્તિનો ન હોય, પરિગ્રહ લાગણીનો હોય, ઇચ્છાનો હોય, વસ્તુઓનો હોય, પદનો હોય, પ્રતિષ્ઠાનો હોય... અનેક પ્રકારના પરિગ્રહ હોય અને એ પરિગ્રહ જ અહંકાર અને ઈર્ષ્યા નામના દોષોને જન્માવે છે અને આત્માને ભૂલાવે છે. આજે પરિગ્રહ ભાવોની અનુપ્રેક્ષા કરતાં-કરતાં, પ્રભુ સમક્ષ વિનયભાવે વંદન કરી, સર્વ પ્રકારના પરિગ્રહ ભાવોનું **तस्स भंते, पडिक्कमामि, निंदामि, गरिहामि अने अप्पाणं वोसिरामि** કરી ધ્યો, એકરાર કરતાં-કરતાં હૃદયને પસ્તાવાના જલથી સ્નાન કરાવી, શુદ્ધ કરી ધ્યો.

પરિગ્રહને પુણ્ય પરિગ્રહ કેવી રીતે બનાવી શકાય?

જગતમાં ત્રણ પ્રકારની વ્યક્તિઓ હોય.

૧. જ્યારે એની કોઈ વસ્તુ ખોવાઈ જાય તો, પ્રથમ કોઈના પર blame કરે અને પછી police complain કરે.

૨. જ્યારે એની કોઈ વસ્તુ ખોવાય જાય, ત્યારે ભાવના ભાવે જેની પાસે હોય, એનું ભલું થાય, એ સુખી થાય.

૩. ત્રીજા પ્રકારની વ્યક્તિ પ્રભુને પ્રાર્થના કરે, જે વસ્તુ મારી પાસે હોય, એ મારા કરતાં, એની જેને વધારે જરૂર હોય, તેને પ્રાપ્ત થજો.

Check yourself... તમે કઈ categoryમાં આવો છો?

એક દિવસ એક carpenterને Indiaથી Africaના remote villageમાં transfer થયેલાં doctorના ઘરનો સામાન pack કરી, parcel કરવાની duty મળી હતી. Carpenter ભાઈ બધાંનું ભલું થજો... બધાંનું ભલું થજો... એવા શુભ ભાવ સાથે સામાન pack કરતા હતા. બધો સામાન pack થઈ ગયો અને એમણે Africa parcel કરાવી દીધો.

થોડી વાર પછી એને specsની જરૂર પડી. આસપાસ દરેક possible placesમાં જોયું પણ ક્યાંય specs ન મળ્યાં.

એ ભાઈએ ન કોઈના પર આક્ષેપ કર્યો કે ન આકુળ-વ્યાકુળ થયા. એમણે શાંતિથી ભગવાનને પ્રાર્થના કરી, 'ભગવાન મારા specs, મારા કરતાં જેને વધારે જરૂર હોય, તેમને પ્રાપ્ત થજો!' અને એ ભાઈ એમના workમાં busy થઈ ગયા.

આ બાજુ બન્યું એવું કે Africaમાં doctorના specs તૂટી ગયાં. Remote areaમાં હોવાથી નવા specs લાવવા કે મગાવવા બહુ difficult હતાં. એટલે એમણે ભગવાનને પ્રાર્થના કરી, ભગવાન! Specs વિના હું operations કેવી રીતે કરી શકીશ અને હું નવા specs ક્યાંથી અને કેવી રીતે મગાવું એ સમજાતું નથી, ભગવાન! આપ કંઈક કૃપા કરજો!

બીજે દિવસે Indiaથી એમનું parcel આવ્યું . એમણે parcel open કર્યું એક પછી એક વસ્તુઓ બહાર કાઢી ત્યાં એમના હાથમાં એક specs આવ્યાં. એમણે પહેરીને જોયાં, બરાબર થઈ ગયાં, Size અને number perfect set થઈ ગયાં. એમણે ભાવથી ભગવાનનો આભાર માન્યો. એ specs પહેરી, તેઓ comfortably એક પછી એક operations કરવા લાગ્યા.

થોડા મહિના પછી તેઓ India આવ્યા. એક functionમાં એમને જવાનું હતું, ત્યાં ગયા. થોડીવાર પછી પેલા carpenter ભાઈ પણ એ functionમાં આવ્યા. એમની નજર doctorના specs પર ગઈ અને તરત જ ઓળખી ગયા કે આ તો મારા specs છે, કેમ કે એના specsમાં એક spot હતો. એમણે doctorને પૂછ્યું, Doctor સાહેબ! આપની પાસે આ specs ક્યાંથી આવ્યાં?

Doctor એ પણ સરળ ભાવે કહ્યું, 'ભગવાને મોકલાવ્યાં છે !'

જ્યારે મને સખત જરૂર હતી ત્યારે પરમાત્માની કૃપાથી આ specs મારી પાસે આવ્યાં અને મેં એનાથી 1200થી 1500 જેટલાં operations કરી, કેટલાં બધાંને શાતા પમાડી છે, જીવનદાન આપ્યું છે, પણ તમે મને કેમ આ પ્રશ્ન પૂછો છો?

Carpenter ભાઈએ કહ્યું, 'સાહેબ, જ્યારે હું તમારો સામાન pack કરતો હતો ત્યારે સામાન સાથે મારાં આ specs પણ pack થઈ ગયાં અને તમારી પાસે પહોંચી ગયાં.'

'મેં ભગવાનને પ્રાર્થના કરી હતી, મારા કરતાં જેને વધારે જરૂર હોય તેમને મળજો!' અને ભગવાને તમારા સુધી પહોંચાડી દીધાં.

બંને એકબીજાને ભીની આંખે ભેટી પડ્યાં અને ભગવાનનો ઉપકાર માન્યો.

હવે વિચાર કરો,

Doctor એ જે 1200-1500 operations કર્યાં એનું પુણ્ય doctorને વધારે મળ્યું હશે કે carpenter ભાઈને?

'અજાણતાં પણ જ્યારે તમારો પરિગ્રહ છૂટે છે ત્યારે તે જાણી જોઈને પુણ્ય બનીને તમારી પાસે return આવે છે.'

જો ભાવ શુભ અને ભાવના પરમાર્થની હોય તો તમારી ખોવાયેલી વસ્તુ પણ પુણ્ય બનીને પાછી આવે છે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ આવે જ છે, હૃદયના ભાવોનું પરિવર્તન કરાવવા, તમારા natureને change કરવા માટે!

તમારો પરિગ્રહ પુણ્ય બનવો જોઈએ કે પીડા બનવો જોઈએ?

પરિગ્રહને પુણ્ય પરિગ્રહ બનાવવા, પરિગ્રહનો મોહ છોડવો પડે. એકવાર પરિગ્રહનો મોહ છૂટે તો 'હક' અને હકનો આગ્રહ પણ છૂટી જાય છે.

જેનો 'હક' છૂટે છે, તેના luck સવાયાં થઈ જાય છે.

મળી જાય તે મજાનું... હકનું ક્યારેય માગવું નહીં, એક જ ભાવ રાખવો, મારે મારા ભાગનું નહીં, ભાગ્યનું જોઈએ છે.

પરિગ્રહ જ્યારે આગ્રહ બની જાય ત્યારે અશાંતિનું આમંત્રણ બની જાય.

જે સમજથી સમૃદ્ધ હોય, તેની સંપત્તિ હંમેશાં પુણ્યના માર્ગે વપરાતી હોય.

પરિગ્રહને પુણ્ય પરિગ્રહ બનાવવાની સમજ આવી જાય તો પર્યુષણ સાર્થક થઈ જાય. ■

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બૅક

# અભિ ભટ્ટાચાર્યઃ મિસ્ટર જેન્ટલમેન

### ૧૫૦ હિન્દી ફિલ્મોમાં મુખ્યત્વે સજ્જન વ્યક્તિનો રોલ કરનારા અભિનેતા ભગવાન વિષ્ણુ અને દુર્જનના રોલમાં પણ જોવા મળ્યા





રંગભૂમિ હોય કે સિનેમા કે પછી બીજું કોઈ માધ્યમ, દરેક અભિનેતા આયામ (વિસ્તાર, ફેલાવો)ને ઝંખતો હોય છે. 'વર્ક સેટિસ્ફેક્શન' - કામ કરવાથી મળતો સંતોષ અને અભિનય કૌશલની રજૂઆત એ મુખ્ય કારણ હોય છે. બંગાળી ફિલ્મોથી હિન્દી ફિલ્મોમાં પ્રવેશી ખ્યાતિ મેળવનારા અભિનેતા અભિ ભટ્ટાચાર્યને પણ વિવિધ કિરદારમાં ચમકવાનો મોકો મળ્યો હતો.આજે એમની પુણ્યતિથિ છે એ નિમિત્તે ઓછા જાણીતા પણ માનીતા અભિનેતાની ફિલ્મ કારકિર્દી અને એમના પાત્ર વૈવિધ્યથી વાકેફ થઈએ.

અવિભાજિત બંગાળમાં જમીનદાર પરિવારમાં જન્મેલા અભિ ભટ્ટાચાર્ય કિશોરાવસ્થામાં હતા ત્યારે તેમની માતાનું અવસાન થયું હતું. યુવાવસ્થામાં અભિની પ્રગતિ થાય એ આશય સાથે તેને બહેતર શિક્ષણ મેળવવા ગયામાં રહેતા ધનવાન મામાના ઘરે મોકલવામાં આવ્યો. મામા પર લક્ષ્મી દેવીના ચાર હતા જ્યારે મામી સરસ્વતી દેવીના ઉપાસક હતાં. મામીના સહવાસમાં વધુ રહેતા ભાણેજમાં સંગીત, કવિતા અને નાટક પ્રત્યે ગહન રુચિ કેળવાઈ. વિશેષ કરીને રવીન્દ્રનાથ ટાગોરની કૃતિઓ પ્રત્યે લગાવ થયો. ગ્રેજ્યુએટ થયા પછી એ સમયે અનેક બંગાળી યુવકો ઉજ્જ્વળ ભવિષ્યની આશાએ કલકત્તાનો રસ્તો પકડતા એ જ રીતે અભિ ભટ્ટાચાર્ય પણ કલકત્તા પહોંચ્યા, પણ એમનો આશય કોઈ સારી કંપનીમાં નોકરી મેળવવાનો નહીં, બલ્કે ફિલ્મ જગતમાં ઝંપલાવવાનો હતો. જોકે, કલકત્તામાં દાળ ગળી નહીં અને પાછું ફરવું પડ્યું. પણ નસીબ સાથ આપવા તત્પર હોય એમ ફિલ્મ સંબંધિત કામ માટે મુંબઈ જવાનું થયું.

આ મુંબઈ કોલિંગે અભિ ભટ્ટાચાર્યની જીવન સડક બદલી નાખી. થયું એવું કે મુંબઈના કામકાજ દરમિયાન એક અખબારમાં 'ધ બોમ્બે ટોકિઝ સ્ટુડિયોઝ' દ્વારા આગામી બંગાળી ફિલ્મ માટે નવા ચહેરાની જરૂર હોવાની જાહેરખબર આવી. મિત્રના આગ્રહથી અભિ ભટ્ટાચાર્યએ સ્ક્રીન ટેસ્ટ આપી અને ફિલ્મ 'નૌકાડૂબી' માટે વરણી થઈ ગઈ. ટાગોરની આ જ વાર્તા પરથી ૧૯૪૬માં નીતિન બોઝે દિલીપ કુમારને લઈ 'મિલન' ફિલ્મ બનાવી હતી. દિલીપકુમારવાળો રોલ બંગાળી ફિલ્મમાં અભિ ભટ્ટાચાર્યએ કર્યો હતો. ત્યારબાદ તે કલકત્તા ગયા અને ત્યાં પણ બંગાળી ફિલ્મોમાં કામ કરવાનું ચાલુ રાખ્યું. જોકે, ફિલ્મો બંગાળી હોવાથી એમને ઝાઝા લોકો નહોતા ઓળખતા અને તેમણે કરેલી ફિલ્મોમાંની કોઈ ગાજી પણ નહોતી.

બીજો એક વળાંક આવ્યો. કલકત્તાની પ્રખ્યાત ફિલ્મમેકિંગ કંપની ન્યુ થિયેટર્સના સ્થાપક અને અગ્રણી નિર્માતા બી. એન. સરકારએ 'નૌકડૂબી' ફિલ્મ જોઈ. એમને અભિ ભટ્ટાચાર્યનું વ્યક્તિત્વ અને અભિનય પસંદ પડ્યા. ન્યુ થિયેટર્સના બેનર હેઠળ તૈયાર થનારી દ્વિભાષી ફિલ્મ 'મહાપ્રસ્થાનેર પાથેય' (બંગાળી) અને 'યાત્રિક' (હિન્દી)માં ભટ્ટાચાર્યને એક મહત્ત્વનો રોલ મળ્યો. ફિલ્મનાં ગીતો ખાસ્સા લોકપ્રિય થયાં અને ભટ્ટાચાર્ય ફિલ્મમેકરોની નજરમાં વસવા લાગ્યા. એ જ સમયે દેવકી બોઝની હિન્દી ફિલ્મ 'રત્નદીપ'માં પણ જોવા મળ્યા. ૧૯૫૦-૬૦ના દાયકામાં મિસ્ટર ભટ્ટાચાર્ય વ્યસ્ત અભિનેતા બની ગયા.

આ તરફ મુંબઈના ફિલ્મમેકરો સુધ્ધાંમાં બંગાળી અભિનેતાનો ચહેરો જાણીતો અને આવકાર્ય ચહેરો બની ગયો. એ સમયની અગ્રણી હીરોઈનો કામિની કૌશલ, મધુબાલા, માલા સિન્હા સાથે કામ કરવાનો મોકો મળ્યો. અગ્રણી ફિલ્મમેકરો પણ એમને સાઈન કરવા ઉત્સુક બન્યા. બિમલ રોયની 'બિરાજ બહુ', સત્યેન બોઝની 'જાગૃતિ' (ફિલ્મફેર અવોર્ડ) અને 'પરિચય', ડી. એન. મધોકની 'નાતા', ગુરુ દત્તની 'સૈલાબ'. આસિત સેનની 'અપરાધી કૌન', હેમેન ગુપ્તાની 'સુભાષચંદ્ર બોઝ' વગેરે ફિલ્મોએ અભિ ભટ્ટાચાર્યની કારકિર્દીને ઘડવામાં મોટો ફાળો ભજવ્યો.

પ્રારંભિક ફિલ્મોમાં અભિ ભટ્ટાચાર્ય મુખ્યત્વે પ્રામાણિક - સદાચારી નાયકના રોલમાં નજરે પડ્યા.શક્તિ સામંતની 'આરાધના'માં એક રામપ્રસાદ સક્સેના નામના સજ્જન અને આદરણીય વ્યક્તિના રોલમાં અને શક્તિદાની જ 'અમાનુષ'માં પણ નૈતિક મૂલ્યોનું જતન કરતા ડોક્ટરના રોલમાં જોવા મળ્યા. એમનો ચહેરો મહોરો - એમનું વ્યક્તિત્વ કદાચ એના માટે જવાબદાર હતા. જોકે બીજા વિશ્વયુદ્ધ પછી ફિલ્મોમાં ઉચ્ચ માધ્યમ વર્ગનો પાશ્ચાત્ય વિચારસરણી - મુક્ત વિચારધારા ધરાવતો ચોકઠા બહારનો નાયક નજરે પડ્યો. એની અસર હિન્દી ફિલ્મોમાં પણ વર્તાઈ. એટલે જ હૃષીકેશ મુખરજીની 'અનુરાધા'માં પતિ (બલરાજ સાહની)ની ઉપેક્ષાનો ભોગ બનેલી અનુરાધા (લીલા નાયડુ)ના અંગત જીવનમાં વમળ પેદા કરતા યુવાનના રોલમાં એ નજરે પડ્યા. સોહરાબ મોદીની 'જેલર'માં અભિ ભટ્ટાચાર્ય ડોક્ટરના રોલમાં છે જોકે તે નખશિખ સજ્જનની વ્યાખ્યામાં બંધબેસતો નથી.

અભિ ભટ્ટાચાર્યની કારકિર્દીનો ઉત્તરાર્ધ રસપ્રદ છે. મોટેભાગે સજ્જન - સદ્‌ગુણી વ્યક્તિના રોલમાં નજરે પડેલા અભિનેતાએ બે ફિલ્મમાં દુરાચારી વ્યક્તિનો રોલ પણ કર્યો. એક હતી વિનોદ ખન્ના - યોગિતા બાલીની 'મેમસાબ' જેમાં ક્રિમિનલ ગેન્ગ સાથે સંકળાયેલા સાગરીતના રોલમાં હતા. વિશ્વજીત, સાધના અને ધર્મેન્દ્રની 'ઈશ્ક પર જોર નહીં' ફિલ્મમાં અભિ ભટ્ટાચાર્ય ટિપિકલ ખલનાયક શૈલીના નેગેટિવ રોલમાં નહોતા, પણ તેમનું શિપિંગ કંપનીના બોસનું પાત્ર પાત્રો વચ્ચે વિખવાદ નિર્માણ કરે છે. આ સિવાય પૌરાણિક ફિલ્મોમાં તે ભગવાન વિષ્ણુ તરીકે પણ જોવા મળ્યા. પ્રભાવશાળી પણ સૌમ્ય - શાંત અને હસમુખ ચહેરાને કારણે તેમને આ ભૂમિકા મળી હોવી જોઈએ. ૧૯૫૫માં 'જગતગુરુ શંકરાચાર્ય' ફિલ્મમાં ટાઈટલ રોલ કર્યા પછી ૧૯૭૦ના દાયકામાં તેઓ 'તુલસી વિવાહ', 'કિસાન ઔર ભગવાન', 'હરિ દર્શન', 'વિષ્ણુ પુરાણ', 'હર હર મહાદેવ' અને અન્ય ફિલ્મોમાં ભગવાન વિષ્ણુ તરીકે જોવા મળ્યા. જોકે ચાર દાયકામાં ૧૫૦થી વધુ હિન્દી ફિલ્મો કરનારા આ અભિનેતાને નથી માનપાન મળ્યા કે નથી એ સ્મૃતિમાં સચવાયા.

આમ ફિલ્મ ઇન્ડસ્ટ્રીનું એક ભુલાઈ ગયેલું-સ્મૃતિપટ પરથી ભૂંસાઈ ગયેલું પ્રકરણ એટલે અભિ ભટ્ટાચાર્ય એમ કહેવું પડે છે. ■

---

## મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી

# કરીના કપૂર

### ૪૫ વર્ષની ઉંમરે પણ હજી પડકારજનક ભૂમિકા માટે નિર્માતા-દિગ્દર્શકોની પહેલી પસંદ



કપૂર પરિવાર એ ફિલ્મ દુનિયાનું સૌથી મોટું ખાનદાન છે. આ કુટુંબમાંથી અનેક કલાકારો આવ્યા છે અને તેમણે વર્ષો સુધી બોલિવૂડ પર રીતસરનું રાજ કર્યું છે. કપૂર ખાનદાનની પુત્રીઓ ફિલ્મમાં અભિનય ન કરે એવો તેમનો નિયમ, પણ આ નિયમ કરિશ્મા કપૂર અને ત્યાર પછી તેની નાની બહેન કરીનાએ તોડ્યો. કરિશ્મા કપૂરે અનેક હિટ ફિલ્મોમાં અભિનય કર્યો છે. એ જ રીતે કરીનાએ પણ અનેક હિટ ફિલ્મો આપી છે.

જોકે કરીના કપૂરની કારકિર્દી પહેલાંથી જ વિવાદોથી ભરેલી રહી છે. કરીનાની અભિનય કારકિર્દીની પહેલી ફિલ્મ હતી રાકેશ રોશન દિગ્દર્શિત 'કહો ના પ્યાર હૈ'. આ ફિલ્મમાં હૃતિક રોશન અને કરીનાની જોડી હતી. કરીનાએ થોડો સમય એ ફિલ્મમાં કામ કર્યું, પણ પછી આટલા સફળ દિગ્દર્શક અને સફર બૅનરની ફિલ્મ છોડી દીધી અને કારણ આપ્યું કે ફિલ્મમાં નિર્માતા-દિગ્દર્શક પુત્રને વધુ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે એટલે હું આ ફિલ્મ છોડી રહી છું. પાછળથી એ ફિલ્મમાં કરીનાનો રોલ અમિષા પટેલે કર્યો અને ફિલ્મ સુપર-ડુપર હિટ નીવડી.

કારકિર્દીની શરૂઆતમાં જ આવા મોટા બૅનરની ફિલ્મ પોતે છોડી દેવીએ એક અભિનેત્રી માટે ખૂબ મોટો નિર્ણય કહેવાય, પણ કરીનાએ કે કર્યું. જોકે પાછળથી તેણે હૃતિક રોશન સાથે બીજી ફિલ્મો કરી અને એક સમયે હૃતિક અને કરીનાનું પ્રેમ પ્રકરણ પણ ખૂબ ગાજયું હતું.

કરીનાને ત્યાર પછી બીજી ફિલ્મ જે. પી. દત્તાની 'રફ્યુજી' મળી. આ ફિલ્મમાં તે અને અભિષેક બચ્ચન બંને નવોદિત કલાકાર હતાં. આ બંનેની આ પહેલી જ ફિલ્મ હતી, પણ બૉક્સ ઑફિસ પર આ ફિલ્મ જરાય ચાલી નહોતી, પણ કરીનાના અભિનયના ખૂબ જ વખાણ થયાં હતાં.

એક તરફ એની ફિલ્મ નિષ્ફળ ગઈ અને બીજી તરફ હૃતિક રોશનની ફિલ્મ 'કહો ના પ્યાર હૈ' જબરી હિટ સાબિત થઈ હતી. જોકે ફિલ્મની નિષ્ફળતાની કરીના કપૂર પર જરાય અસર થઈ નહોતી. તેને મોટા બૅનરની એક પછી એક ફિલ્મો મળ્યા કરતી હતી અને તે સતત આગળ વધ્યા કરતી હતી. બબિતા અને રણધીર કપૂરની આ પુત્રીએ ફિલ્મોમાં અભિનયની શરૂઆત એક ગામડાની ગોરી (રેફ્યુજી)થી કરી, પણ પછી તેણે એક બોલ્ડ (કભી ખુશી કભી ગમની પૂ), ચમેલી (દેહનો વ્યાપાર કરનારી કન્યા) અભિનેત્રી તરીકે નામના મેળવી હતી.

કરીનાએ પોતાની ફિલ્મ કારકિર્દી દરમિયાન ચારેય ખાન (પાંચમો ફરદીન ખાન) સાથે સફળ ફિલ્મો આપી છે. શાહરૂખ ખાન, આમિર ખાન, સલમાન ખાન અને સૈફ અલી ખાન સાથેની ફિલ્મોમાં તેણે અભિનેત્રી તરીકે પોતાની એક અલગ જ છાપ છોડી છે. એક અભિનેત્રી તરીકે તેણે છ-છ ફિલ્મફેર એવૉર્ડ મેળવ્યા છે. તેમાં તેની પ્રથમ ફિલ્મ 'રફ્યુજી', પછી 'ચમેલી', 'દેવ', 'ઓમકારા', 'જબ વી મેટ' અને 'વી આર ફૅમિલી'નો સમાવેશ થાય છે.

કરીના કપૂરે ચાર (પાંચ) ખાન ઉપરાંત બધા જ ટોચના કલાકારો સાથે અભિનય કર્યો છે. હીરોલક્ષી ફિલ્મમાં પણ તેની નોંધ લેવામાં આવી છે. અક્ષય કુમાર, અજય દેવગણ, અર્જુન કપૂર, અર્જુન રામપાલ, શાહિદ કપૂર, તુષાર કપૂર, હૃતિક રોશન, અભિષેક બચ્ચન, વિવેક ઑબેરૉય, અક્ષય ખન્ના સહિત અનેક કલાકારો સાથે કામ કર્યું છે.

કરીના કપૂર અને શાહિદ કપૂરનું પ્રેમપ્રકરણ પણ એક સમયે 'ટૉક ઑફ ધ ટાઉન' હતું, પણ કરીનાએ શાહિદના સ્થાને પોતાનાથી ઉંમરમાં ૧૦ વર્ષ મોટા એવા સૈફ અલી ખાન સાથે લગ્ન કર્યાં છે. કરીના-સૈફનાં બે સંતાન છે તૈમુર અને જહાંગીર. કરીના- સૈફને ૨૦૧૨માં પરણી ત્યારે ખૂબ હોબાળો થયો હતો. પણ કરીનાએ પોતાના ધર્મ સાથે કોઈ બાંધછોડ કરી નથી અને આજેય તે હિન્દુ ધર્મનું પાલન કરે છે.

આગામી અઠવાડિયે એટલે કે ૧૮મી સપ્ટેમ્બરે કરીના કપૂરની પૃથ્વીરાજ સુકુમારન સાથેની 'દાયરા' ફિલ્મ રજૂ થઈ રહી છે. આ ફિલ્મની દિગ્દર્શિકા મેઘના ગુલઝાર છે અને કરીનાની ભૂમિકા સાવ જ અલગ છે. સત્ય ઘટના પર બનેલી આ ફિલ્મ સસ્પેન્સ ક્રાઇમ થ્રીલર ફિલ્મ છે. આ ફિલ્મમાં પૃથ્વીરાજ અને કરીના બંને નાયબ પોલીસ કમિશનરની ભૂમિકા ભજવી રહ્યા છે, પણ આ બંને એકબીજાના કટ્ટર હરીફ તરીકે રજૂ કરવામાં આવ્યા છે.

કરીના કપૂર બોલ્ડ, બિન્ધાસ્ત, ઇમોશનલ કે બધા જ પ્રકારની ભૂમિકાઓમાં દીપી ઊઠે છે અને એક સમયે તે બોલિવૂડની સૌથી મોંઘી ફિલ્મ સ્ટાર રહી ચૂકી છે. પચીસ વર્ષની કારકિર્દીમાં કરીનાએ મલ્ટી સ્ટારર ફિલ્મોથી માંડીને બે કે ત્રણ અભિનેત્રીઓવાળી ફિલ્મ ઉપરાંત સોલો હીરોઇન તરીકેની ફિલ્મો કરી છે. તેની કારકિર્દીની સફળ ફિલ્મોમાં 'કભી ખુશી કભી ગમ', 'મુજે કુછ કહના હૈ', 'અજનબી', 'ચમેલી', 'ચવિ', 'દેવ', 'ઐતરાઝ', 'હલચલ', 'ચૂપ ચૂપ કે', '૩૬ ચાઇના ટાઉન', 'ઓમકાર', 'ગોલમાલ સિરીઝ', 'થ્રી ઇડિયટ્સ', 'બૉડીગાર્ડ', 'રા-વન', 'બજરંગી ભાઈજાન', 'ગુડ ન્યુઝ', 'સિંઘમ રિટર્ન્સનો સમાવેશ થાય છે.

૨૦૧૨માં સૈફ અલી ખાન સાથે લગ્ન કર્યાં અને ૨૦૧૬માં 'કી એન્ડ કા' ફિલ્મમાં તેણે ચુંબન દશ્યો સહિત અનેક બોલ્ડ દશ્યો અર્જુન કપૂર સાથે ભજવ્યાં ત્યારે હોબાળો થયો હતો, પણ પછી ધીમે-ધીમે બધું થાળે પડી ગયું હતું. પૃથ્વીરાજ સુકુમારન સાથેની તેની 'દાયરા' ફિલ્મ લગભગ બે વર્ષ પછી રજૂ થઈ રહી છે. કરીના છલ્લે 'ક્રૂ'માં દેખાઈ હતી, જેમાં તેની સાથે તબ્બુ અને ક્રીતી સેનન હતી. ત્યાર પછી તેની અજય દેવગણ સાથેની 'સિંઘમ અગેઇન' આવી હતી.

હવે બે વર્ષ પછી કરીનાની ફિલ્મ રજૂ થઈ રહી છે ત્યારે તેના ચાહકો ખૂબ આતુરતાથી આ ફિલ્મની રાહ જોઈ રહ્યા છે. ૪૫ વર્ષની ઉંમરે હજી મુખ્ય અભિનેત્રીની ભૂમિકા મેળવતી કરીના એ વાત નસીબદાર છે કે હજીય સારી અને પડકારજનક ભૂમિકા માટે તેની પસંદગી કરવામાં આવે છે. ■

---

## OTTનું હોટસ્પોટ

# ૧૨થી ૧૮ સપ્ટેમ્બર સુધી શું જોશો?

સોની લીવ અને સોની સ્પોર્ટસ ચૅનલ પર ૧૩ સપ્ટેમ્બરે મહિલા એશિયા કપની ફાઇનલનું પ્રસારણ જોવા મળશે. ફાઈનલમાં ભારત-પાકિસ્તાનની ટીમ ટકરાય એવી અત્યારે શક્યતા છે. તો આવો હવે આપણે બીજી ઓટીટી ચૅનલના કાર્યક્રમ પર એક નજર નાખીએ.

**જિયો હોટસ્ટારઃ** આ ચૅનલ પર ૧૨ સપ્ટે. ઍનિમેટેડ સિરીઝ 'જંગલ ટેલ્સ વિથ મોગલી'નું પ્રસારણ શરૂ થશે. આ સિવાય અહીં ૧૩ સપ્ટેમ્બરે બીજી ઍનિમેટેડ ફિલ્મ 'ચીકુ ઔર બંટીઃ કુસ્તી કી જંગ' જોઈ શકાશે. અહીં ૧૧ સપ્ટેમ્બરે (આજે) કૉમેડી ફિલ્મ 'પ્રિન્સ ઑફ મોલીવૂડ'નું પ્રસારણ શરૂ થશે.

**નેટફિલક્સઃ** આ ઓટીટી ચૅનલ પર ૧૮ સપ્ટેમ્બરથી 'લસ્ટ સ્ટોરીઝ - થ્રી'નું પ્રસારણ શરૂ થશે. વિક્રમાદિત્ય મોટવાની, કિરણ રાવ, શકુન બત્રા અને વિશાલ ભારદ્વાજ આ સિરીઝના કલાકારો રાધિકા આપ્ટે, કોંકણાસેન શર્મા, અદિતિ રાવ હદરી, રાધિકા મદાન, વિજય વર્મા, અલી ફઝલ, અભિષેક બૅનરજી અને સિદ્ધાર્થ છે.

**ઝી ફાઈવઃ** અહીં આજે (શુક્રવારે) અર્શદ વારસી અને પ્રતીક ગાંધી અભિનીત 'ધમાસાન' જોઈ શકાશે. દિગ્દર્શન તિગ્માંશુ ધૂલિયાનું છે.

**એમેઝોન પ્રાઇમઃ** નિખિલ અડવાણી દિગ્દર્શિત 'ધ રિવોલ્યુશનરીઝ'નું આજથી પ્રસારણ શરૂ થઈ રહ્યું છે. ■

---

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### જ્યારે પડે છે ત્યારે...




એક સમય એવો હતો જ્યારે યશની 'ટોક્સિક' 'ધુરંધર ૨' સાથે ટકરાવાની હતી, પરંતુ કદાચ પોતાની નબળી પ્રોડક્ટ ભારતીય સિનેમાના આ સદીના સાચા 'ધુરંધર' સામે નહીં ટકી શકે એવો ખ્યાલ 'ટોક્સિક'ના નિર્માતાઓને આવી ગયો હતો. આથી 'પૂરતી સ્ક્રીન્સ ન મળવાથી અન્યાય થયો છે' એવું બહાનું આગળ ધરીને તેમણે ફિલ્મની રિલીઝ પાછી ઠેલી દીધી.

ચાર-પાંચ મહિના પછી, શુક્રવારને બદલે બુધવારે ફિલ્મને જોરશોરથી રજૂ કરવામાં આવી. તેમ છતાં પહેલા દિવસ પછી ફિલ્મ 'ધબાય નમઃ' થઈ ગઈ.

બીજી તરફ મોટાભાગના સમીક્ષકોએ ફિલ્મની આકરી ટીકા કરી ત્યારે તેમને ચૂપ કરાવવાના પ્રયાસો પણ થયા. પહેલા દિવસે ૫૦ કરોડ કમાનારી ફિલ્મ અઠવાડિયાના અંત સુધીમાં દર્શકો માટે ફાંફાં મારતી થઈ ગઈ હતી.

આમ છતાં યશને આશા હતી કે ઓટીટી દ્વારા નુકસાનની ભરપાઈ થઈ જશે. રિલીઝ પહેલાં તેમની ગણતરી આ ફિલ્મને ઓછામાં ઓછા ૨૦૦ કરોડમાં કોઈ મોટા ઓટીટી પ્લેટફોર્મને વેચવાની હતી. બોક્સ ઓફિસ પર ફિલ્મ ફ્લોપ થયા પછી પણ યશને ૧૫૦ કરોડ મળવાની અપેક્ષા હતી.

જોકે હવે વાસ્તવિકતા સાવ જુદી છે. બહુ જાણીતા ન હોય તેવા એક ઓટીટી પ્લેટફોર્મે યશને માત્ર જી હા, માત્ર ૩૦ કરોડની ઓફર કરી છે આમાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ રકમ અત્યાર સુધીની સૌથી ઊંચી બોલી છે.

આમ 'ટોક્સિક'ની પ્રચંડ નિષ્ફળતાએ યશને ચારે તરફથી ઘેરી લીધો છે. જોકે ફિલ્મ જેવી હોય એવું જ એનું મૂલ્ય અંકાય, ખરું ને?

### રમકડાંની મજાક અને ત્રણ કરોડનો ફટકો!



નોરા ફતેહી

બોલિવૂડની 'દિલબર ગર્લ' નોરા ફતેહી પોતાના કાતિલ ડાન્સ મૂવ્સ માટે જાણીતી છે, પણ આ વખતે તેના બોલેલા શબ્દો ભારે પડી ગયા છે. સોશ્યલ મીડિયા પર ફેન્સ સાથે કનેક્ટ રહેવું સારું, પરંતુ ક્યારેક આ લાઈવ શેરિંગ તમને સીધા કોર્ટની લાઈવ સુનાવણી સુધી પહોંચાડી શકે છે.

વાત એવી બની કે ડિસેમ્બર મહિનામાં નોરાએ મુંબઈથી જયપુર જવા માટે એક ચાર્ટર્ડ વિમાન લીધું હતું. ફ્લાઇટ દરમિયાન મેડમે ઇન્સ્ટાગ્રામ પર વીડિયો બનાવ્યો અને વિમાનને 'રમકડું -મીનિયેચર અને લેગો' પ્લેન કહી દીધું! હવે સામાન્ય માણસ માટે આ મજાક હોઈ શકે, પણ 'ડ્યુન્સ એવિએશન કંપની' માટે આ સીધો ધંધા પર ઘા સાબિત થયો.

કંપનીનો દાવો છે કે નોરાના ૪.૬ કરોડથી વધુ ફોલોઅર્સ છે. એનાં આવા 'બેજવાબદાર' નિવેદનને કારણે કંપનીની શાખ ખરડાઈ અને ૧૫ થી ૨૦ ટકા બુકિંગ રદ થઈ ગયા! કંપનીનું કહેવું છે કે તેમનું આ વિમાન ડીજીસીએ માન્ય અને સુરક્ષિત હતું.

હવે કંપની સીધી ગાંધીનગર કોર્ટ પહોંચી ગઈ છે અને નોરા સામે પૂરા ત્રણ કરોડ રૂપિયાનો માનહાનિનો દાવો ફટકારી દીધો અને સાથે જ વીડિયો હટાવવાની અને જાહેરમાં સ્પષ્ટતા કરવાની માગણી પણ કરી છે. આગામી ૨૫મી સપ્ટેમ્બરે આ મામલે સુનાવણી થવાની છે.

આને કહેવાય 'ન બોલવામાં નવ ગુણ' અને વિચાર્યા વગર બાફવાના માત્ર ૩ કરોડ!

ઇન્સ્ટા રીલ્સ બનાવતી વખતે હવે સ્ટાર્સે રમકડાંની વાત કરતાં પણ સો વાર વિચારવું પડશે, શું કહો છો?

### ઓટીટીવાળાનું અપમાન... ડાયરેક્ટરની તાકાત!




સિનેમા જગતમાં એક જૂની કહેવત છેઃ 'દર્શકો જેને વધાવે, એને કોઈ રોકી નથી શકતું' . આજકાલ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી રહેલી ફિલ્મ 'હનુમાન અંશ' સાથે પણ કંઈક આવો જ કિસ્સો બન્યો છે. નીમ કરોલી બાબાના જીવન અને શિક્ષા પર આધારિત આ ફિલ્મે રિલીઝ થતાં જ દર્શકોના દિલ જીતી લીધાં છે, પરંતુ શું તમને ખબર છે કે આ સફળતા પહેલાં ડિરેક્ટર વિશાલ ચતુર્વેદીને કેવો કડવો ઘૂંટડો પીવો પડ્યો હતો?

વાત એવી બની કે ફિલ્મ બનાવતાં પહેલાં વિશાલભાઈ એક ટોચના ઓટીટી પ્લેટફોર્મ સમક્ષ સ્ટોરી સંભળાવવા ગયા હતા. બાબા મહારાજજીની કથા સંભળાવતાં તે પોતે ભાવુક થઈને રડી પડ્યા હતા. સામે પ્લેટફોર્મના 'બડે સાહેબોએ' વાર્તા ભારતીય હોવા છતાં આંતરરાષ્ટ્રીય સ્તરની હોવાની વાત સ્વીકારી, પણ જે રીતે તેને નકારી કાઢી, તે ડિરેક્ટરને અપમાનજનક લાગ્યું! ડિરેક્ટરના મતે, આ સાહેબોના મગજમાં ભારતીય સંસ્કૃતિ અને કથાઓ પ્રત્યે એક વિચિત્ર પૂર્વગ્રહ ભરેલો હતો. વિશાલે એ નકારાત્મકતાને જ પોતાની તાકાત બનાવી લીધી અને દૃઢ સંકલ્પ સાથે થિયેટરોમાં પહોંચ્યા. પરિણામ? માત્ર ૧૦ લાખની સાધારણ ઓપનિંગ લેનારી આ ફિલ્મે ચોથા અઠવાડિયે ભારતમાં ૧૫૦ કરોડથી વધુ ગ્રોસ વકરો રળી લીધો છે!

આજે એ જ ઓટીટી પ્લેટફોર્મના એક્ઝિક્યુટિવ્સ પોતાની ભૂલ પર માથું કૂટતા હશે એ નક્કી છે. સાચે જ, જ્યારે જનતાનો પ્રેમ મળે છે ત્યારે મોટાં પ્લેટફોર્મ્સના પૂર્વગ્રહો પણ ધૂળ ચાટતા થઈ જાય છે. ■

## કટ એન્ડ ઓકે...

***અરબાઝ ખાન અને મલાઈકા અરોરાના દીકરા અરહાન ખાનની અનામી ડેબ્યુ ફિલ્મમાં કાકા સલમાન ખાન કેમિયો કરશે!***


શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# બાબુમોશાય, ફિલ્મ બડી હોની ચાહિયે, સિર્ફ લંબી નહીં!

## દર્શકોને ખરેખર લાંબી ફિલ્મ્સથી વાંધો છે કે નબળી ફિલ્મ્સથી?

છેલ્લાં કેટલાંક વર્ષોથી એક વાત વારંવાર સાંભળવા મળે છે કે આજના દર્શકોનો એટેન્શન સ્પાન ઘટી ગયો છે. આના માટે સોશ્યલ મીડિયા, રીલ્સ, શૉર્ટ વીડિયોઝ અને સતત સ્ક્રોલિંગની આદતને જવાબદાર ઠેરવવામાં આવે છે. ફિલ્મમેકર્સ, પ્રોડ્યુસર્સ અને ટ્રેડ એનાલિસ્ટ્સ લાંબા સમયથી કહેતા આવ્યા છે કે લાંબી ફિલ્મ્સ હવે જોખમી સાબિત થઈ શકે છે. મલ્ટિપ્લેક્સ માલિકો પણ ટૂંકી ફિલ્મ્સને પસંદ કરતા હતા, કારણ કે દિવસમાં વધુ શો ચલાવી શકાય. લેખકોને સબપ્લોટ્સ કાપવાની, ગીતો ઘટાડવાની અને વાર્તાને સતત ઝડપમાં રાખવાની સલાહ આપવામાં આવતી હતી. જોકે છેલ્લાં થોડાં વર્ષોમાં એક રસપ્રદ બદલાવ જોવા મળ્યો છે. ભારત અને દુનિયાની સૌથી મોટી હિટ ફિલ્મ્સ ફરી લાંબી થવા લાગી છે.







તાજેતરની કેટલીક મોટી ફિલ્મ્સ પર નજર કરીએ તો વાત સ્પષ્ટ થઈ જાય છે. 'એનિમલ' ત્રણ કલાક અને વીસ મિનિટથી પણ લાંબી હતી. 'પુષ્પા ૨ઃ ધ રૂલ' ત્રણ કલાકથી વધુ સમય ચાલે છે. 'આર.આર.આર.' પણ આરામથી ત્રણ કલાકનો આંકડો પાર કરે છે. 'ધુરંધર' જેવી નવી ફિલ્મ્સ હોય કે મોટા સ્કેલ પર બનેલી અન્ય ફિલ્મ્સ, હવે ફિલ્મમેકર્સ ફરીથી દર્શકોને ત્રણ કલાકથી વધુ સમય માટે થિયેટરમાં બેસાડવામાં ડરતા નથી. સૌથી રસપ્રદ વાત એ છે કે દર્શકો પણ ખુશીથી આવી ફિલ્મ્સ જોઈ રહ્યા છે. થોડાં વર્ષ પહેલાં જે રનટાઇમને કમર્શિયલ જોખમ માનવામાં આવતું હતું, તે આજે ઘણી વખત ફિલ્મની વિશેષતા ગણાય છે.

આ વાતને ઘણી વખત વિરોધાભાસ તરીકે રજૂ કરવામાં આવે છે. જો લોકો આખો દિવસ ત્રીસ સેકન્ડની રીલ્સ જોતા હોય તો તેઓ ત્રણ-સાડા ત્રણ કલાકની ફિલ્મ કેવી રીતે જોઈ શકે? પરંતુ કદાચ જવાબ એટલો જ સરળ છે કે સમસ્યા એટેન્શન સ્પાનની ક્યારેય હતી જ નહીં. સમસ્યા ઇન્ટરેસ્ટ સ્પાનની હતી. લોકો પોતાના એટેન્શન સ્પાન વિશે ફરિયાદ કરતા નથી જ્યારે તે એક જ વીકએન્ડમાં આખી વેબ સિરીઝ પૂરી કરી નાખે છે. કરોડો લોકો ત્રણ-ત્રણ કલાકના પૉડકાસ્ટ સાંભળે છે. ક્રિકેટપ્રેમીઓ પાંચ દિવસની ટેસ્ટ મૅચ જોતા રહે છે. ગેમર્સ કલાકો સુધી એક જ ગેમમાં ખોવાયેલા રહે છે એટલે માણસની ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા અચાનક ગાયબ થઈ ગઈ છે એવું માનવું મુશ્કેલ છે.

સિનેમાનો ઇતિહાસ પણ આ જ વાત સાબિત કરે છે. દુનિયાની ઘણી મહાન ફિલ્મ્સ ખૂબ લાંબી હતી. 'ગોન વિથ ધ વિન્ડ' લગભગ ચાર કલાક લાંબી હતી. 'ધ ગોડફાધર પાર્ટ ૨' ત્રણ કલાકથી વધુ હતી. 'ટાઇટેનિક' ત્રણ કલાકથી વધુ ચાલી હતી. 'ધ લૉર્ડ ઑફ ધ રિંગ્સ'ની ફિલ્મ્સ લાંબા રનટાઇમ માટે જાણીતી છે. 'શિન્ડલર્સ લિસ્ટ' પણ ત્રણ કલાકથી વધુ સમય લે છે. કોઈ આ ફિલ્મ્સને તેમની લંબાઈ માટે યાદ નથી રાખતું. લોકો તેમને યાદ રાખે છે કારણ કે તે દર્શકોને પોતાની દુનિયામાં ખેંચી લેતી હતી.

ભારતમાં પણ હંમેશાં આવું જ રહ્યું છે. લાંબી ફિલ્મ્સ કોઈ નવી વાત નથી. હકીકતમાં ભારતીય સિનેમા તો લાંબી વાર્તાઓ પર જ ઊભું થયું છે. 'સંગમ', 'મેરા નામ જોકર', 'શોલે', 'હમ આપકે હૈં કૌન', 'લગાન' જેવી ફિલ્મ્સ ત્રણ કલાકની આસપાસ અથવા તેનાથી વધુ સમય ચાલતી હતી. પછી મલ્ટિપ્લેક્સ યુગ આવ્યો અને ચર્ચા બદલાઈ ગઈ. અચાનક રનટાઇમનો સંબંધ માત્ર વાર્તા સાથે નહીં, પરંતુ બિઝનેસ સાથે જોડાઈ ગયો. ટૂંકી ફિલ્મ એટલે વધુ શો. વધુ શો એટલે વધુ ટિકિટ વેચવાની સંભાવના. પછી આવી 'ઇવેન્ટ સિનેમા'ની પેઢી. જ્યારે લોકો 'અવેન્જર્સ: એન્ડગેમ' જોવા જાય છે ત્યારે તેઓ માત્ર એક ફિલ્મ નથી જોતા. તે બધા દસ વર્ષથી ચાલી રહેલી સિનેમેટિક સફરનો અંત જોવા જાય છે. તેની રિલીઝ પહેલાં ઘણા લોકો પૂછતા હતા કે ત્રણ કલાકથી વધુ લાંબી ફિલ્મ માટે લોકો ટિકિટ ખરીદશે? બૉક્સ ઑફિસે તેનો જવાબ આપી દીધો. દર્શકોએ માત્ર ફિલ્મ સ્વીકારી જ નહીં, પરંતુ તેને ઊજવી, કારણ કે તેમને લાગતું હતું કે આ સફરનું સમાપન દરેક મિનિટને લાયક છે.

અલબત્ત, તેનો અર્થ એવો નથી કે દરેક લાંબી ફિલ્મ સારી જ હોય. લંબાઈ ક્યારેક તાકાત બની શકે છે અને ક્યારેક કમજોરી

પણ. કેટલીક ફિલ્મ્સ ઊંડાણ અને લંબાઈ વચ્ચેનો તફાવત સમજતી નથી. એક જ લાગણીને વારંવાર દોહરાવે છે, દૃશ્યો ખેંચે છે અને સ્કેલને જ સ્ટોરીટેલિંગ માની લે છે. રસપ્રદ રીતે, ઓટીટી કલ્ચરે પણ લાંબી ફિલ્મ્સને ફાયદો પહોંચાડ્યો હોઈ શકે છે. આજે લોકો કલાકો સુધી એક જ દુનિયા અને પાત્રો સાથે સમય વિતાવવાની આદત પાડી ચૂક્યા છે. થિયેટરને હવે એવું કંઈક આપવું પડે છે જે ઓટીટી આપી ન શકે.

શક્ય છે કે ભવિષ્ય બે અતિરેક વચ્ચે વહેંચાઈ જાય. એક બાજુ રીલ્સ અને શૉર્ટ-ફૉર્મ કન્ટેન્ટ. બીજી બાજુ વિશાળ પૉડકાસ્ટ્સ, બિન્જ-વર્થી સિરીઝ અને ત્રણ કલાકની મોટી ફિલ્મ્સ. મધ્યમ જગ્યા કદાચ ધીમે ધીમે નાની થતી જશે. આ સ્થિતિ થોડી ઘણી ટી-૨૦ અને ટેસ્ટ ક્રિકેટ જેવી છે. લોકો ક્યારેક ખૂબ ટૂંકું અને ક્યારેક ખૂબ લાંબું કન્ટેન્ટ જોવાનું પસંદ કરે છે. શરત માત્ર એટલી છે કે મનોરંજન દેવની કૃપાથી સિનેમા કન્ટેન્ટ તેમને કંઈક આપે! ■

**લાસ્ટ શોટ**
*એક સારી ત્રણ કલાકની ફિલ્મ ઘણી વખત નબળી સો મિનિટની ફિલ્મ કરતાં પણ ટૂંકી લાગે છે.*

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (૨૦૫)

**આ ફિલ્મનું કયું ગીત આ શબ્દોથી શરૂ થાય છે?**




૧) તીસરી કસમ - સંજનવા
૨) ડોલી - સજના
૩) ગાઈડ - સૈયા
૪) આરઝૂ (નવું) સાજન
૫) હમ - સનમ
૬) સાહેબ બીવી ઔર ગુલામ - પિયા
૭) ઓપેરા હાઉઝ - બલમાં

## ક્વિઝ (૨૦૬)

**આ કલાકાર જોડીએ શિક્ષક અને વિદ્યાર્થીની ભૂમિકા કઈ ફિલ્મમાં કરી હતી?**

૧) નસીરુદ્દીન શાહ - પૂજા ભટ્ટ
૨) અનિલ કપૂર - કરિશ્મા કપૂર
૩) વિનોદ ખન્ના - બિંદુ
૪) અમિતાભ બચ્ચન - રાની મુખરજી
૫) સુસ્મિતા સેન - શાહરુખ ખાન
૬) અર્ચના પુરણસિંહ - કાજોલ
૭) અભી ભટ્ટાચાર્ય - રાજ કુમાર ગુપ્તા

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

ફિલ્મનામા
નરેશ શાહ

# મા-બેટી ને ગેંગસ્ટર...

## અતિશયોક્તિ ધરાવતી 'માઇ' વેબસીરિઝમાં એક માતા વ્હાઇટ કૉલર માફિયાઓ સામે બદલો લે છે!

સંતાનો સામે બદલો લેતાં સંતાનો માટે ધીંગાણે ચઢતાં માતા-પિતાઓની ફિલ્મો 'મધર ઇન્ડિયા'ના જમાનાથી બનતી આવી છે. અલબત્ત, તેમાં સીધી સાદી બદલાતી કથાઓ વધુ રહી છે, પરંતુ 'નેટફ્લિક્સ'ની 'માઇ' વેબસીરિઝ એથી થોડી અલગ અવશ્ય પડે છે અને એ છે, ઘૂંટાતું રહસ્ય...




ડૉક્ટર નહીં બની શકેલી, પણ બીમાર લોકોની સેનેટોરિયમ 'વિદ્યાસદન'માં દેખભાળ અને સારવાર કરતી શીલ ચૌધરી (સાક્ષી તન્વર)એ પતિ યશની ઇચ્છાને માન આપીને પોતાનો પુત્ર જેઠ-જેઠાણીને દત્તક આપી દીધો છે. ડૉક્ટરીનું ભણી રહેલી યુવાન દીકરી સુપ્રિયા ચૌધરી જોકે બોલી શકતી નથી. બે વરસની ઉંમરે જ થયેલા અકસ્માતમાં સુપ્રિયાના વોકલ કોડ ડૅમેજ થઈ જતાં એ માત્ર સાઇન લેંગ્વેજમાં વાત કરી શકે છે, પણ...

આજકાલ ઉદાસ રહેતી દીકરી સુપ્રિયા ચિડીયાપણાને કારણે નાનાભાઈએ તમાચો મારી દે છે ત્યારે માતા-પુત્રી વચ્ચે નિઃશબ્દ તકરાર થઈ જાય છે અને મનોમન વલોવાતી દીકરી સુપ્રિયા ઘરની બહાર નીકળી જાય છે. માતા શીલ ચૌધરી તેને રોકવા, મનની મૂંઝવણ જાણવા તેની પાછળ દોડીને તેને અટકાવે છે. માતાને જવાબ દેવા માટે ઊભી રહી ગયેલી સુપ્રિયા હાથના ઇશારા કે આંખોથી કશું કહે એ પહેલાં... એક ટેમ્પો ટ્રકની હડફેટે ચઢી જઈને તે મૃત્યુ પામે છે!

દેખીતો અકસ્માત લાગતાં આ બનાવ પછી પકડાય ગયેલા ટેમ્પો ડ્રાઇવરની શિનાખ્ત કરવા શીલ ચૌધરી પોલીસ સ્ટેશને જાય છે પણ ત્યારે કશુંક એવું બને છે કે...

પોતાની દીકરીનું મૃત્યુ અકસ્માતમાં નથી થયું, પણ તેની (સકારણ અકસ્માત કરીને) હત્યા કરવામાં આવી છે. એવો અણસારો માતાને મળે છે અને એ પોતે દીકરીની હત્યા યા મૃત્યુ પાછળનું સાચું કારણ જાણવાનું મનોબળ મક્કમ કરી લે છે અને એકલપડે એક પછી એક સત્યો તેની સામે આવતાં રહે છે. શીલ ચૌધરીના હાથે (ક્યારેક અજાણતાં તો ક્યારેક જાણી જોઈને) હત્યા પણ થાય છે.

'માઇ' સીરિઝના બીજા જ એપિસોડથી એ તો સ્પષ્ટ થઈ જાય છે કે મૂગી (દિવ્યાંગ) સુપ્રિયાની હત્યા કરવામાં આવી છે અને તેની પાછળનાં કારણો પણ ઉઘાડ પામે છે... પરંતુ માતા શીલ ચૌધરીએ જાણવા માગે છે કે દીકરીને કચડી નાખવાનો હુકમ કોણે આપ્યો હોય છે અને અંત સાબિત કરે છે કે 'માઇ' વેબસીરિઝની બીજી સિઝન બનાવવાની એક મજબૂત બારી સીરિઝ-મેકરોએ ખુલ્લી રાખી છે... દેખીતી રીતે 'માઇ' આપણને એક સોશ્યલ થ્રિલર યા મર્ડર મિસ્ટ્રરી લાગે પણ પાંચ-પાંચ લેખકોએ (અતુલ મોંગિયા, સૃષ્ટિ રિંડાણી, તમાલ સેન, વિશ્રૃત સિંઘ અને અમિતા વ્યાસ) તેને 'મા વિરુદ્ધ ગેંગસ્ટર'નો શેઇપ આપી દીધો છે. ઘણી બાબત અને માતા શીલ ચૌધરીના 'પરાક્રમો' ગળે ઊતરે એવા નથી, છતાં લેખકોની એ કુશળતા છે કે દર્શક સતત ઇંતેજારીમાં રહે છે. ડૉક્ટરનું ભણી ચૂકેલી માતા કંઈ લાત મુક્કા કે પિસ્તોલથી બદલો ન જ લે, એ વાતનું ધ્યાન રાખવામાં આવ્યું છે અને માતાનો બદલો લેવાનો કે સચ્ચાઈ જાણવાનો તરીકો બિલકુલ ખટકતો નથી. શીલ ચૌધરીની અંદર એક મા અને સ્ત્રીનું મુલાયમ કાળજું છે, પણ સુપેરે દેખડવામાં આવ્યું છે અને તેમાં શીલ ચૌધરી તરીકે સાક્ષી તન્વરનો અભિનય એકદમ પરફેક્ટ છે.

અતુલ મોંગિયા અને અંશાઇ લાલે ડિરેક્ટ કરેલી 'માઇ' સીરિઝમાં લાંબા અંતરાલ પછી 'ઇલુ ઇલુ' (સૌદાગર) ફિલ્મ વિવેક મુશરન પતિ તરીકે જોવા મળે છે અને એક સપનાં વિહોણાં યા હાફી ચૂકેલાં પતિ તરીકે તેણે ઉમદા કામ કર્યું છે. મૂગી દીકરી સુપ્રિયા તરીકે વામિકા ગાબ્બી, રાયમા સેન, પ્રશાંત નારાયણ પણ રાઇટર ચૉઇસ છે. સીમા ભાર્ગવ (મનોજ પાહવાના અભિનેત્રી પત્ની) જેવા ઉમદા અભિનેત્રીનો વધુ ઉપયોગ થયો હોય તો ચોક્કસ સીરિઝને ફાયદો થાત.

ઓવરઑલ, 'માઇ' વેબસીરિઝ બે કારણોસર જોવા જેવી છે. એક સાક્ષી તન્વરના નૈસર્ગિક અભિનય માટે અને બે, એક અલગ કિસમના રિવેન્જથ્રિલરની ભૂખ સંતોષવા માટે. ■

ફોકસ
ડી.જે.નંદન

# કેબીસીની ૧૮મી સીઝનઃ ૨૬ વર્ષની જાદુઈ સફર...!

૩ જુલાઈ ૨૦૦૦ના રોજ સ્ટાર પ્લસ ટેલિવિઝન ચૅનલ પર 'કૌન બનેગા કરોડપતિ' કાર્યક્રમનો પહેલો એપિસોડ પ્રસારિત થયો હતો. ત્યારથી લઈને આજ સુધી છેલ્લી ૧૭ સિઝનમાં આ કાર્યક્રમના ૧૪૫૪ એપિસોડ પ્રસારિત થયા છે, પરંતુ એવું ભાગ્યે જ બન્યું હશે કે કોઈ એપિસોડ તેના પહેલાવાળા એપિસોડ કરતાં ઓછો આકર્ષક રહ્યો હોય. આશરે ૨૬ વર્ષોથી ચાલી રહેલો 'કૌન બનેગા કરોડપતિ' ભારતીય ટેલિવિઝન ઇતિહાસનો સૌથી વિશ્વસનીય અને લોકપ્રિય ક્વિઝ શો બનેલો છે. ૯ ઑગસ્ટ ૨૦૨૬થી આની ૧૮મી સિઝન શરૂ થઈ ગઈ છે, જે અત્યાર સુધીની સિઝન કરતાં થોડી અલગ હશે. આ સિઝનની થીમ છે- 'સોચના પડેગા'. ખરેખર તો AIના આ યુગમાં જ્યારે કોઈ પણ સવાલનો જવાબ પલક ઝપકાવતાં જ મળી શકે છે તેવા સમયે કેબીસીએ પોતાની રણનીતિમાં આ પ્રકારનો ફેરફાર લાવવો જ પડશે જેથી કોઈ પણ સવાલનો જવાબ પલક ઝપકાવતાં જ કોઈ AIની મદદથી ન આપી શકાય. એટલા માટે જ કદાચ આ વખતના સવાલો તથ્યોના બદલે વિષયના ઊંડા અભ્યાસ અને વિચારમાંથી નીકળશે.




જોકે કેબીસીની દરેક સિઝન પાછલી સિઝન કરતાં કોઈ ને કોઈ બાબતમાં થોડી ભિન્ન કે અલગ રહી જ છે, પરંતુ એ જોવા મળ્યું છે કે ભલે થીમમાં ફેરફાર થયો હોય કે રજૂઆતની શૈલી બદલાઈ હોય, પણ આ કાર્યક્રમની લોકપ્રિયતા પર કોઈ અસર થઈ નથી. મનોરંજનની દુનિયામાં જ્યાં મોટાભાગના રિયાલિટી શો એક-બે વર્ષમાં પોતાની ચમક ગુમાવી દે છે ત્યાં આ શોએ છેલ્લાં ૨૬ વર્ષોથી પોતાની ચમક જાળવી રાખી છે, જે એ વાતની સાબિતી છે કે તેના જેવું બીજું કોઈ નથી. પણ સવાલ એ છે કે આખરે કેબીસીની આ લોકપ્રિયતાનું કારણ શું છે?

ખરેખર તો આપણે એ સમજવું જોઈએ કે કેબીસી એ આપણા જ્ઞાન અને સપનાંઓનું મિલન છે. સમાજમાં દરેક લાગણી કે વસ્તુ પ્રત્યે લોકોનો એક અલગ દૃષ્ટિકોણ હોય છે. કેબીસી જે જ્ઞાન પર આધારિત છે તે જ્ઞાન માટે આપણા સમાજમાં હંમેશાં ખૂબ જ આદર અને સન્માનની ભાવના રહી છે. જ્યાં બાકીના ટીવી કાર્યક્રમોને લઈને એવો અનુભવ થાય છે કે આ ખોટી વાર્તાઓ પાછળ આપણે આપણો સમય બગાડી રહ્યા છીએ, ત્યાં જ કેબીસીનું નામ લેતાંની સાથે જ મગજમાં એવી ભાવના પેદા થાય છે કે આપણે એક એવો કાર્યક્રમ જોઈ રહ્યા છીએ જે આપણું મનોરંજન કરી રહ્યો હોય કે ન કરી રહ્યો હોય, પરંતુ આપણું જ્ઞાન ચોક્કસ વધારી રહ્યો છે.

હવે જ્યારે સમાજમાં જ્ઞાન પ્રત્યે પહેલેથી જ ખૂબ આદર છે, એટલે 'કૌન બનેગા કરોડપતિ' શો શરૂ થતાંની સાથે જ દર્શકોનું દિલ જીતી લે છે, કારણ કે દરેક વ્યક્તિ જ્ઞાન મેળવવા ઇચ્છે છે. જ્યારે કોઈ વ્યક્તિ કેબીસી જોવા બેસે છે ત્યારે તેને એવો બિલકુલ અહેસાસ નથી થતો કે તે પોતાનો સમય બગાડી રહ્યો છે. આ નૈતિક સિદ્ધાંત કેબીસીની સફળતા પાછળનું મુખ્ય પરિબળ છે. બીજી વાત એ છે કે આ શો આપણી મોટી આશાઓ અને સપનાંઓ સાથે જોડાયેલો છે. તે નાનાં ગામડાંઓ અને શહેરોના સામાન્ય લોકોને પોતાની સાથે જોડે છે. આ શો બધામાં એક આશા જગાડે છે કે કોઈ પણ માણસ પોતાની મહેનત અને જ્ઞાનથી કરોડપતિ બની શકે છે અને આ જ કારણથી તે આટલો લોકપ્રિય છે. આ બધા ઉપરાંત આ કાર્યક્રમના હોસ્ટ અમિતાભ બચ્ચન છે, જેમની લગભગ ૫૦ વર્ષની ફિલ્મી પ્રોફાઇલ અત્યંત વિશ્વસનીય છે અને અમિતાભ બચ્ચન આ કાર્યક્રમના માત્ર એન્કર જ નથી, પરંતુ તેઓ આ કાર્યક્રમની સો ટકા ઓળખ બની ચૂક્યા છે.

એમ જ નથી કે અત્યાર સુધીની ૧૭ સિઝનમાંથી માત્ર એક જ સિઝન શાહરૂખ ખાને હોસ્ટ કરી હતી અને બાકીની બધી સિઝન અમિતાભ બચ્ચને જ હોસ્ટ કરી છે. શાહરૂખ ખાને ૨૦૦૭માં કેબીસીની ત્રીજી સિઝનનું સંચાલન કર્યું હતું. આ શો અમિતાભ બચ્ચનની ઓળખ બની ગયો છે. અમિતાભ બચ્ચનની આ શો રજૂ કરવાની રીત ખૂબ જ દિલ જીતી લે તેવી, સન્માનજનક અને રમૂજી હોય છે જે લોકોને ઇમોશનલી જોડે છે. બીજી ખાસ વાત એ છે કે આ શોમાં સમાજના દરેક વર્ગના લોકો જેવા કે ખેડૂત, શિક્ષક, ડૉક્ટર, ગૃહિણી, વિદ્યાર્થી અને પોલીસવાળા આવી ચૂક્યાં છે. તેથી દરેક દર્શકને એવું લાગે છે કે આ મંચ તેમનો પોતાનો છે અને તેઓ પણ ત્યાં જઈ શકે છે. આ જ કારણે કેબીસી ને સમાજના તમામ વર્ગો તરફથી પ્રેમ મળ્યો છે.

કોઈ પણ શોને હિટ અને લોકપ્રિય રાખવા માટે તેમાં દર વખતે કંઈક નવું અને ફ્રેશ હોવું જરૂરી છે. કેબીસીમાં પણ દર વખતે એવા ફેરફારો કરવામાં આવે છે જેનાથી નવો શો જૂના શો કરતાં સારો, અલગ અને વધુ રસપ્રદ લાગે છે. છેલ્લાં ૧૭ વર્ષોમાં કેબીસીએ નિયમો, લાઇફલાઇન અને ઈનામની રકમમાં ઘણા ફેરફારો કર્યા છે. આ જ કારણે તે બીજા ટીવી શો કરતાં વધુ ફેમસ છે. આ વર્ષે ૧૮મી સિઝનમાં પણ એક મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. હવે સવાલો એવા નહીં હોય જેના જવાબ સીધા અને ફિક્સ હોય, પણ જવાબ આપવા માટે મગજ દોડાવવું પડશે. આજકાલ ગૂગલ, ચૅટજીપીટી અને AIના લીધે કોઈ પણ માહિતી સેકન્ડોમાં મળી જાય છે, એટલે સીધા સવાલો પૂછવાનો કોઈ અર્થ નથી. બસ આ જ પડકારને પહોંચી વળવા કેબીસીએ સવાલોની રીત બદલી છે. એટલે કે હવે કેબીસીમાં જવાબ આપતાં પહેલાં 'વિચારવું પડશે' અને પછી જ નિર્ણય લેવો પડશે.

સાથે જ એવું પણ છે કે આજનો દર્શક જ્ઞાનને માત્ર એક તથ્ય કે પરિણામના રૂપમાં મેળવવા નથી માગતો, પરંતુ તે એ પ્રક્રિયાને પણ જાણવા માગે છે જેનાથી તે જવાબ બન્યો હોય છે. એટલા માટે જ શોના નિર્માતાઓએ હવે જવાબ ગોખીને આપવાના બદલે સમજીને જવાબ આપવાની રણનીતિ અપનાવવાનો નિર્ણય કર્યો છે. આના બંને સ્તરે ફાયદા છે. એક તરફ આનાથી સ્પર્ધક પણ સજાગ થઈને અને સમજી-વિચારીને જવાબ આપવો પડશે, જેમાં વધુ મહેનત કરવી પડશે અને આ જ કારણે આ કાર્યક્રમની પ્રતિષ્ઠા વધશે. 'કૌન બનેગા કરોડપતિ' કાર્યક્રમના સવાલોના જવાબ માત્ર અંદાજો લગાવીને આપી શકાતા નથી, પરંતુ તમને તેની સમજ હોવી જોઈએ. અને હા, સૌથી મોટી વાત એ છે કે ૨૬ વર્ષ જૂના કોઈપણ શો માટે પોતાનો એ જ અંદાજ અને વટ જાળવી રાખવો એ બહુ મોટો પડકાર હોય છે. આ ત્યારે જ થઈ શકે જ્યારે તે દર વખતે દર્શકો સામે એક નવો પડકાર રજૂ કરે અને કેબીસી આ બાબતમાં હંમેશાં નવો પડકાર લાવે છે. આ રીતે જોઈએ તો 'કૌન બનેગા કરોડપતિ' ફેમસ હોવાના કોઈ એક નહીં પણ ઘણાં મજબૂત કારણો છે અને આ જ કારણોને લીધે કેબીસી છેલ્લાં ૨૬ વર્ષોથી ટીવીની દુનિયામાં સૌથી લોકપ્રિય શો બનેલો રહ્યો છે. ■

# ભારતીય મહિલાઓ ફાઈનલમાં

## આઠમા ટાઈટલની લગોલગ: શેફાલીના ચાર જીવતદાન સાથે ૬૪ રન, દીપ્તિની ત્રણ વિકેટ

દુબઈ: ભારતે (૬/૧૪૯) અહીં ગુરુવારે મહિલાઓના ટી-૨૦ એશિયા કપની સેમિ ફાઇનલમાં બાંગ્લાદેશ (૭/૧૦૯)ને ૪૦ રનથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો અને હવે ભારત આઠમા એશિયા કપ ટાઇટલથી માત્ર એક ડગલું દૂર છે. અગાઉ ભારતીય મહિલાઓ આ ટૂર્નામેન્ટના વન-ડે ફૉર્મેટમાં ચાર અને ટી-૨૦ ફૉર્મેટમાં ત્રણ ટાઇટલ જીતી હતી. શુક્રવારે પાકિસ્તાન-શ્રીલંકાની સેમિ ફાઇનલની વિજેતા ટીમ રવિવારે (રાત્રે ૮.૦૦ વાગ્યાથી) ભારત સામે ફાઇનલ રમશે.

નિગાર સુલતાનાની ટીમની બોલર્સે સારું પર્ફોર્મ કર્યું ત્યાર બાદ બૅટર્સે ભારતની છ બોલરની અસરદાર બોલિંગ સામે થોડી લડત આપવાની સાથે આકરી કસોટી પણ આપવી પડી હતી જેમાં તેઓ નિષ્ફળ રહી હતી. દીપ્તિ શર્માએ ત્રણ તેમ જ નંદની શર્માએ બે તથા પ્રેમા રાવત અને શ્રી ચરનીએ એક-એક વિકેટ લીધી હતી. નંદનીએ મૅચના અંતિમ બે બૉલમાં બે વિકેટ મેળવી હતી.

એ પહેલાં, ડિફેન્ડિંગ ચૅમ્પિયન હરમનપ્રીત કૌર ઍન્ડ કંપનીએ પ્રથમ બૅટિંગ મળ્યા બાદ ૬/૧૪૯ રનની ઇનિંગ્સમાં છેલ્લા ૧૦ બૉલમાં ત્રણ વિકેટ ગુમાવી હતી. જોકે એ પહેલાં ઓપનર શેફાલી વર્મા (૬૪ રન, ૪૦ બૉલ, ત્રણ છગ્ગા, સાત ચોગ્ગા)એ ચાર જીવતદાનની મદદથી જીતનો પાયો નાખ્યો હતો. ૬, ૧૧ અને ૫૬મા રને તેનો કૅચ છૂટ્યો હતો, તેમ જ એક વખત રનઆઉટ થતાં રહી ગઈ હતી.

ઓપનર શેફાલી વર્માએ ભારત વતી ટી-૨૦માં ૨૦મી હાફ સેન્ચુરી ફટકારી હતી. દાવના અંતિમ તબક્કામાં કૅપ્ટન હરમનપ્રીત કૌર (૨૪ અણનમ, ૨૮ બૉલ, બે છગ્ગા) સાથે નાની ભાગીદારીઓ કરનાર વિકેટકીપર રિચા ઘોષ (૨૧ રન, ૧૬ બૉલ, બે છગ્ગા) તથા ઑલરાઉન્ડર દીપ્તિ શર્મા (૧૩ રન, છ બૉલ, એક છગ્ગો, એક ચોગ્ગો)એ પણ ફટકાબાજી કરીને બાંગ્લાદેશની બોલર્સની મહેનત પર પાણી ફેરવ્યું હતું. શેફાલી અને ૨૦ રન બનાવનાર પ્રતીકા રાવલ વચ્ચે ૫૦ રનની ભાગીદારી થઈ હતી. સુલતાના ખાતુન નામની સ્પિનરે સૌથી વધુ બે વિકેટ લીધી હતી. ■

# દુલીપ ટ્રોફી

# ઈસ્ટ ઝોન ૧૪ વર્ષે ફરી ચૅમ્પિયન

ચેન્નઈ: દુલીપ ટ્રોફીની પાંચ દિવસીય ફાઈનલમાં ઈશાન કિશનના નેતૃત્વમાં ઈસ્ટ ઝોન ચૅમ્પિયન બન્યું છે. આ ટીમે ૧૪ વર્ષ બાદ ફરી એક વખત ટ્રોફી પર કબજો કર્યો છે. આ અગાઉ ઈસ્ટ ઝોને ૨૦૧૧-'૧૨ અને ૨૦૧૨-'૧૩ની સીઝનમાં બૅક-ટુ-બૅક ટ્રોફી જીતી હતી.

ફાઈનલમાં રનનો અભૂતપૂર્વ ઢગલો થયો હતો. આખી મૅચમાં ૧,૪૦૦થી પણ વધુ રન બન્યા હતા. ઈસ્ટ ઝોને પ્રથમ દાવમાં ૭૦૮ રન કર્યા બાદ સાઉથ ઝોને ૩૩૬ રન બનાવ્યા હતા. ગુરુવારના છેલ્લા દિવસે ઈસ્ટ ઝોને બીજો દાવ ૭/૩૮૮ના સ્કોર પર ડિક્લેર કર્યો ત્યાર બાદ બંને ટીમના કેપ્ટને હાથ મિલાવીને મેચને ડ્રો કરાવવા સહમતી સાધી હતી. એ સાથે ઈસ્ટ ઝોને પ્રથમ દાવની સરસાઇને આધારે ફાઇનલ અને ટ્રોફી જીતી લીધી હતી.



ટ્રોફી સાથે ઊભેલા કૅપ્ટન કિશન અને મુખ્ય બોલર શમી તથા અન્ય વિજેતા ખેલાડીઓ સાથે સેલ્ફી લઈ રહેલો વૈભવ સૂર્યવંશી. (પીટીઆઇ)

ચૅમ્પિયનપદની લગોલગ પહોંચી ગયેલી ઈસ્ટ ઝોનની ટીમે બીજા દાવમાં સાત વિકેટે ૩૮૮ રન કર્યા હતા અને પ્રથમ દાવની ૩૭૨ રનની સરસાઈ ગણતાં એના ખાતે કુલ ૭૬૦ રન હતા.

ઈસ્ટના કેપ્ટન કિશન સહિત ત્રણ બૅટ્સમેને હાફ સેન્ચુરી ફટકારી હતી અને મોહમ્મદ કૉનૈન કુરેશી નામનો ઑલરાઉન્ડર ૧૧૬ રન પર રમી રહ્યો હતો ત્યારે મેચ નેટ રોજ જાહેર કરવામાં આવી હતી.

ઈસ્ટ ઝોને બીજો દાવ ડિક્લેર કરીને સાઉથ ઝોનને બીજા દાવની બૅટિંગ આપવાને બદલે આજના છેલ્લા દિવસે ભરપૂર બૅટિંગ પ્રેક્ટિસ કરી હતી. ■

### શૉ મસ્ટ ગો ઑન

# દિલ્હીમાં બ્રિક્સ પરિષદ છતાં રવિવારે ભારત-અફઘાનિસ્તાન ટી-૨૦ રમાશે

નવી દિલ્હી: પાટનગર દિલ્હીમાં એક તરફ આગામી વીકએન્ડમાં (શનિવાર અને રવિવારે) પાંચ મોટા દેશો વચ્ચેની બ્રિક્સ શિખર પરિષદ યોજાવાની છે અને એ જ અરસામાં (રવિવારે) દિલ્હીમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ટી-૨૦ સિરીઝની પ્રથમ મૅચનું આયોજન કરવામાં આવ્યું હોવાને કારણે એવી સંભાવના હતી કે ટી-૨૦ મૅચના શેડ્યૂલમાં ફેરફાર કરવામાં આવશે, પરંતુ ગુરુવારે સાંજે જાહેર કરવામાં આવ્યું હતું કે આ ક્રિકેટ મૅચ નિર્ધારિત દિવસે (રવિવારે) દિલ્હીમાં જ રમાશે. ચીનના પ્રમુખ શી જિનપિંગ બ્રિક્સ પરિષદ માટે ભારત આવવાના હોવાનું છેલ્લી ઘડીએ નક્કી થતાં તેમ જ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સહિત ટોચના નેતાઓ, વીવીઆઇપીઓ તેમ જ મહાનુભાવો તથા અધિકારીઓ દિલ્હી આવવાના હોવાથી દિલ્હી ટ્રાફિક પોલીસે સલામતીના બંદોબસ્ત વચ્ચે વાહન-વ્યવહારને કાબૂમાં રાખવાનું મુશ્કેલ બની જશે એવું કારણ આપીને ટી-૨૦ મૅચ અન્ય કોઈ દિવસે અથવા અન્ય કોઈ શહેરમાં રાખવાની વિનંતી કરી હતી.

જોકે દિલ્હી ઍન્ડ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ અસોસિયેશન (ડીડીસીએ) દ્વારા ગુરુવારે દિલ્હી ટ્રાફિકના સત્તાધીશો સાથેની મંત્રણા બાદ જાહેરાત કરવામાં આવી હતી કે બ્રિક્સ પરિષદ હોવા છતાં રવિવારની મૅચ રમાશે જ. અરુણ જેટલી સ્ટેડિયમમાં મૅચ સાંજે ૭.૩૦ વાગ્યે શરૂ થશે અને બ્રિક્સની બેઠક કદાચ એ પહેલાં પૂરી થઈ ગઈ હશે. આ સ્ટેડિયમમાં લગભગ પચીસથી ત્રીસ હજાર પ્રેક્ષકો મૅચ જોવા આવશે.

બ્રિક્સ સાથે સંકળાયેલા મુખ્ય ૧૧ જેટલા દેશોમાંથી મુખ્ય પાંચ દેશ બ્રાઝિલ, રશિયા, ઇન્ડિયા, ચાઇના, સાઉથ આફ્રિકા (બી. આર. આઇ. સી. એસ.)ના નામ પરથી બ્રિક્સ શિખર પરિષદનું નામ પડ્યું છે. ■

### ભારતની ધરતી પર અફઘાનિસ્તાન યજમાન

ટી-૨૦ સિરીઝની ત્રણ મૅચ દિલ્હીમાં ૧૩, ૧૫ અને ૧૭મી સપ્ટેમ્બરે રમાશે. દરેક મૅચ નિર્ધારિત દિવસે સાંજે ૭.૩૦ વાગ્યે શરૂ થશે. મૂળ તો અફઘાનિસ્તાન આ સિરીઝનું યજમાન છે. તેમની ટીમ અસલામતીના કારણસર અન્ય કોઈ દેશમાં સિરીઝ ન રાખી શકતું હોવાથી તેમને ભારતમાં તેમના વતી શ્રેણી રાખવાની પરવાનગી અપાઈ છે. શ્રેયસ ઐયર ભારતનો અને ઇબ્રાહિમ ઝદ્રાન અફઘાનિસ્તાનનો કૅપ્ટન છે. ■

# ભારતે પાકિસ્તાનને ૧૯-૦થી કચડ્યું

## જુનિયર હૉકીની સેમિ ફાઇનલમાં શાનથી એન્ટ્રી કરી: ભારતની દરેક ખેલાડીએ કર્યો ગોલ

મૉકી (ચીન): હૉકીના જુનિયર એશિયા કપમાં ભારતની મહિલા ટીમ સામે પાકિસ્તાનની ટીમ તદ્દન નબળી પુરવાર થઈ છે. ક્વૉર્ટર ફાઇનલમાં ભારતે પાકિસ્તાનને ૧૯-૦થી કચડીને સેમિ ફાઇનલમાં શાનથી પ્રવેશ કર્યો છે.

આ મૅચમાં શરૂઆતથી અંત સુધી ભારતીય ખેલાડીઓનું પાકિસ્તાની ટીમ પર સંપૂર્ણ પ્રભુત્વ હતું અને એટલે જ ભારતીય ટીમ આ ટૂર્નામેન્ટની સૌથી મોટી જીતમાં પોતાનું નામ લખાવી શકી છે. ભારતીય મહિલા ખેલાડીઓએ કુલ ૧૯ ગોલ કર્યા હતા. પાકિસ્તાનનો પર્ફોર્મન્સ એટલો બધો ખરાબ હતો કે ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારતને કુલ ૧૮ પેનલ્ટી કૉર્નર મળ્યા હતા તેમ જ એક પેનલ્ટી સ્ટ્રોક પણ મળ્યો હતો. ભારત વતી સબસ્ટિટ્યૂટ પ્લેયર સહિત દરેક ખેલાડીએ એક કે એકથી વધુ ગોલ કર્યા હતા. પૂજા મલિકે ત્રણ ગોલ કર્યા હતા, જ્યારે રોશની એઇન્દ, સનિકા માને, સુપ્રિયા અને મધુ સિદરે બે-બે ગોલ કર્યા હતા, જ્યારે ગોલ કરનાર અન્ય ખેલાડીઓમાં પૂજા સાહુ, તનુશ્રી દિનેશ કડુ, સુખવીર કૌર, ગીતા યાદવ, તનુજા ટૉપો, પૂર્ણિમા યાદવ, બિનિમા ધાન અને ક્રિષ્ના શર્માનો સમાવેશ હતો. ■

# ઇંગ્લૅન્ડમાં પાકિસ્તાનના ક્રિકેટરોને નિરાશ્રિતો માની લીધા, વિરોધ કરવા મુખવટાધારી લોકો આવી ગયા હૉટેલ પર!

પોર્ટ્સમાઉથ (ઇંગ્લૅન્ડ): ઇંગ્લૅન્ડમાં પાકિસ્તાનના ક્રિકેટરોની નૅશનલ ટીમ ટેસ્ટ-સિરીઝમાં ખરાબ સ્થિતિનો સામનો કરી જ રહી છે એવામાં પાકિસ્તાનના જ અન્ડર-૧૯ ક્રિકેટરોને પણ એક કડવો અનુભવ થયો છે. ઇંગ્લૅન્ડના એક જાણીતા અંગ્રેજી દૈનિકના અહેવાલ મુજબ મંગળવાર, આઠમી સપ્ટેમ્બરે સાંજે પાકિસ્તાનની અન્ડર-૧૯ ટીમના ખેલાડીઓ પોર્ટ્સમાઉથમાં જે હૉટેલમાં હતા એની બહાર ૩૦થી ૪૦ લોકોનું મોટું ટોળું જમા થઈ ગયું હતું જેને પગલે આ ખેલાડીઓની સલામતી સામે જોખમ ઊભું થયું હતું. આ લોકો ઇંગ્લૅન્ડમાં અડ્ડો જમાવતા નિરાશ્રિતોની વિરુદ્ધમાં આંદોલન ચલાવી રહ્યા છે.

પાકિસ્તાનના ટીનેજ ક્રિકેટરોને પોર્ટ્સમાઉથની મૅરિયટ હૉટેલમાં ઉતારો આપવામાં આવ્યો હતો. એવી અફવા ઊડી હતી કે આ હૉટેલમાં કેટલાક વિદેશી લોકો આવી ચડ્યા છે. અફવાને પગલે મોટી સંખ્યામાં લોકો હૉટેલની બહાર આવી ગયા હતા. એ તો ઠીક, પણ તેઓ માસ્ક પહેરીને આવ્યા હતા. તરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી અને પોલીસ અધિકારીઓએ આવીને પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે હૉટેલમાં રહેતા વિદેશીઓ બીજું કોઈ નહીં, પણ પાકિસ્તાનના અન્ડર-૧૯ ખેલાડીઓ છે.

પોલીસે હૉટેલના સત્તાવાળાઓ સાથે ચર્ચા કર્યા પછી બહાર જમા થયેલા ટોળાને વાકેફ કર્યા હતા કે 'તમને કોઈએ ખોટી માહિતી આપી હતી. હૉટેલમાં રહેતા યુવાનો કોઈ નિરાશ્રિતો (શરણાર્થીઓ) નથી, પણ પાકિસ્તાનના અન્ડર-૧૯ ટીમના ખેલાડીઓ તથા કોચ સહિતના અધિકારીઓ છે.' આ સાંભળીને બે જ મિનિટમાં વિરોધી લોકોનું ટોળું વિખેરાઈ ગયું હતું અને હૉટેલથી દૂર જતા રહ્યા હતા.



સોશ્યલ મીડિયામાં એક ફોટો વાઇરલ થયો હતો જેમાં મોટી સંખ્યામાં કેટલાક લોકોને બતાવાયા હતા. આ લોકો મૅરિયટ હૉટેલમાં ઊતર્યા હોવાની પણ જાણકારી કોઈએ મીડિયામાં આપી હતી. આ લોકો નિરાશ્રિતો છે અને ઇંગ્લૅન્ડમાં ક્યાંકને ક્યાંક સ્થાયી થઈ જવાની પેરવીમાં છે એવું માનીને વિરોધીઓનું ટોળું મુખવટા પહેરીને હૉટેલની બહાર આવી ચડ્યું હતું. ■

# ઇંગ્લૅન્ડ સામે પાકિસ્તાનનો વાઇટવૉશ દૂર નથી

બર્મિંગમ: ઇંગ્લૅન્ડે પાકિસ્તાન સામે સિરીઝની પહેલી બન્ને ટેસ્ટ જીતીને ૨-૦થી વિજયી સરસાઈ મેળવી લીધા બાદ હવે અહીં ત્રીજી અને અંતિમ ટેસ્ટમાં પણ બ્રિટિશ ટીમ વિજયની દિશામાં આગળ વધી રહી છે. ગુરુવારના બીજા દિવસે વરસાદને લીધે રમત પૂરી થયેલી જાહેર કરવામાં આવી ત્યારે પાકિસ્તાનનો બીજા દાવનો સ્કોર બે વિકેટે બાવન રન હતો.

પાકિસ્તાન પ્રથમ દાવમાં માત્ર ૧૩૩ રનમાં આઉટ થઈ ગયા પછી ઇંગ્લૅન્ડે ૪૫૩ રન બનાવીને ૩૨૦ રનની જંગી સરસાઈ લીધી હતી.

ઇંગ્લૅન્ડના ૪૫૩ રનમાં પાંચ બૅટ્સમેનની હાફ સેન્ચુરી સામેલ હતી: એમિલિયો ગે (૬૦), હૅરી બ્રૂક (૭૫), ડૅન લૉરેન્સ (૬૫), વિકેટકીપર જૅમી સ્મિથ (૬૯) અને ઑલી રૉબિન્સન (૫૦). બાબરના સુકાનમાં પાકિસ્તાન એ સરસાઈ નીચે દબાઈ રહ્યું છે. બીજા દાવમાં પાકિસ્તાન ૨૬૮ રનથી પાછળ હતું અને જો રૂટના સુકાનમાં ઇંગ્લૅન્ડ પ્રથમ દાવથી જીતી શકે એમ છે. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| धज्जी | શ્રીમંત |
| धनिया | કૃતાર્થ |
| धन्य | લાંછન |
| धब्बा | ચીંદરી |
| धनी | ધાણા |

### જાણવા જેવું

'વેક અપ સિદ' ફિલ્મના સંગીતથી લોકપ્રિયતા મેળવનારા અમિત ત્રિવેદીએ એવી અનેક ફિલ્મોમાં સંગીત આપ્યું છે જેમાં ૧૦ કે એનાથી વધારે ગીતો હોય. તેની પહેલી જાણીતી ફિલ્મ 'દેવ ડી'માં ૧૮ ગીતનો સમાવેશ હતો. 'બૉમ્બે વેલ્વેટ'માં ૧૫ ગીત હતાં જ્યારે 'મનમર્ઝીયા' માટે અમિતે ૧૪ ગીત સ્વરબદ્ધ કર્યાં હતાં.

### ગુજરાત મોરી મોરી રે

કારકિર્દીમાં અનેક હિન્દી ફિલ્મોમાં કામ કરનારાં મશહૂર અભિનેત્રી અરુણા ઈરાનીની ગુજરાતી ફિલ્મનું નામ જાણો છો?

અ) અખંડ સૌભાગ્યવતી
બ) જેસલ તોરલ
ક) મેઘાડંબર
ડ) મારી હેલ ઉતારો રાજ

### નોંધી રાખો

*ગીતકાર- સંગીતકાર જોડીમાં અમિત ત્રિવેદીનું સ્વરાંકન હોય એમાંની મોટાભાગની ફિલ્મના ગીત અમિત ભટ્ટાચાર્યએ લખ્યા છે.*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | | ૫ | |
| | | ૬ | | | ૭ | | | | |
| | ૮ | | | ૯ | | | | ૧૦ | |
| ૧૧ | | | ૧૨ | | | | ૧૩ | | |
| | | ૧૪ | | | | ૧૫ | | | ૧૬ |
| ૧૭ | | | | | ૧૮ | | | | |
| | | | | ૧૯ | | | | ૨૦ | |
| ૨૧ | ૨૨ | | ૨૩ | | | | ૨૪ | | |
| | | | ૨૫ | | | ૨૬ | | | ૨૭ |
| ૨૮ | | | | | ૨૯ | | | | |

**આડી ચાવી**

૧. પેદા કરનાર, ઈશ્વર (૫)
૪. વીતક, પ્રત્યક્ષ જ્ઞાન (૪)
૬. ઠેકાણું (૨)
૭. સહેલી (૨)
૮. સાચું (૨)
૧૦. એક તેજાનો (૨)
૧૧. --- ગયા ને લીસોટા રહ્યા (૨)
૧૨. પ્રેમ ન જુવે જાત --- (૩)
૧૫. જોગવાઈ, અનુકૂળતા (૪)
૧૭. મશહૂર, માનવંત (૪)
૧૯. લેવડદેવડ (૩)
૨૦. ખામી, ઊણપ (૨)
૨૧. નસીબ (૨)
૨૪. તજવીજ, ત્રેવડ (૨)
૨૫. પશુ કે પંખીમાં સ્ત્રીજાત (૨)
૨૬. --- થોડીને વેશ ઝાઝા (૨)
૨૮. સંદેશ (૪)
૨૯. સહિષ્ણુ (૫)

**ઊભી ચાવી**

૧. સાત (૨)
૨. ખરાબ, ગંદું (૩)
૩. હિંમત (૨)
૪. આખું, બધું (૩) (જો.છૂ.)
૫. ભસ્મ (૩)
૮. --- તો શેરીની ધૂળનો પણ પડે (૨)
૯. --- અને આંધળું બરાબર (૩)
૧૧. --- વગર સિદ્ધિ નહીં (૩)
૧૩. ભેંશના --- ભેંશને ભારે (૩)
૧૪. અણસમજુ, મૂર્ખ (૩)
૧૬. તેજીને ટકોર અને ગધેડાને (૩)
૧૮. છળ, પ્રપંચ (૩)
૨૦. અભિપ્રાય (૨)
૨૨. આશ્ચર્ય, અચંબો (૩)
૨૩. ભપકો, દબદબો (૩)
૨૪. પગાર, દરમાયો (૩)
૨૬. વાટ, રસ્તો (૨)
૨૭. વિલંબ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ક્ષે | ૨ મ | કુ | ૩ શ | ળ | | ૪ બે | ૫ વ | ફૂ | ૬ ફ |
| ૭ ત્ર | ણ | | તાં | | | ૮ હે | ર | | ર |
| જ્ઞ | | | ૯ શ | ૧૦ ક | મં | દ | | | મા |
| | ૧૧ ત્વ | ચા | | જિ | | | ૧૨ વિ | મા | ન |
| ૧૩ જ | રા | | | યા | | ૧૪ શે | ષ | | |
| | | ૧૫ ના | દ | | ૧૬ ત | | | ૧૭ ફાં | |
| ૧૮ પ | લ્લ | વ | | | ન | | ૧૯ ખાં | સી | |
| રં | | | ૨૦ શિ | કા | ય | ૨૧ ત | | | ૨૨ પા |
| ૨૩ ત | ૨૪ ક | | ક્ષ | | | બા | | ૨૫ જો | મ |
| ૨૬ પ | ળો | જ | ણ | | ૨૭ મ | હિ | સા | ગ | ર |

### ઓળખાણ પડી?

૧૯૪૦ - ૫૦ના દાયકામાં હિન્દી ફિલ્મોના અગ્રણી હીરોની મા બન્યાં પહેલાં રોમેન્ટિક રોલ કરનારી અભિનેત્રીની ઓળખાણ પડી?

અ) લીલા મિશ્રા
બ) અચલા સચદેવ
ક) દુર્ગા ખોટે
ડ) લીલા ચીટણીસ



### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

અભિનેતા દિલીપ કુમાર અને રાજેન્દ્ર કુમારની ૧૫ વર્ષના અંતરાલમાં આવેલી એક જ નામ ધરાવતી ફિલ્મનું નામ કહી શકશો?

અ) આરઝૂ બ) જોગન ક) સૂરજ ડ) મધુમતી

### માઈન્ડ ગેમ

બે એક્શન એક્ટર્સ અજય દેવગન અને સલમાન ખાનએ સાથે કામ કર્યું હોય એવી ફિલ્મ આપેલા વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) જીગર બ) હમ દિલ દે ચુકે સનમ ક) હેલો બ્રધર ડ) દિલવાલે

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | ૯ | | ૭ | ૮ | | |
| | ૯ | | ૩ | | ૪ | | ૬ | |
| ૭ | ૫ | | | ૧ | | | ૯ | ૪ |
| ૬ | ૩ | | | | | | ૮ | ૫ |
| | | ૨ | | | | ૧ | | |
| ૯ | ૭ | | | | | | ૩ | ૨ |
| ૪ | ૧ | | | ૯ | | | ૨ | ૮ |
| | ૬ | | ૭ | | ૧ | | ૪ | |
| | | ૭ | ૫ | | ૮ | ૯ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૩ | ૯ | ૭ | ૮ | ૨ | ૪ | ૬ | ૧ |
| ૨ | ૬ | ૮ | ૫ | ૪ | ૧ | ૭ | ૩ | ૯ |
| ૧ | ૪ | ૭ | ૬ | ૩ | ૯ | ૫ | ૨ | ૮ |
| ૬ | ૭ | ૫ | ૪ | ૯ | ૮ | ૨ | ૧ | ૩ |
| ૯ | ૨ | ૧ | ૩ | ૭ | ૫ | ૮ | ૪ | ૬ |
| ૩ | ૮ | ૪ | ૧ | ૨ | ૬ | ૯ | ૫ | ૭ |
| ૭ | ૧ | ૨ | ૯ | ૫ | ૩ | ૬ | ૮ | ૪ |
| ૮ | ૯ | ૩ | ૨ | ૬ | ૪ | ૧ | ૭ | ૫ |
| ૪ | ૫ | ૬ | ૮ | ૧ | ૭ | ૩ | ૯ | ૨ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| सुपर ३० | રિતિક રોશન |
| हिचकी | રાની મુખરજી |
| ब्लेक | અમિતાભ બચ્ચન |
| पाठशाला | શાહિદ કપૂર |
| परिचय | જિતેન્દ્ર |

**ગુજરાત મોરી મોરી રે:** ટીચર ઑફ ધ યર

**ઓળખાણ પડી?** ઇમ્તિહાન

**માઈન્ડ ગેમ :** ઇકબાલ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** શ્રી ૪૨૦

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) ભરત કજરિયા (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૮) શ્રદ્ધા આશર (૯) ખુશરૂ કાપડિયા (૧૦) જયવંત પદમશી ચિખલ (૧૧) લજિતા ખોના (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૪) મીનળ કાપડિયા (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) પ્રવીણ વોરા (૧૮) કમલ માતલિયા (૧૯) મહેશ એન. સંઘવી (૨૦) નિતીન જયંતીલાલ બજરિયા (૨૧) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૨) નંદુભાઈ અ. ગોઠી (૨૩) ભાવના કર્વે (૨૪) અંજુ ટોલિયા (૨૫) વિણા સંપટ (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૮) અલકા વાણી (૨૯) અરવિંદ કામદાર (૩૦) જ્યોત્સના ગાંધી (૩૧) હિનાબેન દલાલ (૩૨) ઈનાક્ષીબેન દલાલ (૩૩) રમેશભાઈ દલાલ (૩૪) નયના ગિરીશ મિસ્ત્રી (૩૫) સુભાષ મોમાયા (૩૬) નીતા દેસાઈ (૩૭) પુષ્પા પટેલ (૩૮) તાહેર ઔરંગાબાદવાલા (૩૯) શીરીન ઔરંગાબાદવાલા (૪૦) ધીરેન્દ્ર મુલરાજ (૪૧) પ્રતિમા પમાણી (૪૨) ભામિની સંપટ (૪૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૪) હિંમત પુરુષોત્તમ ખોલીયા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ ૨૦૫ જવાબ:** ૧) સંજનવા બૈરી હો ગયે હમાર ચીઠીયા હો તો હર કોઈ બાંચે ભાગ ના બાંચે કોઈ, ૨) સજના સાથ નિભાના, સાથી મેરે બહારો કે રાહ મેં છોડ ના જાના, ૩) સૈયા બેઈમાન મોસે છલ કીય જાય હાય રે હાય હાય સૈયા બેઈમાન, ૪) સાજન સાજન પુકારું ગલિયો મેં કભી ફૂલો મેં ઢૂંઢુ કભી કલીયો મેં, ૫) સનમ મેરે સનમ કસમ તેરી કસમ મુજે આજ કલ નીંદ આતી હૈ કમ, ૬) પિયા ઐસો જીયા મેં સમાયી ગયો રે કે મૈં તન મન કે સુધ બુધ ગવા બૈઠી ૭) બલમાં માને ના બૈરી છુપ ના રહે લાગે મન કી કહે પા કે અકેલી મોરિ બહિયાં ધરે

**ક્વિઝ ૨૦૬ જવાબ:** ૧) સર, ૨) અંદાઝ, ૩) ઇમ્તિહાન, ૪) બ્લેક, ૫) મૈં હું ના, ૬) કુછ કુછ હોતા હૈં, ૭) જાગૃતિ

# અકસ્માતને રોકવા માટે બંધ દરવાજાની સાદી લોકલ ટ્રાયલમાં ફેલ

## સેફ્ટી ટ્રાયલમાં જોવા મળેલી ટેક્નિકલ ખામી બાદ એક રૅક આઈસીએફમાં પાછી ગઈ; બીજી કુર્લા કાર શેડમાં ધૂળ ખાય છે

ચેતના રાજા

મુંબઈ: લોકલ ટ્રેનમાંથી પ્રવાસીઓના પડી જવાને કારણે સર્જાતા અકસ્માતના વિકલ્પ તરીકે બંધ દરવાજાની લોકલના પ્રોજેક્ટ પર કામ ચાલુ કરવામાં આવ્યું હતું અને આવી બે રેકનું મુંબઈમાં આગમન થયા બાદ મુંબઈગરાને એવી આશા જાગી હતી કે આવી લોકલ આવ્યા બાદ અકસ્માત ઓછા થશે, પરંતુ હમણાં મળેલી માહિતી મુજબ આ રેક સેફટી ટ્રાયલમાં નિષ્ફળ ગઈ હોવાથી હજી ઓછામાં ઓછો થોડો સમય તો આવી રૅક મુંબઈગરાની સેવામાં આવે એની શક્યતા ઓછી છે.

મુંબઈગરાને વધુ સુરક્ષિત અને આધુનિક મુસાફરીની આશા જગાવનારી નોન-એસી ક્લોઝ્ડ-ડોર લોકલ ટ્રેનનું સપનું ફરી લંબાયું છે. મુંબઈની પ્રથમ નોન-એસી, ઓટોમેટિક ડોર ધરાવતી લોકલ ટ્રેનની મહત્ત્વપૂર્ણ સલામતી ટ્રાયલ દરમિયાન કેટલાક ટેક્નિકલ અને મિકેનિકલ મુદ્દા સામે આવ્યા હતા. જેના પગલે ટ્રાયલ માટે ગયેલી રેકને જરૂરી સુધારા માટે ફરી પાછી ચેન્નઈ ખાતેની ઇન્ટિગ્રલ કોચ ફેક્ટરી (આઈસીએફ)માં મોકલવામાં આવી હોવાનું સેન્ટ્રલ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સ્વપ્નિલ નીલાએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું.

નવી લોકલનું કન્ફર્મેટરી ઓસિલોગ્રાફ કાર રન (સીઓસીઆર) રિસર્ચ ડિઝાઈન્સ એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઈઝેશન (આરડીએસઓ) દ્વારા કરવામાં આવ્યું હતું. આ મહત્ત્વપૂર્ણ ટ્રાયલ ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશની સરહદ પર આવેલા ૬૩.૨૭ કિલોમીટર લાંબા ખજુરાહો-મહોબા સેક્શન પર હાથ ધરવામાં આવ્યું હતું. ટ્રાયલનો હેતુ ટ્રેનના સંચાલન દરમિયાન તેની સલામતી, સ્થિરતા અને વિવિધ ટેકનિકલ તથા મિકેનિકલ પાસાઓની ચકાસણી કરવાનો હતો.

જોકે આ ટ્રાયલ ફેલ થઈ હતી. અહીં ઉલ્લેખનીય છે કે આ રેક પહેલીવાર મુંબઈમાં આવી ત્યારે પણ અનેક મુંબઈગરાઓએ આ ડિઝાઇન અંગે ઘણા સવાલો નિર્માણ કર્યા હતા, પણ પ્રવાસીઓની સેવામાં આવતા પહેલા જ આ રેકનું ટ્રાયલ ફેલ થતા શું આ રેક પ્રવાસીઓની ટ્રાયલ પાસ કરી શકશે કે કેમ તેવા સવાલો પણ નિર્માણ થયા છે. ઉલ્લેખનીય છે કે એસી લોકલમાં પણ એસી બંધ થઇ જતા પ્રવાસીઓ ગૂંગળામણ અનુભવતા હોવાના ઘણા કિસ્સા સામે આવી ચુકયા છે, પ્રવાસીઓની ભીડના કારણે દરવાજાઓ ધસારાના સમયે બંધ કરવા અને લોકોને ટ્રેનની અંદર ધકેલવા માથાનો દુખાવો બની જતું હોય છે, તેવામાં આ રેક ટ્રાયલમાં સફળ થઈ પણ જાય તો મુંબઈગરા માટે શું યોગ્ય વિકલ્પ સાબિત થઇ શકશે કે નહીં તેવી શંકા પણ પ્રવાસીઓએ વ્યક્ત કરી હતી.

ટ્રાયલ દરમિયાન કેટલાક ટેકનિકલ અને મિકેનિકલ મુદ્દાઓ સામે આવ્યા, જેના કારણે રેક નિર્ધારિત સલામતી માપદંડોને પૂર્ણ કરી શકી નથી. પરિણામે હવે ટ્રેનને સીધી મુસાફર સેવા માટે આગળ ધપાવવાને બદલે જરૂરી સુધારા કરવામાં આવશે. આઈસીએફમાં એન્જિનિયરો દ્વારા કરેક્ટિવ વર્ક અને જરૂરી ટેકનિકલ મોડિફિકેશન કર્યા બાદ જ રેકને ફરીથી ટ્રાયલ માટે રજૂ કરવામાં આવશે. આ પ્રકરણે મધ્ય રેલવેના અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર, મોડિફિકેશન પૂર્ણ થયા બાદ નવું ટ્રાયલ શેડ્યૂલ કરવામાં આવશે. એટલે ટ્રેનને નિયમિત સેવા માટે મંજૂરી મળે તે પહેલાં સુધારા, પુનઃપરીક્ષણ અને જરૂરી સલામતી મંજૂરીની પ્રક્રિયામાંથી ફરી પસાર થવું પડશે. આ સમગ્ર પ્રક્રિયાના કારણે મુંબઈમાં આ ટ્રેન ક્યારે દોડશે તે અંગેની રાહ વધુ લંબાઈ શકે છે. આ દરમિયાન આ પ્રોજેક્ટનો બીજો રેક રેક કુર્લા કાર શેડમાં હજી સુધી ધૂળ ખાઈ રહ્યો છે. પ્રથમ રેકના ટ્રાયલ દરમિયાન સામે આવેલા ટેકનિકલ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને બીજી રેકનું પણ મૂલ્યાંકન કરવામાં આવી શકે છે. જો સમાન પ્રકારના સુધારા જરૂરી જણાશે તો બીજી રેકમાં પણ જરૂરી ટેકનિકલ ફેરફારો કરવામાં આવી શકે છે. ■

### મધ્ય રેલવેમાં મુંબ્રા-દિવા વચ્ચે ભીડના કારણે લોકલ ટ્રેનમાંથી ટ્રૅક પર પડતા મહિલા ઘવાઈ

મુંબઈ: મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનમાં જીવના જોખમે મુસાફરી કરતા પ્રવાસીઓની સમસ્યા દિનપ્રતિદિન ગંભીર બની રહી છે. સેન્ટ્રલ રેલવે લાઇન પર મુંબ્રા અને દિવા સ્ટેશન વચ્ચે વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં ખીચોખીચ ભરેલી લોકલ ટ્રેનમાંથી એક મહિલા અચાનક નીચે ટ્રેક પર પટકાઈ ગઈ હતી. આ સમગ્ર ઘટના પાછળના કોચમાં પ્રવાસ કરી રહેલા પ્રવાસીઓના મોબાઈલના કેમેરામાં કેદ થઈ હતી.

સદનસીબે જે સમયે આ દુર્ઘટના ઘટી ત્યારે લોકલ ટ્રેન સિગ્નલ ન મળવાના કારણે થંભેલી હતી, જેથી મોટી જાનહાનિ ટળી ગઈ હતી. જોકે, નીચે પથ્થરો પર પડવાને કારણે મહિલાને સામાન્ય ઈજા પહોંચી હોવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.

મળતી માહિતી પ્રમાણે કલ્યાણ તરફ જઈ રહેલી લોકલ ટ્રેન સિગ્નલના કારણે મુંબ્રા-દિવા વચ્ચે લાંબા સમય સુધી રોકાઈ ગઈ હતી. સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા વીડિયોમાં જોવા મળે છે એ પ્રમાણે ટ્રેન લાંબો સમય ઊભી રહેતાં આગળના મહિલા કોચમાંથી બે મહિલાઓ નીચે ઊતરીને ટ્રેક પરથી ચાલીને જવાનો પ્રયાસ કરી રહી હતી. આ દરમિયાન ડબ્બામાં રહેલી ભીડ અને ધક્કામુક્કીના કારણે દરવાજા પર ઊભેલી મહિલાનું સંતુલન બગડ્યું અને તે સીધી બે ટ્રેક વચ્ચેના પથ્થરો પર નીચે પટકાઈ હતી. ■

### તુકારામ મુંઢેની સર્જિકલ સ્ટ્રાઈક જારી

# ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના નિયમોના ભંગ બદલ ૧૦ ખાદ્ય સંસ્થાઓનાં લાઈસન્સ સસ્પેન્ડ

મુંબઈ: મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)એ ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના નિયમોના કથિત ભંગ બદલ રાજ્યની ૧૦ ખાદ્ય સંસ્થાઓનાં લાઈસન્સ સસ્પેન્ડ કર્યાં છે. એફડીએ દ્વારા ગુરુવારે જાહેર કરાયેલા નિવેદન મુજબ મુંબઈની છ, કોંકણ વિભાગની એક, પુણે વિભાગની બે અને છત્રપતિ સંભાજીનગર વિભાગની એક સંસ્થા સામે કાર્યવાહી કરવામાં આવી છે.

એફડીએના થાણે વિભાગના અધિકારીઓએ નવ સપ્ટેમ્બરના રોજ શિળ-દિવા રોડ પર આવેલા ખાડી ગામ વિસ્તારમાં ફરસાણ, વેફર્સ, ચિવડા, નમકીન અને અન્ય ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન તથા વેચાણ કરતી ૧૧ સંસ્થાઓમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ભેળસેળ, હલકી ગુણવત્તા તેમજ અસ્વચ્છ અને અસુરક્ષિત પરિસ્થિતિમાં ઉત્પાદન થતું હોવાની શંકાના આધારે કુલ ૨૮,૯૫૫ કિલોગ્રામ અને ૫૬ લિટર ખાદ્ય પદાર્થો, કાચો માલ અને ખાદ્ય તેલ જપ્ત કરવામાં આવ્યું હતું. જપ્ત કરાયેલા માલની કુલ કિંમત રૂ. ૨૦,૪૮,૮૦૧.૫૦ હોવાની માહિતી એફડીએએ આપી હતી.

એફડીએના અધિકારીઓએ જણાવ્યું હતું કે તપાસ કરાયેલી તમામ ૧૧ સંસ્થાઓને તેમના લાઈસન્સ રદ્દ અથવા રજિસ્ટ્રેશન સસ્પેન્ડ કરવાના આદેશ આપવામાં આવ્યા હતા અને કામગીરી બંધ કરવાની સૂચના આપવામાં આવી હતી.

એફડીએએ મુલુંડ પૂર્વમાં આવેલી એકવીરા ઝુણકા ભાકર કેન્દ્ર અને મનીષા સ્વીટ્સ સહિતની કેટલીક સંસ્થાઓના ફૂડ લાઈસન્સ સસ્પેન્ડ કર્યા છે. મેસર્સ નવાબ સીખ કોર્નરનું લાઈસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન સંગ્રહિત રવામાં કીડીઓ જોવા મળી હતી. ઉપરાંત, કાચું માંસ ખુલ્લામાં રાખવામાં આવ્યું હતું અને કાચા, રાંધેલા તથા ખાવા માટે તૈયાર ખાદ્ય પદાર્થોનું યોગ્ય રીતે વિભાજન કરવામાં આવ્યું ન હતું. રેફ્રિજરેશન અને ખાદ્ય પદાર્થોના સંગ્રહ માટેની જગ્યાઓ પણ અસ્વચ્છ હોવાનું તેમજ સાધનોની સફાઈ અને સેનિટાઈઝેશન પૂરતું ન હોવાનું સામે આવ્યું હતું.

મેસર્સ હોટેલ આદિનાથનું લાઈસન્સ પણ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. એફડીએના અધિકારીઓએ અનુસાર, અહીં ખાદ્ય પદાર્થોના યોગ્ય સંગ્રહ અને તાપમાન નિયંત્રણનો અભાવ, અસ્વચ્છ સપાટીઓ, અપૂરતી વેન્ટિલેશન અને પેસ્ટથી બચાવ માટેની અપૂરતી વ્યવસ્થા સહિત સ્વચ્છતા, આરોગ્ય અને ખાદ્ય પદાર્થોના સંચાલન સંબંધિત અનેક ગંભીર નિયમોનું ઉલ્લઘન જોવા મળ્યું હતું.

પુણે વિભાગમાં પણ ત્રણ સંસ્થાઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. સાતારા જિલ્લાના હોટેલ શાહી, લોનાવલાની સેબર રેસ્ટોરન્ટ અને પુણેના કોરેગાંવ પાર્ક સ્થિત સૈરાટ બિરયાનીના લાઈસન્સને લાઈસન્સની શરતો અને શેડ્યૂલ ચારની જોગવાઈઓના ભંગ બદલ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

છત્રપતિ સંભાજીનગરમાં શેલ્કે મામા ઢાબા રેસ્ટોરન્ટની પુનઃતપાસ દરમિયાન અગાઉ આપવામાં આવેલી ઈમ્પ્રૂવમેન્ટ નોટિસમાં દર્શાવવામાં આવેલી ખામીઓ હજુ સુધી દૂર કરવામાં આવી ન હોવાનું સામે આવ્યું હતું. આ મામલે પણ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. એફડીએના અધિકારીઓએ જણાવ્યું હતું કે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ તેમજ લાગુ નિયમો અને નિયમાવલીઓ હેઠળ આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ■

# રોકાણ પર આકર્ષક વળતરની લાલચે બાવીસ લોકો સાથે ૧.૮૫ કરોડની ઠગાઇ

પાલઘર: પાલઘર જિલ્લામાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે ૨૨ લોકો સાથે ૧.૮૫ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ કંપનીના પ્રતિનિધિઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આરોપીઓએ તેમની કંપનીના પ્લેટફોર્મ દ્વારા રોકાણ કરતાં દર મહિને પાંચ ટકા વળતરની ખાતરી આપી હતી. જોકે લોકો પાસેથી રૂપિયા સ્વીકાર્યા બાદ કંપની તેમને વળતર આપવામાં નિષ્ફળ ગઇ હતી. ઉપરાંત મૂળ રકમ પણ પાછી આપવામાં આવી નહોતી. અત્યાર સુધી ૨૨ લોકોને ઓળખી કાઢવામાં આવ્યા હતા, જેમની સાથે ૧.૮૫ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી, એમ પાલઘરના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ યતિશ દેશમુખે જણાવ્યું હતું.

આ પ્રકરણે નોંધાવવામાં આવેલી ફરિયાદને આધારે પોલીસે કંપનીના પ્રતિનિધિઓ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો અને કેસની તપાસ આર્થિક ગુના શાખાને સોંપવામાં આવી છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી ૨૨ લોકો ફરિયાદ નોંધાવવા આગળ આવ્યા હતા. આમાં વધુ લોકો છેતરાયા હોવાનું લાગી રહ્યું છે. અમે તેમને પોલીસનો સંપર્ક સાધવાની અપીલ કરી છે. (પીટીઆઇ)

# ૩૫ લાખનો ગાંજો પકડાયો: એકની ધરપકડ

બીડ: બીડ જિલ્લામાં કારમાંથી ૩૫ કરોડ રૂપિયાની કિંમતનો ૭૦ કિલો ગાંજો પકડી પાડી પોલીસે ડ્રાઇવરની ધરપકડ કરી હતી. લોકલ ક્રાઇમ બ્રાન્ચે મળેલી માહિતીને આધારે બુધવારે છટકું ગોઠવીને શંકાને આધારે કારને આંતરી હતી અને તપાસ કરાતાં ગૂણીઓમાં ભરેલો ગાંજો મળી આવ્યો હતો.

પોલીસે કારના ડ્રાઇવરને તાબામાં લીધો હતો અને પૂછપરછ કરતાં તે અમરાવતી જિલ્લાનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. ડ્રાઇવર વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી હતી. ડ્રાઇવરે ગાંજો કોની પાસેથી મેળવ્યો હતો અને તે કોને સપ્લાય કરવા કારમાં જઇ રહ્યો હતો, તેની તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઇ) ■

# ગુજરાતી સમાજના અગ્રણી હેમરાજ શાહની આજે પ્રાર્થનાસભા

મુંબઈ: બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ તેમ જ મહારાષ્ટ્ર ગુજરાતી સમાજના સ્થાપક અને પ્રખર સાહિત્યપ્રેમી, લેખક, વરિષ્ઠ પત્રકાર તેમ જ માર્ગદર્શક, સમાજસેવક તેમજ વિશ્વ ગુજરાતી સમાજના વરિષ્ઠ વાઇસ પ્રેસિડન્ટ હેમરાજ શાહની પ્રાર્થનાસભાનું આયોજન શુક્રવાર, ૧૧ સપ્ટેમ્બરે કરવામાં આવ્યું છે.

વિશ્વ ગુજરાતી સમાજ, બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ, મહારાષ્ટ્ર ગુજરાતી સાહિત્ય અકાદમી, મહારાષ્ટ્ર બુક મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન, મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડલ, કચ્છ શક્તિ, જૈન મેરેજ મિશન, મુંબઈ બુક મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન વગેરે સંસ્થા સાથે સંકળાયેલા હેમરાજ શાહનું મંગળવારે બપોરે નિધન થયું હતું. તેમની પ્રાર્થનાસભાનું આયોજન દાદરના બીએપીએસ સ્વામિનારાયણના યોગી સભાગૃહ ખાતે શુક્રવારે બપોરે ૧.૩૦ વાગ્યાથી સાંજે ૪.૧૫ વાગ્યા સુધી રાખવામાં આવ્યું છે, એવી માહિતી તેમના પરિવારે આપી હતી.

તેમના પરિવારમાં પુત્ર ઉદય અને અરવિંદ અને તેમના પરિવારનો સમાવેશ થાય છે. ■

# બોટાદ સંપ્રદાયના પૂ. રેણુકાબાઈ મહાસતીજી અમદાવાદમાં કાળધર્મ પામ્યાં



બોટાદ સંપ્રદાયના ગચ્છાધિપતિ પૂ. શૈલેશમુનિ મ. સા. ના આજ્ઞાનુવર્તી પૂ. મધુબાઈ મ. સ. ના સુશિષ્યા બા. બ્ર. પૂ. રેણુકાબાઈ મહાસતીજી તા. ૦૯/૦૯/૨૦૨૬, બુધવારના રાત્રે ૯:૩૦ કલાકે માણેક ગુરુ ધર્મસ્થાનક, દેવેન્દ્ર પાર્ક, નારણપુરા ૭૧ વર્ષની વયે ૪૯ વર્ષના દીક્ષા પર્યાય સહિત કાળધર્મ પામ્યા છે. આજે તા. ૧૦ને ગુરુવારે ૧૧:૩૦ કલાકે પાલખીયાત્રા રાખેલ છે.

માતા શારદાબેન અને પિતા નગીનભાઈ શાહના ગૃહઆંગણે ૦૯/૦૯/૧૯૫૪ના જન્મેલા રેણુકાબેને અમદાવાદ નારણપુરા સંઘમાં તા. ૧૨/૦૨/૧૯૭૮, મહાસુદ પંચમીના આચાર્ય પૂ. નવીનચંદ્રજી મ. સા. ના શુભહસ્તે દીક્ષા અંગીકાર કરેલ. તેઓશ્રીના લઘુભગિની પૂ. દીપિકાબાઈ મ. સ. પણ દીક્ષિત થયા છે.

પૂ. શ્રી ધીરગુરુદેવે ગુણાંજલિ અર્પણ કરેલ. ■

# મોનોરેલ દિવાળી પહેલા શરૂ થવાની શક્યતા નહીંવત્: હજુ ત્રણ-ચાર મહિના રાહ જોવી પડશે

મુંબઈ: મુંબઈ મોનોરેલની સેવા લગભગ એક વર્ષથી બંધ છે અને તેની યંત્રણાને મુંબઈના પ્રવાસીઓ માટે સલામત જાહેર કરવામાં આવી હોવા છતાં હજુ સુધી સેવા ફરી શરૂ થઈ નથી. ૩ જૂનના રોજ મોનોરેલ સિસ્ટમને મુસાફરો માટે સલામત હોવાની મંજૂરી મળી હતી. જોકે, એલિવેટેડ ટ્રેક પરથી કોઈ સામાન નીચે રસ્તા પર ન પડે તે માટે ટ્રેકની નીચે સેફ્ટી નેટ લગાવવાની શક્યતાને કારણે સેવા શરૂ કરવામાં વધુ સમય લાગી શકે છે.

મહા મુંબઈ મેટ્રો ઓપરેશન કોર્પોરેશન લિમિટેડ, જે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ની સહાયક સંસ્થા છે, દ્વારા મોનોરેલ સેવા ફરી શરૂ કરવા માટે આશરે ૩થી ૪ મહિનાનો સમય લાગી શકે છે. હાલમાં એલિવેટેડ કોરિડોરની નીચે સેફ્ટી નેટ લગાવવાની કામગીરી અંગે પણ વિચારણા ચાલી રહી છે.

મોનોરેલના એલિવેટેડ ટ્રેક અને રસ્તા વચ્ચે કેટલીક જગ્યાએ એવી કોઈ સુરક્ષા વ્યવસ્થા નથી કે જે ટ્રેક પરથી નીચે પડતી ઢીલી વસ્તુઓને રોકી શકે. આવી સ્થિતિમાં ટ્રેન અથવા ટ્રેકમાંથી કોઈ સામાન છૂટો પડે તો તે સીધો રસ્તા પર રહેલાં વાહનો અથવા રાહદારીઓ પર પડી શકે છે. અધિકારીઓ હવે આ જોખમને ઘટાડવા માટે ટ્રેકની નીચે સેફ્ટી નેટ લગાવવાની શક્યતા ચકાસી રહ્યા છે. આ નિર્ણય પાછળ ભૂતકાળમાં બનેલી એક ગંભીર ઘટના પણ મહત્ત્વની છે.

જુલાઈ ૨૦૧૬માં ચેમ્બુરના રામકૃષ્ણ ચેમ્બુરકર રોડ પર મોનોરેલ ટ્રેનનો એક લોડ વ્હીલ તૂટીને નીચે રસ્તા પર પડ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. આવી ઘટના ફરી ન બને અને એલિવેટેડ ટ્રેક નીચેથી પસાર થતા વાહનચાલકો તથા રાહદારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય તે માટે સેફ્ટી નેટ લગાવવાની વ્યવસ્થા અંગે વિચારણા થઈ રહી છે.

### પરિવારને પ્રભાવિત કરવા માગતો હતો

# નકલી પીએમઓ કાર્ડ સાથે પકડાયેલા ગુજરાતી યુવકનો દાવો

મુંબઈ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી)માં મંગળવારે ફિનટેક ફેસ્ટનું ઉદ્ઘાટન કરાયું તેની પૂર્વસંધ્યાએ સોમવારે નજીકના જ લકઝરી શોપિંગ મૉલમાં પીએમઓ (પ્રાઇમ મિનિસ્ટર ઑફિસ)ના નકલી આઇ-કાર્ડ સાથે પકડાયેલા ગુજરાતી યુવક રોહન પરીખે દાવો કર્યો હતો કે તે પરિવારને પ્રભાવિત કરવા માગતો હતો અને પોતે યોગ્ય હેતુ માટે કામ કરી રહ્યો છે, એવું બતાવવા માગતો હતો.

ખારના રોહન પ્રેમલ પરીખ (૨૪)ની નકલી પીએમઓ કાર્ડ સાથે જિયો વર્લ્ડ પ્લાઝા મૉલમાં ઘૂસવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. રોહનની સાથે દિલીપ કુંડે (૪૯) પણ પકડાયો હતો, જેની પાસેથી કારતૂસો ભરેલી રિવોલ્વર મળી આવી હતી. બંને જણ મૉલમાં જવા માગતા હતા, પરંતુ રિવોલ્વર સાથે અંદર કોઇને પ્રવેશ નહીં આપી શકાય, એવું ત્યાંના સિક્યોરિટી સ્ટાફે જણાવ્યું હતું. આને કારણે તેમની વચ્ચે દલીલબાજી થઇ હતી. રોહન દાવો કર્યો હતો કે તે પીએમઓ કાર્યાલયનો અધિકારી છે અને તેણે પીએમઓ કાર્ડ બતાવ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૮ સપ્ટેમ્બરે મૉલની બાજુમાં જ આવેલા નિતા મૂકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરમાં એક કાર્યક્રમમાં આવવાના હતા. તેના એક દિવસ પૂર્વે (૭ સપ્ટેમ્બરે) આ ઘટના બની હતી, જેમાં રોહન અને દિલીપ કુંડેની ધરપકડ કરાઇ હતી.

પોલીસને શંકા છે કે રોહન પીએમઓનું નકલી ડિજિટલ ઓળખપત્ર બનાવવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) ટૂલ્સનો ઉપયોગ કર્યો હતો. હજી પણ ટેક્નિકલ વિગતોની તપાસ ચાલી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પૂછપરછ દરમિયાન રોહને દાવો કર્યો હતો કે તે પરિવારને પ્રભાવિત કરવા માગતો હતો અને પોતે પીએમઓ કાર્યાલય માટે કામ કરી રહ્યો છે એવું બતાવવા માગતો હતો. આથી તેણે નકલી કાર્ડ બનાવ્યું હતું. જોકે અમને તેના દાવા પર વિશ્વાસ નથી. રોહને દાવો કર્યો હતો કે તેને પીએમઓ ખાતે ભૂમિકા અને પસંદગી અંગે સમર્થન આપતો ઇમેઇલ ૨૦૨૪માં પ્રાપ્ત થયો હતો. આ અંગે પણ અમે તપાસ કરી રહ્યા હોવાનું અધિકારીએ કહ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર રોહન, કુંડે અને પ્રથમેશ બાગુલ નામના તેમના સાથીએ મૉલના સિક્યુરિટી સ્ટાફને ડિજિટલ પીએમઓ કાર્ડ બતાવીને પ્રવેશ મેળવ્યો હતો. બાદમાં તેમણે મૉલમાં જઇને પરફ્યુમ અને વૉલેટ ખરીદ્યું હતું. (પીટીઆઇ) ■

# પર્યુષણમાં શાળાની સલાહનો વિવાદ વકર્યો: એમએનએસનો વિરોધ

થાણે : મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં ભાજપના એક ધારાસભ્યની માલિકીની શાળાએ જૈન સમુદાયના ચાલી રહેલા પર્યુષણ પર્વ દરમિયાન વિદ્યાર્થીઓને લંચબોક્સમાં ડુંગળી, લસણ, બટાકા અને બીટ્રૂટ જેવા કંદમૂળ ન લાવવાની સલાહ આપ્યા બાદ વિવાદ સર્જાયો છે.

મીરા રોડ વિસ્તારમાં આવેલી 'સેવન સ્ક્વેર એકેડેમી' એ 'પર્યુષણ પર્વ' દરમિયાન બાળકોના લંચબોક્સમાં કંદમૂળ ન મૂકવા માટે વાલીઓને તેમના અધિકૃત વોટ્સએપ ગ્રૂપમાં સંદેશ મોકલ્યા બાદ વિવાદ ઊભો થયો હતો. સૂચનામાં એ પણ જણાવવામાં આવ્યું હતું કે આ આઠ દિવસ દરમિયાન, શાળાની કેન્ટીનમાં ડુંગળી, લસણ અને બટાકા વગરનું ભોજન પીરસવામાં આવશે. કેટલાક વાલીઓએ રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાને આની જાણ કરતા પક્ષે વાંધો ઉઠાવ્યો હતો. સ્થાનિક એમએનએસ નેતા સચિન પોફાલેએ આ પગલાની નિંદા કરી. (પીટીઆઇ)

# મુંબઈ ગંદકીથી ખદબદી રહ્યું છે: હાઈ કોર્ટ

### કચરાની સમસ્યા અંગે વોર્ડ અધિકારીઓ સામે કાર્યવાહીની કોર્ટની ચેતવણી

મુંબઈ : બોમ્બે હાઈકોર્ટે ગુરુવારે શહેરના રસ્તાઓ પર જમા થયેલા કચરાના મુદ્દે મુંબઈની નાગરિક સંસ્થાનો ઉધડો લીધો હતો. કોર્ટે કહ્યું કે ''આખું શહેર ગંદકીથી ઉભરાય છે'' અને ચેતવણી આપી હતી કે જો પરિસ્થિતિમાં સુધારો નહીં થાય તો વોર્ડ અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડની આસપાસના વિસ્તારમાં પ્રદૂષણના મુદ્દે દાખલ કરવામાં આવેલી અનેક અરજીઓ પર સુનાવણી કરતી વખતે, જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને જસ્ટિસ નીલા ગોખલેની ડિવિઝન બેન્ચે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઝાટકણી કાઢી હતી અને અવલોકન કર્યું હતું કે ''સમગ્ર મ્યુનિસિપલ તંત્ર નિષ્ક્રિય છે.''

કોર્ટે નાગરિક સંસ્થાને થોડા સમય પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સૂચન મુજબ સ્વચ્છતાનો સંદેશ ફેલાવવા માટે સોશ્યલ મીડિયા ઇન્ફ્લ્યુએન્ઝર્સનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી. કોર્ટે કહ્યું કે, મ્યુનિસિપલ કમિશનર અને વરિષ્ઠ અધિકારીઓએ કેટલાક પગલાં લીધાં હોવા છતાં, વાસ્તવિક સ્થિતિમાં ખાસ સુધારો જોવા મળ્યો નથી, વોર્ડ અધિકારીઓ દેખીતી રીતે કામ કરી રહ્યા નથી.

કોર્ટે મહારાષ્ટ્ર સરકારને જાહેર રસ્તાઓ પર કચરો ફેંકનારાઓ સામે ભારે દંડ લાદવા અને ફોજદારી કાર્યવાહી શરૂ કરવા અંગે વિચારણા કરવા પણ સૂચન કર્યું હતું. બેન્ચે બીએમસી કમિશનરને વ્યવસ્થા સુધારવા અને જવાબદારી નક્કી કરવાનો નિર્દેશ આપવા સિવાય તેમની પાસે બીજો કોઈ વિકલ્પ રહ્યો ન હોવાનું જણાવ્યું હતું.

અદાલતે બીએમસીને તેની પ્રમાણભૂત કાર્યપદ્ધતિ રજૂ કરવાનો તેમજ સ્વચ્છતા અને આરોગ્યપ્રદ સ્થિતિ જાળવવાની જવાબદારી સંભાળતા ૨૬ વોર્ડના તમામ અધિકારીઓની યાદી સુપરત કરવાનો આદેશ આપ્યો હતો. ■

### બળાત્કારના કેસમાં યુવક નિર્દોષ

# પીડિતા પુખ્ત વયની હતી અને સંબંધ સંમતિથી બંધાયો: કોર્ટ

થાણે: થાણે જિલ્લાની કોર્ટે અપહરણ બાદ છોકરી પર બળાત્કાર ગુજારવાના કેસમાં ૨૬ વર્ષના યુવકને નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે પીડિતા પુખ્ત વયની હતી અને સંબંધ સંમતિથી બંધાયો હતો.

વિશેષ પોક્સો કોર્ટના જજ પ્રેમલ વિઠલાણી (પોક્સો એક્ટ) ૨૯ ઑગસ્ટે જારી કરેલા પોતાના આદેશમાં નોંધ્યું હતું કે આરોપી અને પીડિતા રિલેશનશિપમાં હતાં.

તપાસકર્તા પક્ષે દાવો કર્યો હતો કે થાણેમાં રહેતી પીડિતા ૧૭ વર્ષની હતી અને ૧૪ જૂન, ૨૦૧૯ના રોજ તેનું આરોપીએ અપહરણ કર્યું હતું. આરોપી તેને ઉત્તર પ્રદેશ લઇ ગયો હતો, જ્યાં જબરજસ્તી તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. પીડિતા બાદમાં ગર્ભવતી બની હતી અને તેણે ફેબ્રુઆરી, ૨૦૨૧માં બાળકને જન્મ આપ્યો હતો.

આ પ્રકરણે આરોપી વિરુદ્ધ ભારતીય દંડસંહિતા તથા પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રને ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો. થાણે જિલ્લાની કોર્ટમાં કેસની સુનાવણી ચાલી હતી અને કોર્ટે બંને પક્ષના વકીલોની દલીલ સાંભળ્યા બાદ જણાવ્યું હતું કે પુરાવા સ્પષ્ટપણે દર્શાવે છે કે પીડિતા સ્વેચ્છાએ આરોપી સાથે ઉત્તર પ્રદેશ ગઇ હતી. (પીટીઆઇ) ■

### વેપારીની ઑફિસમાં નકલી રેઇડ પાડીને ખંડણી માગી

# ઇન્કમ ટેક્સ ઇન્સ્પેક્ટર, ટેક્સ આસિસ્ટન્ટ સહિત વધુ ચાર જણની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અંધેરી પૂર્વમાં વેપારીની ઑફિસમાં ઇન્કમ ટેક્સ અને ક્રાઇમ બ્રાન્ચના અધિકારીના સ્વાંગમાં રેઇડ પાડીને એક કરોડ રૂપિયાની ખડણી માગવાના કેસમાં પોલીસે ઇન્કમ ટેક્સ ઇન્સ્પેક્ટર અને ટેક્સ આસિસ્ટન્ટ સહિત વધુ ચાર જણની ધરપકડ કરી હતી. આરોપીઓની ઓળખ સુરેશ મહાવીરપ્રસાદ મિશ્રા (૫૭), સુનીલ મનોહર ગોરે (૫૯), જિતુ ઉર્ફે જિતેન્દ્ર નામદેવ મોરે (૫૨) અને અશોક વિઠોબા શિંદે (૫૭) તરીકે થઇ હતી. સુરેશ મિશ્રા ઇન્કમ ટેક્સ વિભાગમાં ઇન્સ્પેક્ટર તરીકે, જ્યારે સુનીલ મોરે ટેક્સ આસિસ્ટન્ટ તરીકે કાર્યરત હતો અને તેઓ વેપારીની ઓફિસમાં અન્ય આરોપીઓ સાથે નકલી રેઇડમાં સામેલ હતા.

આ કેસમાં અગાઉ પોલીસે સંતોષ ઉદય ખોપટકર, વિનય રમેશ મોરે, પ્રેમ કિસન સબનાની, પ્રજ્ઞા હરીશ માઇન, રેશમા શામરાવ વારંગ અને સબીના શેખની ધરપકડ કરી હતી. સંતોષ ખોપટકર અગાઉ ફરિયાદી વેપારી રાજકુમાર કન્ડાસમીને ત્યાં ડ્રાઇવર તરીકે કામ કરતો હતો. જોકે ફરિયાદી સાથે તેનો વિવાદ થયો હતો, જેને પગલે વેપારીએ છ મહિનાનો પગાર ન આપતાં સંતોષને નોકરી પરથી કાઢી મૂક્યો હતો. આને કારણે સંતોષના મનમાં વેપારી પ્રત્યે ગુસ્સો હતો. તેને વેપારીના વ્યવસાય વિશે માહિતી હોવાથી તેણે પોતાના પરિચિતો સાથે મળીને કાવતરું ઘડ્યું હતું અને ત્યાર બાદ વેપારીની ઓફિસમાં નકલી રેઇડ પાડી હતી.

નોંધનીય છે કે સાકીનાકા વિસ્તારમાં રહેતો અને અંધેરી પૂર્વના ચકાલા ખાતે ઓફિસ ધરાવતો વેપારી ૧૭ જુલાઇ, ૨૦૨૬ની સાંજે ઓફિસેથી ઘરે આવ્યા બાદ તેને તેના કર્મચારીએ કૉલ કરીને જણાવ્યું હતું કે ઓફિસમાં ઇન્કમ ટેક્સ વિભાગના અધિકારીઓએ રેઇડ પાડી છે. તેમણે ઓફિસના તમામ કર્મચારીઓનો મોબાઇલ આંચકી લીધા છે તથા સીસીટીવી કેમેરા પણ બંધ કરાવી દીધા છે. વેપારી તેની પત્ની સાથે ઓફિસે આવવા નીકળ્યો ત્યારે બે શખસે કારમાં તેમનું અપહરણ કર્યું હતું અને તેમને ઓફિસમાં લઇ જવાયાં હતાં. ઓફિસમાં ત્રણ મહિલા સહિત નવ જણ હાજર હતા અને તેમણે દસ્તાવેજો ચકાસ્યા બાદ કાર્યવાહીથી બચવા માટે વેપારી પાસેથી એક કરોડ રૂપિયાની માગણી કરી હતી. બાદમાં તેઓ ત્યાંથી જતા રહ્યા હતા. ■

# ક્રૂડના વધતા ભાવથી સર્જાયેલા સાવચેતીના માનસ વચ્ચે સેન્સેક્સ ત્રણ દિવસની પીછેહઠને બ્રેક મારીને ૧૩૮ પોઇન્ટ વધ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ક્રૂડ ઓઇલના ભાવના વધારા અને જીઓપોલિટિકલ પરિસ્થિતિ ચિંતાજનક હોવાને કારણે બજારમાં સાવચેતીનું માનસ હોવા છતાં સત્રના ફાછલા ભાગમાં એચડીએફસી બેન્ક અને એક્સિસ બેન્ક સહિતના ઇન્ડેકાસ હેવીવેઇટ શેરોમાં લેવાલીનો ટેકો વધતા સેન્સેક્સ ત્રણ દિવસની પીછેહઠને બ્રેક મારીને ૧૩૮૮.૨૬ પોઇન્ટ વધીને ૭૪,૯૦૨.૫૯ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૪૬.૩૦ પોઇન્ટ વધીને ૨૩,૪૭૭.૮૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

પાવર ગ્રીડ, એક્સિસ બેન્ક, અલ્ટ્રાટેક સીમેન્ટ, એનટીપીસી, ટેક મહિન્દ્રા, ભારતી એરટેલ, એચડીએફસી બેન્ક અને લાર્સન એન્ડ ટુબ્રો ટોપ ગેઇનર્સ શેર રહ્યા હતા. જ્યારે સેન્સેક્સના ઘટનારા શેરોમાં એચસીએલ ટેક, ટાટા સ્ટીલ, ટ્રેન્ટ અને આઇટીસી ટોપ લુઝર શેર રહ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૧૯ ટકાના સુધારા સાથે ૧૦૨.૨૦ ડોલરની સપાટીએ પહોંચ્યું હતું.

એનએસઇના કેટલાક ઇન્વેસ્ટર્સે ઓએફએસમાં સહભાગી થવામાં પીછેહઠ કરી હેવાથી તેના આઇપીઓનું કદ ઘટીને રૂ. ૨૫,૦૦૦થી રૂ. ૨૭,૦૦૦ જેવું રહે એવી શક્યતા છે. આ સ્થિતિમાં તે અત્યાર સુધીના સૌથી મોટા આઇપીઓનું ટેગ ગુમાવશે. હીરો મોટર્સનો રૂ. ૧,૦૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૧ સપ્ટેમ્બરે થશે. એનએસઈ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૨૩ સપ્ટેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ.૭૯ થી રૂ.૮૪ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૧૭૮ શેર છે.

એસ એસ રિટેલનો રૂ. ૫૦૦.૭૫ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૧ સપ્ટેમ્બરે થશે. એનએસઈ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૨૩ સપ્ટેમ્બરે થશે. ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ. ૪૦૩ થી રૂ. ૪૨૪ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૩૫ શેર છે. સોનાસિલેક્શન ઇન્ડિયાનો રૂ. ૧૪૧.૫૭ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૨ સપ્ટેમ્બરે થશે. એનએસઈ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૨૪ સપ્ટેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૯૪ થી રૂ. ૯૯ છે. અરજી માટે લોટ સાઇઝ ૧૫૦ શેર છે.

જિંદાલ સુપ્રીમનો રૂ. ૧૨૪.૮૮ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૧ સપ્ટેમ્બરે. એનએસઈ તથા



બીએસઇ પર લિસ્ટિંગ ૨૩ સપ્ટેમ્બરે થશે. ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ. ૮૮થી રૂ. ૯૩ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૧૬૧ શેર છે. ફેશન બ્રાન્ડ થિએટરે ફંડીંગ રાઉન્ડ મારફત રૂ. ૭૫ કરોડ એકત્ર કર્યા છે. સુમધુર ગ્રુપ રિઅલ્ટી પ્રોજેક્ટમાં રૂ. ૧૭,૦૦૦ કરોડનું રોકાણ કરશે.

આલ્ફા ઓલ્ટરનેટીવને દીલીપ બિડકોને મેખાલી પાવરમાંનો હિસ્સો રૂ. ૨૧૭૧ કરોડમાં વેચ્યો છે. ઇન્ડિયા ગોલ્ડ મેટાવર્સે કંપનીના બુલિયન માર્કેટ વિભાગ, બુલિયનએક્સના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ડાયમંડ ઇન્ડિયા લિમિટેડના ભૂતપૂર્વ સીઈઓ નિરાકાર ચાંદની નિમણૂક કરી છે. બુલિયનએક્સ આધુનિક બુલિયન માર્કેટ માટેની ટેક્નોલોજી આધારિત ઈકોસિસ્ટમ છે, જે સંસ્થાકીય ટ્રેડર્સ, બુલિયન ડીલર્સ અને મોટા જ્વેલર્સને રિયલ-ટાઈમ સ્પોટ અને ફ્યુચર્સ પ્રાઇસ, વન ક્લિક બાય-સેલ, ઓર્ડર મેનેજમેન્ટ અને માર્કેટ ઇન્ટેલિજન્સ જેવી સુવિધાઓ પૂરી પાડે છે.

ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ અને લાંબા ગાળાના ભૂરાજકીય તણાવને કારણે ઉર્જા-આધારિત ફુગાવાની ચિંતાઓ વધુ મજબૂત બની હોવાથી રોકાણકારો હવે વ્યાજદરના સંકેત માટે મુખ્ય યુએસ ફુગાવાના ડેટાની રાહ જોઈ રહ્યા છે. દરમિયાન, વધતી જતી વૈશ્વિક બોન્ડ યીલ્ડ, બેન્ક ઓફ જાપાનના રેટમાં વધારાની ધારમઆ સાથે મજબૂત યેનની વચ્ચે સંભવિત યેન કેરી ટ્રેડ અંગેની ચિંતાઓ સાથે, ઉભરતા બજારોમાં મૂડી પ્રવાહને દબાણ હેઠળ રાખે એવી શક્યતા જિઓજિત ઇન્વેસ્ટમેન્ટના રિસર્ચ હેડ વિનોદ નાયરે વ્યક્ત કરતા કહ્યું હતું કે, રોકાણકારોનું ધ્યાન ક્રૂડ ઓઇલના ભાવમાં અસ્થિરતા સાથે ગાઢ રીતે જોડાયેલું છે. ઓગસ્ટના મજબૂત ઇક્વિટી ફંડ ફ્લો ડેટા અને એસઆઇપી સ્ટોપેજ રેશિયોમાં મધ્યસ્થતાએ બજારોને ટેકો આપ્યો હોવા છતાં, રૂપિયાના ઘટાડા અને સ્થાનિક બોન્ડ યીલ્ડમાં મજબૂતીથી સેન્ટિમેન્ટ ખરડાયેલું છે.

એશિયાઇ બજારોમાં સાઉથ કોરિયાનો કોસ્પી, શાંઘાઇનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ નીચી સપાટીએ ગબડ્યા હતા. જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ પોઝિટીવ ઝોનમાં બંધ થયા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર યુરોપના શેરબજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. અમેરિકાના બજારો બુધવારે નેગેટીવ ઝોનમાં બંધ થયા હતા.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૫૮૨.૯૯ કરોડના શેર વેચ્યા હતા. સેન્સેક્સ બુધવારે ૮૧૩.૩૫ પોઇન્ટ અથવા તો ૧.૦૮ ટકા ગબડીને ૭૪,૭૬૪.૨૩ પોઇન્ટ સપાટીએ બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૨૦૩.૬૦ પોઇન્ટ અથવો તો ૦.૮૬ ટકાના ઘટાડા સાથે ૨૩,૪૩૧.૫૦ પોઇન્ટની સપાટીએ બંધ થયો હતો.

## ક્રૂડતેલની તેજી સાથે રૂપિયો વધુ ૪૪ પૈસા ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દેશની કુલ આયાતમાં બહોળો હિસ્સો ધરાવતા ક્રૂડતેલના ભાવ આજે આંતરરાષ્ટ્રીય બજારમાં વધીને બેરલદીઠ ૧૦૨ ડૉલરની સપાટી પર પહોંચતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ધોવાણ જળવાઈ રહેતાં વધુ ૪૪ પૈસા ગબડીને ૯૫.૫૨ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર એક તરફ જુલાઈ અને ઑગસ્ટ મહિનામાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનો આંતરપ્રવાહ રહેતાં રૂપિયામાં અન્ડરટોન સકારાત્મક રહેવું જોઈએ, પરંતુ તાજેતરમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધીને બેરલદીઠ ૧૦૨ ડૉલર સુધી પહોંચતા તેની રૂપિયા પર નકારાત્મક અસર પડી રહી છે.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૦૮ના બંધ સામે નરમાઈના વલણ સાથે ૯૫.૧૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૪૭ અને ઉપરમાં ૯૫.૧૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૪૪ પૈસા તૂટીને ૯૫.૫૨ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૦૧ ટકા ઘટીને ૯૮.૮૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવા છતાં ક્રૂડતેલના ભાવ મહિનાઓની ઊંચી સપાટીએ પ્રવર્તી રહ્યા હોવાને કારણે જ રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું કોટક સિક્યોરિટીઝનાં કૉમૉડિટી અને કરન્સી રિસર્ચ વિભાગના હેડ અનિંદ્ય બેનરજીએ જણાવતા ઉમેર્યું હતું કે ગત જુલાઈ અને ઑગસ્ટ મહિનામાં વિદેશી ફંડોની ખરીદી શરૂ થયાની સકારાત્મક અસર અને ક્રૂડતેલના વધતા ભાવની નકારાત્મક અસરનાં દબાણ વચ્ચે ભારતીય ચલણ સમતુલન જાળવી રહ્યું છે. નોંધનીય બાબત એ છે કે હાલ દેશની વિદેશી ચલણી અસ્ક્યામતો વધીને ૭૪૦ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચી છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૨૮ ટકા વધીને બેરલદીઠ ૧૦૨.૫૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૧૩૮.૩૬ પૉઈન્ટ અને ૪૬.૩૦ પૉઈન્ટ વધીને બંધ રહ્યા હતા. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૮૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે.

## ચાંદીમાં ₹ ૧૬૦૭નો ઘટાડો, સોનામાં ₹ ૧૯૯નો ઘસરકો

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં સાધારણ સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, આજે બજાર વર્તુળોની નજર અમેરિકી ફેડરલ રિઝર્વની આગામી ૧૫-૧૬ સપ્ટેમ્બરની બેઠક પર નિર્ણાયક અસર પાડે તેવાં અમેરિકાના ઑગસ્ટ મહિનાના ફુગાવાના ડેટા પર સ્થિર થઈ હોવાને કારણે સાવચેતીનો અભિગમ હોવાથી કામકાજો પણ પાંખાં રહ્યા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ વેપાર નિરસ રહેતાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૮થી ૧૯૯નો ઘસરકો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૬૦૭ ઘટી આવ્યા હતા. આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૬૦૭ના ઘટાડા સાથે રૂ. ૨,૩૩,૬૪૨ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને




રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૯૮ ઘટીને રૂ. ૧,૫૨,૬૭૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૯૯ ઘટીને રૂ. ૧,૫૩,૨૮૭ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૪૪૦૫.૦૯ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૩ ટકા ઘટીને ૪૪૪૮.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૬૭.૧૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ અને વૈશ્વિક સ્તરે દેવાની ચિંતા સપાટી પર આવતા સોનાના સુધારાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું યુબીએસના વિશ્લેષક જિઓવન્ની સ્ટૂનોવોએ જણાવ્યું હતું. વધુમાં રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના ઑગસ્ટ મહિનાના ફુગાવાના ડેટા પર સ્થિર થઈ છે અને જો ફુગાવામાં વૃદ્ધિ થશે તો ફેડરલ રિઝર્વ આગામી બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ થશે અને સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવશે, એમ સ્ટોન એક્સનાં વિશ્લેષક રૉના ઑનેલે જણાવ્યું હતું.

આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૧૫-૧૬ સપ્ટેમ્બરની બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૦ ટકા શક્યતા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે. જોકે, રૉઈટર્સ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણમાં બહુધા અર્થશાસ્ત્રીઓએ ફેડરલ રિઝર્વ વ્યાજદર યથાવત્ રાખે તેવો પ્રતિસાદ મળ્યો હતો.

વધુમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેના યુદ્ધનો અંત અમેરિકાની મધ્યવર્તી ચૂંટણી પશ્ચાત આગામી નવેમ્બર પછી આવે તેવી શક્યતા વ્યક્ત કરી હતી અને ઈરાનના અણુકાર્યક્રમોને લગતા સ્થાનકો પર હુમલા કરવાની પણ ચેતવણી આપતા આજે ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું. તેમ જ અમેરિકાનું દેવું ૪૦ ટ્રિલ્યન ડૉલર સુધી પહોંચતા રાજકોષીય ચિંતા સપાટી પર આવી હતી.

## પુરવઠાખેંચની ભીતિ હેઠળ કોપર ટીનની આગેવાનીમાં ધાતુમાં આગળ ધપતી તેજી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય પૂર્વમાં વધેલા ભૂરાજકીય તણાવને કારણે વૈશ્વિક સ્તરે કોપરમાં પુરવઠાખેંચની સ્થિતિ સર્જાવાની ભીતિ ઉપરાંત ટૅરિફ વધારાના તોળાતા ભય હેઠળ લંડન ખાતે આજે સત્રના આરંભે કોપરનાં ત્રણ મહિને ડિલિવરી શરતે ભાવ વધીને ટનદીઠ ૧૪,૮૫૮.૫૦ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા હતા. તેમ જ કોપર સહિત અન્ય ધાતુઓમાં પણ પુરવઠાખેંચની ભીતિ રહેતાં ભાવમાં તેજી આગળ ધપી હતી. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ખાસ કરીને ટીન અને કોપરની આગેવાની હેઠળ ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૦૧ની તેજી આવી હતી.

જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૦૧ના ઉછાળા સાથે રૂ. ૫૪૪૦, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૯ વધીને રૂ. ૧૪૦૭, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૧૪૯૯, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ વધીને રૂ. ૧૩૭૭, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૧૩૯૩, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૧૬૩૮ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૧૨૯૦ અને રૂ. ૧૦૦૫ના મથાળે રહ્યા હતા, જ્યારે છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૦૭ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ખપપૂરતા છૂટાછવાયા કામકાજ રહેતાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૫૦, રૂ. ૩૬૦, રૂ. ૪૩૮ અને રૂ. ૨૦૨ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ખાંડમાં મથકો પાછળ સાધારણ પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ દેશના ખાંડ ઉત્પાદક મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં ગઈકાલે એક્સ મિલ ધોરણે ખાંડના ભાવમાં વધ્યા મથાળેથી સાધારણ નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ આજે સ્ટોકિસ્ટો અને વપરાશકાર ઉદ્યોગની ખપપૂરતી માગ જળવાઈ રહી હતી. તેમ છતાં મિલો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૨૦થી ૩૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૬થી ૪૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ભાવ ક્વિન્ટલે રૂ. ૫૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની ખપપૂરતી માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો અને મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦થી ૩૦ના ઘટાડા સાથે રૂ. ૪૯૫૦થી ૫૦૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦ અને ઉપલા મથાળેથી રૂ. છના ઘટાડા સાથે રૂ. ૫૦૫૦થી ૫૨૪૬માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૫૦ની નરમાઈનું વલણ રહ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૭૫૦થી ૪૮૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૮૫૦થી ૪૯૩૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.



## મથકો પાછળ સિંગતેલમાં ₹ 30નો ઉછાળો

### ૧થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસમાં ૧૧ ટકાનો ઘટાડો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગુજરાતના મથકો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની પ્રબળ માગને ટેકે સિંગતેલમાં તેજીનો અન્ડરટોન જળવાઈ રહેતાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૩૫ના ઉછાળા સાથે રૂ. ૨૭૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ના ઉછાળા સાથે રૂ. ૧૭૫૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ સિંગતેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૩૦ની તેજી આગળ ધપી હતી. જોકે, આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૮૧ રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલ ઉપરાંત ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૧૭ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં આયાતી તેલમાં અને અન્ય દેશી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

વધુમાં આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ઑગસ્ટ મહિનાના સમાનગાળાના ૪,૪૫,૪૬૬ ટન સામે ૧૧.૭૧ ટકા ઘટીને ૩,૯૩,૨૯૫ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૪૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦ અને જી-વનના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. વધુમાં આજે ગોકુલ એગ્રોની સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૭૨ના મથાળે બાયબેકમાં લેવાલી નીકળી હોવાના અહેવાલ હતા.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે ૪૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૬૫૦થી ૫૮૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૯૫૦થી ૬૦૫૦માં થયા હતા. તેમ જ આજે ગુજરાતમાં ગોંડલ મથકે નવી મગફળીની આવક ૨૫૦૦ ગૂણીની અને જૂનીની આવક ૭૦૦ ગૂણીની થઈ હતી, જ્યારે રાજકોટ મથકે નવી મગફળીની ૧૩૦૦ ગૂણીની અને જૂની મગફળીની ૧૨૦૦ ગૂણીની આવક હતી. તેમ જ બન્ને મથકો પર મણદીઠ જૂની મગફળીના વેપાર રૂ. ૧૪૦૦થી ૧૫૫૦માં અને નવી મગફળીના વેપાર રૂ. ૧૫૦૦થી ૧૮૫૦માં થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૦, સિંગતેલના રૂ. ૧૮૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૮૦ અને સરસવના રૂ. ૧૭૭૦ના મથાળે રહ્યા હતા.

# વિધાનસભામાં જીએસટી સુધારા વિધેયક પસાર, સુધારા બાદ 'ઈઝ ઓફ ડૂઈંગ' બિઝનેસને મળશે વેગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : નાણા પ્રધાન કનુભાઈ દેસાઈએ જી.એસ.ટી. કાઉન્સિલની ૫૬મી બેઠકની ભલામણોના આધારે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા સુધારાઓ સાથે સુસંગતતા જાળવી ગુજરાત રાજ્યના જી.એસ.ટી. સુધારા વિધેયક રજૂ કર્યું હતું. જેને વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવ્યું હતું. આ સુધારા વિધેયકની જરૂરિયાત અંગે નાણામંત્રીએ જણાવ્યું કે, જી.એસ.ટી. કાયદામાં કરવામાં આવેલા સરળીકરણના પરિણામે ગત નાણાકીય વર્ષ દરમિયાન ગુજરાત રાજ્યમાં ૯૯.૬ ટકા રિટર્ન નિયમિત સમયમર્યાદામાં ભરાયું છે. જે રાષ્ટ્રીય સરેરાશથી સૌથી વધુ છે. ગુજરાત રાજ્યના કરદાતાઓ સમયસર રિટર્ન ભરવાની બાબતમાં સમગ્ર દેશમાં છેલ્લાં ૫ વર્ષથી પ્રથમ ક્રમે છે. વધુમાં જણાવ્યું કે, જી.એસ.ટી. ૨.૦ હેઠળ વેરાના દરમાં સુધારાઓ થકી સામાન્ય નાગરિકોને રાહત આપવામાં આવી છે. કેન્સર જેવી ગંભીર બીમારીની સારવાર માટે વપરાતી દવાઓ, વ્યક્તિગત મેડિક્લેમ અને વ્યક્તિગત જીવન વીમા પ્રીમિયમને જી.એસ.ટી.માંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે. જ્યારે બટર, ઘી, સાબુ, શેમ્પૂ, ખેતી માટેના ટ્રેક્ટર અને તેના પાર્ટ્સ, બિયારણ સાધનો, અન્ય મશીનરીઓ, સ્ટેશનરી, વોટર કલર તેમજ રમત-ગમતના સાધનો વગેરે પર વેરાના દરો ઘટાડવામાં આવ્યા છે. આ સુધારા વિધેયકની વાત કરવામાં આવે તો, કલમ ૧૫(૩)(બી)માં સુધારા દ્વારા વેચાણ પછીના ડિસ્કાઉન્ટને કરાર સાથે જોડવાની શરત દૂર કરવામાં આવી છે. વેચનાર દ્વારા ક્રેડિટ નોટ આપવામાં આવે અને ખરીદનાર દ્વારા તે ડિસ્કાઉન્ટ પર મેળવેલી વેરા શાખ કલમ ૩૪ મુજબ રિવર્સ કરવામાં આવે તો વેચાણ કરનાર ડિસ્કાઉન્ટને વેચાણ મૂલ્યમાંથી બાદ કરી વેરાકીય જવાબદારીમાં ઘટાડાનો લાભ મેળવી શકશે. આનાથી અનુપાલનનો બોજ ઘટશે અને અંતિમ ઉપભોક્તાને લાભ મળશે. આ સાથે નાના વેપારીઓને ફક્ત ત્રણ દિવસમાં ફેસલેસ સિસ્ટમ દ્વારા જીએસટી નોંધણી, પ્રમાણપત્ર અને નિકાસના કિસ્સામાં સાત દિવસમાં ૯૦ ટકા રિફંડ મળશે. કલમ ૧૫(૩)(બી)ના સુધારાને અનુષંગિક સુધારો કલમ ૩૪(૧)માં પણ સૂચવવામાં આવ્યો છે. જેથી વેચાણ પછી આપવામાં આવેલી ડિસ્કાઉન્ટ માટે ક્રેડિટ નોટ ઇસ્યૂ કરી શકાશે. હાલમાં કલમ ૫૪ હેઠળ રિફંડની અરજીના ૬૦ દિવસની અંદર રિફંડ ચૂકવવાની જોગવાઈ છે. સુધારા દ્વારા ઇન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચરને કારણે ઉપસ્થિત થતા રિફંડ માટે ૯૦ ટકા પ્રોવિઝનલ રિફંડ દિન-૭માં આપવાની જોગવાઈ લાગુ કરવામાં આવશે. જેનાથી ઉદ્યોગકારોનું રોકડ ભંડોળ સુદૃઢ બનશે. હાલમાં રિફંડની રકમ રૂપિયા ૧,૦૦૦થી ઓછી હોય તો રિફંડ મળવા પાત્ર નથી. વિધેયક દ્વારા કલમ-૫૪માં સુધારો કરીને વેરાની ચુકવણી સાથે નિકાસ કરેલા માલના રિફંડના દાવાઓ ઉપર રૂપિયા ૧,૦૦૦ની મર્યાદા દૂર કરી રિફંડ આપવામાં આવશે. ■

# ગાંધીનગરના કુડાસણમાં નિર્માણાધિન ઈમારતનો સ્લેબ પડ્યો, શ્રમિકો સુરક્ષિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગાંધીનગરના કુડાસણ ખાતે નર્મિાણાધીન બિલ્ડિંગની સાઇટ પર મોડી સાંજે સ્લેબ અચાનક ધરાશાયી થવાની દુર્ઘટના સર્જાઈ હતી. આ દુર્ઘટનાની જાણ થતાં જ સ્થાનિક વહીવટીતંત્ર, પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી.

નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ઘટનાસ્થળ તેમજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની રૂબરૂ મુલાકાત લઈ સમગ્ર પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. તો બીજી તરફ આરોગ્ય રાજ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા અને ઇજાગ્રસ્તોને શ્રેષ્ઠ સારવાર માટે નિષ્ણાત તબીબોને તહેનાત કરી જરૂરી સૂચનાઓ આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે દુર્ઘટનામાં ૧૫ જેટલા શ્રમિકો ઈજાગ્રસ્ત થયા હોવાની પ્રાથમિક વિગતો પ્રાપ્ત થઈ છે. જેમાંથી બે શ્રમિકો સ્વસ્થ હોવાથી રજા આપવામાં આવી છેઅને બાકીના તમામ શ્રમિકોની હાલ સારવાર ચાલી રહી છે.

સંઘવીએ જણાવ્યું હતું કે દુર્ઘટના બનતાં જ ગાંધીનગર મહાનગરપાલિકા, ફાયર બ્રિગેડ તેમજ સંબંધિત આપત્તિ વ્યવસ્થાપન ટીમો દ્વારા યુદ્ધના ધોરણે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. કાટમાળ નીચે દટાયેલા શ્રમિકોને સુરક્ષિત બહાર કાઢવા માટે આધુનિક સાધનો અને ક્રેનની મદદ લેવામાં આવી હતી.

દુર્ઘટનાનો ભોગ બનેલા તમામ ઇજાગ્રસ્ત શ્રમિકોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તબીબોની વિશેષ ટીમ દ્વારા તમામ ઇજાગ્રસ્તોને તાકીદની સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

આ બાંધકામ સ્થળે સલામતીના નિયમોનું પાલન થયું હતું કે કેમ તેમજ સેન્ટિંગ સ્લેબ તૂટવા પાછળ ગુણવત્તા કે અન્ય કોઈ ક્ષતિ જવાબદાર છે કે નહીં તેની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે સંબંધિત અધિકારીઓને આદેશ આપવામાં આવ્યા છે.

તપાસ બાદ નિયમ મુજબ જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સમગ્ર પરિસ્થિતિ પર જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. ■

# અમદાવાદમાં રિક્ષા-ટેક્સી ચાલકોની હડતાળ મિશ્ર પ્રતિસાદ બાદ પૂર્ણ, મુસાફરો ચાર દિવસ પરેશાન થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)



અમદાવાદ : અમદાવાદમાં રિક્ષા અને ટેક્સી ચાલકો દ્વારા તારીખ ૭ સપ્ટેમ્બરથી હડતાળ શરૂ કરવામાં આવી હતી. આ હડતાળને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. તારીખ ૭ સપ્ટેમ્બરથી ૧૦ સપ્ટેમ્બર સુધી ચાલેલી હડતાળ મિશ્ર પ્રતિસાદ બાદ પૂર્ણ થઈ ગઈ હતી. કેટલાક રિક્ષા ચાલકો અને ટેક્સી ચાલકોએ હડતાળને સમર્થન આપ્યું હતું. જ્યારે કેટલાકે રોજની કમાણીથી ગુજરાન ચાલતું હોવાથી હડતાળ નથી પોસાતી તેવું કહીને પોતાનું કામ ચાલુ રાખ્યું હતું. જો કે, આ દરમિયાન કેટલાક રિક્ષા ચાલકોએ અન્ય ડ્રાઈવરોને પરાણે હડતાળમાં સામેલ કરવાનો પ્રયત્ન કર્યો હતો. જેમાં પછી પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હોવાના અહેવાલો મળ્યા હતા. આ હડતાળના કારણે લોકોએ પરેશાની વેઠવી પડી હતી અને અમુક રિક્ષાચલાકોએ પણ લૂંટ ચલાવી હતી. બીજી બાજુ એએમટીએસ અને બીઆરટીએસની બસોમાં મુસાફરોની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો. ખાસ કરીને સવારે નોકરી-ધંધા માટે જતા લોકો, વિદ્યાર્થીઓ અને દરદીઓને રિક્ષાની હડતાળને કારણે મુશ્કેલીઓ ભોગવવી પડી હોવાની ફરિયાદો થતી હતી. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે ૧૦ સપ્ટેમ્બરે ઉબેર કંપનીએ રિક્ષાના અલગ અલગ સંગઠનો અને ટેક્સીના અલગ અલગ સંગઠનોના આગેવાનોને ચર્ચા માટે બોલાવ્યાં હતાં. આ દરમિયાન ઉબેર કંપની દ્વારા આ લોકોની કેટલીક માંગણીઓને સ્વીકારવામાં આવી હતી, જ્યારે કેટલીક માંગણીઓ પર ચર્ચા કરવામાં આવશે તેવું જણાવ્યું હતું. જો કે, બાકી રાઇડ-શેરિંગ કંપની સાથે સંગઠનોની કોઈ બેઠક થઈ હોવાનું જાણવા મળ્યું નથી. આ તમામ મિશ્ર પ્રતિસાદ અને માંગણીઓ સાથે હડતાળ પૂર્ણ કરી દેવામાં આવી હતી. ■

# ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક પસાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : મહેસૂલ વિભાગ દ્વારા ખેડૂતો, સામાન્ય નાગરિકો અને કાયદેસર હક ધરાવતા ખરીદનારાઓના હિતમાં મહેસૂલ વિભાગ વતી કેબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલ દ્વારા ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૨૬ ગુજરાત વિધાનસભા સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેને વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું હતું.

સરકારી કચેરીઓમાં ખેતીની જમીનના વેચાણ અંગેની નોંધ પ્રમાણિત કરાવવા માટે સામાન્ય નાગરિકો અને ખેડૂતોને ઘણા દિવસો સુધી રાહ જોવી પડતી હતી. જેના કારણે તેમના સમય અને શક્તિનો વ્યય થતો હતો. સરકારી પ્રક્રિયાઓની જટિલતાનો લાભ ઉઠાવીને કેટલાક લેભાગુ તત્વો બિનજરૂરી અરજીઓ અને બોગસ વાંધાઓ ઊભા કરી સામાન્ય નાગરિકો અને ખેડૂતોને હેરાન કરતા હતા તેમજ તેમનું શોષણ થતું હતું.

આ વિલંબનો કાયમી અંત લાવવા માટે રાજ્ય સરકારે આ કાયદાકીય સુધારો હાથ ધર્યો છે. ઈ-ધરા જેવા ડિજિટલ માધ્યમોથી જમીન વહીવટમાં પારદર્શિતા લાવ્યા બાદ હવે આ કાયદાકીય સુધારા દ્વારા વચેટિયાઓ અને નાગરિકોને બિનજરૂરી હેરાન કરનારા તત્વોના રસ્તા બંધ કરવાનો હેતુ છે. વિધેયક લાવવા પાછળનો હેતુ સ્પષ્ટ કરતાં તેમણે કહ્યું કે સાચા અને સ્પષ્ટ વેચાણ વ્યવહારો કરનાર નાગરિકો અને ખેડૂત ભાઈઓના હિતોનું રક્ષણ કરવા આ સુધારો લવાયો છે. ■

# નેપાળ જળપ્રલયઃ ગુમ ગુજરાતીઓની ઓળખ માટે ૨૯ પરિવારના ડીએનએ સેમ્પલ લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : નેપાળમાં આવેલા ભયાનક પૂરમાં ગૂમ થયેલા ગુજરાતનાં વતનીઓ અને બિન-નિવાસી ગુજરાતીઓ (એનઆરજીને શોધવા માટે રાજ્ય સરકારે શરૂ કરેલી ડીએનએ સેમ્પલ એકત્રિત કરવાની કામગિરી પુરી થવા આવી છે.

રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર કુલ ૩૦ લોકો નેપાળમાં પૂર પછી સંપર્ક વિહોણા છે. આ ૩૦ લોકોમાંથી ૨૯નાં પરિવારજનોના ડીએનએ સેમ્પલ એકત્ર કરવાની પ્રક્રિયા ગુજરાત સરકારે પૂર્ણ કરી છે. બાકી રહેલા એક કેસમાં પણ પ્રક્રિયા ચાલી રહી છે.

એકત્રિત કરવામાં આવેલા સેમ્પલનું પ્રોફાઇલિંગ કરવામાં આવી રહ્યું છે, જેથી અચાનક આવેલા વિનાશક પૂરમાં મૃત્યુ પામેલા લોકોના મળી આવેલા મૃતદેહો અને માનવ અવશેષોની ઓળખ કરી શકાય.

સામાન્ય વહીવટ વિભાગના એનઆરઆઈ ડિવિઝન હેઠળ કાર્યરત ગુજરાત સ્ટેટ નોન-રેસિડન્ટ ગુજરાતીઝ ફાઉન્ડેશન (એનઆરજીએફ) દ્વારા ડીએનએ સેમ્પલ એકત્ર કરવાની સમગ્ર પ્રક્રિયાનું સંકલન કરવામાં આવી રહ્યું છે. સાથે જ ગુમ થયેલા લોકોની ઓળખ માટે જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવામાં પરિવારોને માર્ગદર્શન અને સહાય આપવામાં આવી રહી છે.

નેપાળ સરકારે ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ભોટ કોશી નદી વિસ્તારમાં આવેલા અચાનક પૂરમાં મળી આવેલા મૃતદેહો અને માનવ અવશેષોની ઓળખ માટે ડીએનએ પ્રોફાઇલિંગની પ્રક્રિયા શરૂ કરી છે.

આ દુર્ઘટનામાં સેંકડો લોકોનાં મોત થયા હતા, હજારો લોકો વિસ્થાપિત થયા હતા અને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, અમદાવાદ, આણંદ, બનાસકાંઠા, ખેડા, ગાંધીનગર, સુરત, વલસાડ, રાજકોટ સહિત ગુજરાતના અન્ય વિસ્તારોના લોકો ગુમ થયેલા અથવા સંપર્કવિહોણા હોવાના અહેવાલો છે. ઘણા પ્રવાસીઓ મૂળ ગુજરાતના, પરંતુ વિદેશોમાં સ્થાયી થયેલા પણ હતા. આ પૈકીના કેટલાક લોકો વિવિધ ટ્રાવેલ એજન્સીઓ અને અલગ-અલગ માર્ગો મારફતે કૈલાશ માનસરોવર યાત્રા માટે નેપાળ ગયા હતા. ■

# અમદાવાદ કરતા સુરતમાં મહિલાઓ સાથેના દુષ્કર્મ-છેડતીના કેસ વધારે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાત સામાન્ય રીતે મહિલાઓ માટે સુરક્ષિત રાજ્ય માનવામાં આવે છે, પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી રાજ્યમાં મહિલાઓની જાતીય સતામણી અને દુષ્કર્મના કેસમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. સુરત અને અમદાવાદ બન્ને શહેરમાં ગુનાખોરી અને મહિલાઓ સાથે આચારાતા ગુનાઓમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. તેવામાં અમદાવાદ કરતા સુરતમાં બળાત્કારના કેસ વધારે નોંધાયા હોવાની માહિતી વિધાનસભામાં પૂછવામા આવેલા એક સવાલના જવાબ પરથી જાણવા મળી હતી.

ગુજરાત વિધાનસભામાં આંકલાવના ધારાસભ્ય અને ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ કમિટીના પ્રમુખ અમિત ચાવડાએ અમદાવાદ અને સુરત શહેરમાં ગુનેગારોને પકડવા અંગે પ્રશ્ન પૂછ્યો હતો.

અમિત ચાવડાએ પૂછ્યું હતું કે તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ અમદાવાદ શહેર - સુરત શહેરમાં છેલ્લા એક વર્ષમાં ચોરી, લૂંટ, બળાત્કાર, હત્યા, છેડતી, અપહરણ, ખંડણી, દારૂ - જુગાર, સાયબર ફ્રોડની કેટલી ફરિયાદો નોંધાઈ છે. ઉકત સ્થિતિએ કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા છે અને કેટલાને પકડવાના બાકી છે, અને બાકી ગુનેગારોને પકડવા શું કાર્યવાહી કરવામાં આવી રહી છે.

અમિત ચાવડાના સવાલનો જવાબ આપતાં સરકારે જણાવ્યું કે, અમદાવાદમાં ચોરીના ૨૮૬૦, લૂંટના ૫૬, બળાત્કારના ૨૮૯, હત્યાના ૮૩, છેડતીના ૧૧૭, અપહરણના ૨૨૫, ખંડણીના ૧૦, દારૂના ૧૨,૮૮૯, જુગારના ૧૪૯૫ અને સાયબર ફ્રોડના ૪૯૫ કેસ નોંધાયા હતા. જ્યારે સુરતમાં ચોરીના ૧૨૭૫, લૂંટના ૫૪, બળાત્કારના ૩૩૧, હત્યાના ૧૧૫, છેડતીના ૧૩૪, અપહરણના ૨૯૭, ખંડણીના ૧૦૮, દારૂના ૮૫૫૬, જુગારના ૧૧૩૭ અને સાયબર ફ્રોડના ૩૩૩ કેસ નોંધાયા હતા.

આ અમદાવાદમાં બળાત્કારના ૨૮૯ કેસ સામે સુરતમાં ૩૩૧ કેસ નોંધાયાનું પ્રકાશમાં આવ્યું છે. આ સાથે અમદાવાદમાં છેડતીના નોંધાયેલા ગુનાની સંખ્યા ૧૧૭ છેજ્યારે સુરતમાં ૧૩૪ છે. જોકે બન્ને શહેરનો આંકડો ચિંતા જગાવનારો છે.

ઉપરોક્ત સ્થિતિએ ૩૮,૮૭૭ ગુનેગારોનો પકડવામાં આવ્યા હતા, જ્યારે ૭૨૫ ગુનેગારો પકડવાના બાકી છે. બાકી ઇસમોને પકડવા, મિત્ર વર્તુળ, સગા સંબંધીઓમાં તપાસ કરાવવામાં આવી છે, મોબાઇલ તેમજ ટેકિન્કલ સર્વેલન્સ આધારે આરોપીઓ વિશે માહિતી મેળવવાની કાર્યવાહી કરવામાં આવી છે તેમજ બાતમીદારો થકી પણ આરોપીઓની તપાસ કરવામાં આવી છે.

સાયબર ફ્રોડને લગતા બાકી ગુનેગારોને પકડવા માટે, બેંક કેવાયસી, બેંક સ્ટેટમેન્ટ તેમજ સ્ટેટમેન્ટમાં થયેલા ટ્રાન્જેક્શનોની વિગતો, મોબાઇલ એસ.ડી.આર, સી.ડી.આરની વિગતો, આઈ.પી એડ્રેસના આધારે આરોપીની તપાસ કરવામાં આવી છે.રાજ્ય બહારના આરોપીઓ માટે તેમના મોબાઈલ નંબર તથા બેંક એકાઉન્ટનું સતત ટેકનિકલ એનાલિસિસ કરી, અલગ અલગ રાજ્યોમાં અવાર-નવાર ટીમ મોકલી અને અન્ય રાજ્યની પોલીસની મદદ મેળવી તપાસ કાર્યવાહી કરવામાં આવી છે. વિદેશમાં નાસી ગયેલા આરોપીઓને પકડી પાડવા લુક આઉટ સરકર્યુલર કઢાવવામાં આવ્યા છે. ■

# ગુજરાતમાં પૉક્સો કેસમાં પાંચ વર્ષમાં ૧,૭૮૫ ચુકાદા

## ૯૦૮ને આજીવન કેદ અને ૧૬ને ફાંસીની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : સગીરાઓ પર અને બાળકીઓ સાથે જાતીય સતામણીના કેસ વધી રહ્યા છે ત્યારે ગુજરાત સરકારે આ પ્રકારના ગુનાઓમાં ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી હોવાનું જણાવ્યું હતું. સરકારે માહિતી રાજ્યમાં વર્ષ ૨૦૨૨થી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન પોક્સો અદાલતો દ્વારા કુલ ૧,૭૮૫ ચુકાદા આપવામાં આવ્યા છે. જેમાં ૯૦૮ ગુનેગારોને આજીવન કેદ અને ૧૬ નરાધમને ફાંસીની સજા ફટકારવામાં આવી છે. અદાલતી ચુકાદાઓની સંખ્યામાં વર્ષ દર વર્ષે નોંધપાત્ર વધારો થયો છે જેમાં વર્ષ ૨૦૨૨માં ૧૯૪ ચુકાદામાં ૧૦૭ આરોપીઓને આજીવન કેદ, વર્ષ ૨૦૨૫માં ૪૯૯ ચુકાદામાં ૩૪૦ આરોપીઓને આજીવન કેદ, વર્ષ ૨૦૨૬ ઓગસ્ટ સુધીમાં એટલે કે ચાલુ વર્ષે આઠ મહિનામાં ૩૪૬ ચુકાદામાં ૨૪૧ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. નોંધનીય છે કે, માત્ર ઓગસ્ટ મહિનાના એક જ મહિનામાં ૪૮ પોક્સો કેસમાં સજાના ચુકાદા આવ્યા છે તે પૈકી ૩૫ને આજીવન કેદની સજા ફટકારાઈ છે.છેલ્લા પાંચ વર્ષમાં ૧૪૦ પોક્સો ગુનામાં પોલીસે એક દિવસથી લઈને ૧૫ દિવસમાં ચાર્જશીટ કરી છે. ૧૬થી ૩૦ દિવસમાં તપાસ પૂર્ણ કરીને ૧,૩૩૯ ગુનાઓમાં ચાર્જશીટ કરી દેવાઈ છે. તેવી જ રીતે ૩૧ થી ૪૫ દિવસની ચાર્જશીટ કરી હોય તેવા ૫,૪૬૩ ગુનાઓ છે. જે પોલીસ દ્વારા આ પ્રકારના કેસોમાં દાખવવામાં આવતી ગંભીરતા અને તેમાં તપાસની ઝડપ દર્શાવે છે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું. ■

# અમદાવાદ મનપા સફાળી જાગી પંચાવન પીજીનું કર્યું ઈન્સ્પેક્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : દિલ્હીના સત્ય નિકેતન વિસ્તારમાં પેઈંગ ગેસ્ટહાઉસ તરીકે વપરાતી જૂની ઈમારત તૂટી પડતા સાત જણના મોત નિપજ્ય હતા. આ ઘટના બાદ અમદાવાદ મહાનગરપાલિકાએ શહેરની પીજીનું નિરિક્ષણ કર્યું હતું. મળતી વિગતો અનુસાર મનપાએ ૫૫ પીજીનું નિરિક્ષણ કર્યું હતું અને તેમાંથી એકપણ જોખમી ન હોવાનું તેમણે જણાવ્યું હતું.

નિરીક્ષણ દરમિયાન, અધિકારીઓએ પ્રાથમિક સ્તરે માળખાઓનું મૂલ્યાંકન કર્યું અને ઈમારત માળખાકીય રીતે જોખમી છે કે નહીં તેની ચકાસણી કરી હતી. ઈમારત હાલમાં જોખમી ન હોવા છતાં મકાનમાલિકોને સાબદા રહેવા અને નિયમિત ચકાસણી કરવા તાકીદ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સૌથી વધારે પીજી દક્ષિણ-પશ્ચિમ ઝોન અને પશ્ચિમ ઝોનમાં હોવાનું જાણવા મળે છે. અહીં મનપાએ ૨૦-૨૦ પીજીનું નિરિક્ષણ કર્યું હતું. ■

# અમદાવાદમાં ગણેશોત્સવની તૈયારી કરતા આયોજકો માટે મનપાએ કડક ગાઈડલાઈન્સ જાહેર કરી

## મંડપમાં દર્શનાર્થીઓની ભીડ નિયંત્રિત કરવા વ્યક્તિદીઠ ઓછામાં ઓછી એક ચોરસ મીટર જગ્યા રાખવી ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)



ફોટો : કેદાર દવે

અમદાવાદ : અમદાવાદમાં ગણેશ મહોત્સવની તૈયારી કરી રહેલા આયોજકો માટે અમદાવાદ મનપા દ્વારા ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. ગણેશોત્સવની ધામધૂમથી ઉજવણી થાય તે પૂર્વે જાહેર જનતાની સલામતીને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ જાહેર ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. ગણેશ મંડપ આયોજકો દ્વારા કરવામાં આવતા વિશાળ પંડાલ અને સ્ટેજ નર્માણ વખતે કોઈ દુર્ઘટના ન ઘટે અને જાનમાલની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી તંત્ર દ્વારા કડક દિશા-નર્દિશો જાહેર કરાયા છે.

ગાઈડલાઈન પ્રમાણે ગણેશ મંડપ કે ટેમ્પરરી સ્ટ્રક્ચર શાળા, હોસ્પિટલ, જ્વલનશીલ પદાર્થના ગોડાઉન, ઇલેક્ટ્રિક ટ્રાન્સફોર્મર, હાઇટેન્શન લાઇન કે રેલવે લાઇનથી સુરક્ષિત અંતરે જ બનાવવાના રહેશે. કોઈ પણ કટોકટીની સ્થિતિમાં ફાયર ફાઇટરના વાહનો સહેલાઈથી પહોંચી શકે તે માટે રસ્તાઓ ખુલ્લા રાખવા આદેશ કરાયો છે. મંડપમાં દર્શનાર્થીઓની ભીડ નિયંત્રિત કરવા વ્યક્તિદીઠ ઓછામાં ઓછી ૧ ચોરસ મીટર જગ્યા રાખવી ફરજિયાત છે. આ ઉપરાંત, ઈમરજન્સી સમયે લોકો સહેલાઈથી બહાર નીકળી શકે તે માટે ઓછામાં ઓછા બે 'ઇમરજન્સી એક્ઝિટ' સામસામેની દિશામાં રાખવા તેમજ 'નો સ્મોકિંગ ઝોન' અને 'એક્ઝિટ'ના સ્પષ્ટ સાઈન બોર્ડ લગાવવા જરૂરી છે.

આ સાથે પંડાલની અંદર કે બહાર ફટાકડા ફોડવા, રસોઈ બનાવવી, એલપીજી સિલિન્ડર કે ધૂમ્રપાનના સાધનો રાખવા પર સખત પ્રતિબંધ રહેશે. તમામ ઇલેક્ટ્રિક વાયરિંગ ગવર્મેન્ટ અપ્રુવ્ડ ઇલેક્ટ્રિક ઇજનેર પાસે ચકાસવું પડશે. સમગ્ર ઉત્સવ દરમિયાન ૨૪ કલાક અગ્નિશામક યંત્ર વાપરવાની તાલીમ મેળવેલી હોય તેવા બે વ્યક્તિઓને સ્થળ પર હાજર રાખવા પડશે. એટલું જ નહીં પરંતુ નિયમોના કડક અમલ માટે આયોજકોએ પોલીસ, ટ્રાફિક અને મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી એનઓસી મેળવવાનું રહેશે તેવો નર્દિશ આપવામાં આવ્યો છે. ■

## પાંચ ફેક્ટરીઓ સીલ

# એનાલોગ પનીર સહિતની અખાદ્ય વસ્તુઓ પર સરકારની તવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાત અને મહારાષ્ટ્રમાં એનાલોગ પનીર વેચનારા પણ તવાઈ ચાલી રહી છે. ગુજરાતમાં પનીર સાથે એનાલોગ ચીઝ અને બટર પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ અંગે આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ વિધાનસભા ગૃહને માહિતી આપતા જણાવ્યું હતું કે

ગુજરાતમાં એનાલોગ પનીરના પ્રોડક્શન, વેચાણ અને પરિવહન પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. આ પ્રકારનું પનીર મુખ્યત્વે પામ ઓઇલ અને મિલ્ક પાવડરના મિશ્રણથી બનાવવામાં આવતું હોય છે, જે વાસ્તવમાં પનીર હોતું જ નથી અને તેનાથી ફેટી લિવર જેવી ગંભીર બીમારીઓ થાય છે. આ પ્રતિબંધના કારણે રાજ્યની ઓરિજિનલ અને સ્ટાન્ડર્ડ સહકારી ડેરીઓના પનીર, ચીઝ અને બટરનું વેચાણ વધ્યું છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમમે ઉમેર્યું હતું કે છેલ્લા ૪-૫ મહિનાથી રાજ્યભરમાં ખાસ ડ્રાઇવ ચલાવવામાં આવી રહી છે. ફૂડ પોઇઝનિંગ કે આરોગ્યને ભારે નુકસાન પહોંચાડે તેવા વધુ પડતા કલર કે કેમિકલયુક્ત પ્રોડક્ટ્સના પોઝિટિવ રિપોર્ટ આવતા નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ઊંઝામાં વરિયાળી અને જીરામાં કલર ભેળવતી ૫ ફેક્ટરીઓને તાજેતરમાં સીલ કરવામાં આવી છે. ■

# ગુજરાતમાં શુક્રવારથી સતત ત્રણ દિવસ બેંકો રહેશે બંધ; ૧૫,૦૦૦ કરોડના વ્યવહારો પર થશે અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : રાજ્યમાં આજથી ત્રણ દિવસ બેંકો બંધ રહેશે. ફાઈવ ડે વીકની લાંબા સમયથી પેન્ડિંગ માગણી સહિતની અન્ય પડતર માગણીઓ મુદ્દે મહાગુજરાત બેંક એમ્પલોઈઝ એસોસિએશન દ્વારા શુક્રવારે હડતાળની જાહેરાત કરવામાં આવી છે. આ હડતાળમાં ૭૫,૦૦૦ કર્મચારીઓ જોડાશે. બેંકો બંધ રહેવાથી ૧૫,૦૦૦ કરોડના વ્યવહારો પર અસર થઈ શકે છે. બેંક કર્મચારીઓએ ત્રણ તબક્કામાં હડતાળનું આયોજન કરવામાં આવ્યું છે. સૂત્રોએ જણાવ્યું કે, જો માગણીઓ સ્વીકારવામાં નહીં આવે, તો કર્મચારીઓ ૨૮ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન ફરીથી ત્રણ દિવસની હડતાળ કરશે. તેમ છતાં જો મુદ્દો નહીં ઉકેલાય તો ૨૬ ઑક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળની યોજના પણ તૈયાર છે. ૨૮ થી ૩૦ સપ્ટેમ્બરની હડતાળ સોમવારથી બુધવાર સુધી રહેશે, જેના કારણે બેંકો સતત પાંચ દિવસ બંધ રહેશે, કારણ કે ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરે ચોથો શનિવાર અને રવિવાર હોવાથી નિયમ મુજબ બેંકો બંધ રહેતી હોય છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આ હડતાળના કારણે ગુજરાતમાં આશરે રૂ.૧૫,૦૦૦ કરોડના વ્યવહારો પ્રભાવિત થઈ શકે છે. હડતાળ દરમિયાન રાજ્યભરની લગભગ ૫,૪૦૦ બેંક શાખાઓ બંધ રહેવાની ધારણા છે, જેમાં ૭૫,૦૦૦ કર્મચારીઓ અને અધિકારીઓ ભાગ લેશે. જેના કારણે બેંકના ગ્રાહકોએ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. ■

# રસ્તો પહોળો કરવા અમદાવાદમાં ૮૩ ગેરકાયદે માળખા તોડી પડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : શહેરમાં આડેધડ ઈમારતો અને દુકાન ચણાઈ ગઈ છે. આને લીધે ગીચતા અને ટ્રાફિકની સમસ્યા ઉદ્ભવે છે. મનપા અમુક સમયના અંતરે ડિમોલિશન ડ્રાઈવ ચલાવતી હોય છે ત્યારે હવે રખિયાલ-સરસપુર વોર્ડમાં રસ્તા પહોળા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) એ ગુરુવારે સરસપુર-રખિયાલ વોર્ડમાં ત્રિકમલાલ ક્રોસરોડ્સ અને એવરેસ્ટ ક્રોસરોડ્સ વચ્ચેના પ્રસ્તાવિત રોડ એલાઇનમેન્ટમાં આવતા ૮૩ બિન-રહેણાંક ગેરકાયદે બાંધકામો સામે ડિમોલિશન ઝુંબેશ શરૂ કરી છે. આ કાર્યવાહી ૩૦.૫૦ મીટરના પ્રસ્તાવિત રોડ પહોળાઈ સાથે ૭૦૦ મીટરના પટને આવરી લે છે. મનપા સ્થાનિક પોલીસ બંદોબસ્ત સાથે ડિમોલિશનની કામગીરી હાથ ધરી રહ્યું છે. ■